Date of Publication 10th Posted on Every Month

પરબ

₹ 20

समानो मन्त्रः । (ऋग्वेद)
समानी प्रपा । (अथर्ववेद)

તંત્રી : યોગેશ જોષી

ઑક્ટોબર : ૨૦૨૦
વર્ષ : ૧૫, અંક : ૪

ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો



ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૧
(ઈ. ૧૧૫૦-૧૪૫૦) પ્રાચીનકાળ
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનભાઈ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૪+૩૧૨, કિંમત રૂ. ૨૧૦/-

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨/ખંડ-૧
(ઈ. ૧૪૫૦-૧૬૫૦) મધ્યકાળ
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનભાઈ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+૪૯૨, કિંમત રૂ. ૨૮૦/-





ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨/ખંડ-૨
(ઈ. ૧૬૫૦-૧૮૫૦) મધ્યકાળ
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+૩૯૫, કિંમત રૂ. ૨૫૦/-

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૩
(દલપતરામથી કલાપી)
પ્રથમ આવૃત્તિ : સંપા : ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. : રમણ સોની
પાકું પૂઠું : પૃ. ૧૬+૬૫૬, કિંમત રૂ. ૫૦૦/-





ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૪
પ્રથમ આવૃત્તિ સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ સહાયક સંપાદક ચિમનલાલ ત્રિવેદી
શોધિત વર્ધિત આવત્તિ સંપાદક : રમણ સોની
પાકું પૂંઠું પૃ. ૧૬ + ૬૦૦ કિંમત રૂ. ૫૫૦/-

समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૫ ઑક્ટોબર : 2020 અંક : ૪

પરામર્શનસમિતિ

સિતાંશુ યશશ્ચન્દ્ર
પ્રમુખ

કીર્તિદા શાહ
પ્રકાશનમંત્રી

તંત્રી
યોગેશ જોષી

ગુજરાતી સાહિત્ય પરિષદ

મેઘાણી જ્ઞાનપીઠ ❖ ક. લા. સ્વાધ્યાયમંદિર

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭ • Email : gspamd123@gmail.com

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી ₹ ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

Parishad Email : gspamd123@gmail.com

E-mail : **parabgsp@gmail.com** vruttparabgsp2018@gmail.com

Web-site : www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭

www.gujaratisahityaparishad.com

પરબ ISSN : 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : કીર્તિદા શાહ (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ * તંત્રી : યોગેશ જોષી * મુદ્રણસ્થાન : ભગવતી ઑફસેટ, અમદાવાદ-૩૮૦૦૦૬

અનુક્રમ

પ્રમુખીય : દ્વિદલ પર્ણ, સિતાંશુ યશશ્ચન્દ્ર 6

કવિતા : ત્રણ કાવ્યો, ચન્દ્રકન્ત ટોપીવાળા 13 ઓગણીસો અઢાર, ઉદયન ઠક્કર 15 ત્રણ કાવ્યો, રાજેન્દ્ર પટેલ 18 મોજાં, સત્યજિત શર્મા 19 કાચી માટીની કુલડીમાં, પંચમ શુક્લ 21 બે ગઝલ, સુધીર પટેલ 21 પોંખજો, ગુણવંત ઉપાધ્યાય 22 મિજાજ !, હસમુખ અબોટી 'ચંદન' 23 બટકણી આંખોનાં દશ્ય, કિરણ વી. મહેતા 23 ગણીને, લિપિ ઓઝા 24 સ્વીકારી છે, પૂર્વી અપૂર્વ બ્રહ્મભટ્ટ 25 અ-શીર્ષ, ડૉ. હિતાંશુ ભટ્ટ 25

વાર્તા : પપ્પાનું ઘર, સ્વાતિ મહેતા 27 પિંડ, પૂજન જાની 35

લલિત ગદ્ય : વાદી રમ, વર્ષા અડાલજા 42

અનુવાદ : પાંચ કાવ્યો, અશ્વિની કુમાર (અંગ્રેજી પરથી અનુવાદ) કમલ વોરા - 47

આસ્વાદ : સુભાષિત સ-રસ-વતી ધારા ! હાહાકાર મચ્યો !, વિજય પંડ્યા 51 અતીતનાં પાનાં એકાન્તમાં ઉકેલતા પ્રફુલ્લ કવિ…, રાધેશ્યામ શર્મા 54

શતાબ્દી વંદના : સ્વ. કવિ જયન્ત પાઠકની જન્મશતાબ્દીએ પુણ્યસ્મરણ (તા. ૨૦-૧૦-૨૦), વિજય શાસ્ત્રી 58

પ્રસ્તાવના : 'ફાર્બસવિરહ' : દલપતરામની વિરલ આત્મલક્ષી કાવ્યરચના, રમણ સોની 64

શ્રદ્ધાંજલિ : વિદાય ડૉ. નટવરસિંહ પરમારની, હિમાંશી શેલત 74 સંનિષ્ઠ સારસ્વત શ્રી મોહનભાઈ પટેલ, ગિરિમા ઘારેખાન 77

સમીક્ષા/ગ્રંથાવલોકન : હેરિટેજ અમદાવાદની ખરી ઓળખ કરાવતો સંદર્ભગ્રંથ, પરીક્ષિત જોશી 79

સાહિત્યવૃત્ત : સંકલન : પરીક્ષિત જોશી 82

આવરણચિત્ર સંદર્ભનોંધ : પીયૂષ ઠક્કર 83

પત્રસેતુ : થોભણ પરમાર 85 ડંકેશ ઓઝા 86

આ અંકના લેખકો : 87

આવરણ : અમિત કલ્લા

દ્વિદલ પર્ણ

સિતાંશુ યશશ્ચન્દ્ર

લેખાંક-૨

૧. સંસ્થાઓ અને સત્તા : એક સંબંધ-મીમાંસા

પ્રિય વાચક, 'સર્જકતા, સ્વાયત્તતા અને સંસ્થાઓ' વિશે ગતાંકે શરૂ કરેલા વિમર્શમાં જે એક સંજ્ઞા હવે વિચારવી જોઈએ એ છે 'સત્તા'. સત્તાની રાતી આંખ સામી મંડાય ત્યારે નજર ઝુકાવનારને સાહિત્યકાર તરીકે સ્વીકારનાર સમાજ પોતાનું સ્વમાન, સ્વાતંત્ર્ય અને સર્જકતા વહેલાં-મોડાં ગુમાવી બેસે છે. સ્વમાન માટેની ખેવના અને પોતીકી સર્જકતા ગુમાવી બેઠેલો સમાજ વહેલો-મોડો પોતાનું રાજકીય (ધાર્મિક અને આર્થિક) સ્વાતંત્ર્ય પણ ગુમાવી બેસે. આ વિશેના વિમર્શને અહીં આગળ વધારીએ.

આ સંદર્ભે અહીં 'સત્તા' એટલે 'પાવર'. રાજ્યની (અને ધર્મની, અર્થકારણની) સત્તા, એનો 'પાવર'. પણ 'રાજ્ય' એટલે શું ? 'રાજ્ય' વિશેનો આધુનિક ગુજરાતી વિમર્શ ત્રણ પગલે, જાણે વામનમાંથી વિરાટ બનતો, આગળ વધ્યો છે, એ જોઈએ : 'રાજ્ય' શબ્દનો મૂળ અર્થ કવિ નર્મદે 'રાજ્યરંગ' (૧૮૭૧-૭૬) પુસ્તકમાં જે તારવ્યો છે એ ભૂલવા જેવો નથી - પ્રજાએ અને રાજ્યે, બન્નેએ યાદ રાખવા જેવો છે. નર્મદ એને - રાજ્' ધાતુ સાથે જોડે છે. 'રાજવું' એટલે 'શોભવું'. રાજ્યસત્તા ક્યારે શોભે ? જ્યારે એ સંસ્થાનવદી ન હોય, સ્વરાજવાદી હોય ત્યારે. જ્યારે એ સંસ્થાનવાદી રીતે વર્તે ત્યારે એ શોભે નહીં, વરવી લાગે.

નર્મદના સમયમાં રાજ્યસત્તા નિર્લજ્જપણે સંસ્થાનવાદી હતી. આપણા સમયમાં એ થોડીક સલજ્જપણે સંસ્થાનવાદી વર્તન કરે છે કે કેમ, એ 'સ્વ-રાજ' સાચવવા માટે જોતા-તપાસતા રહેવું જોઈએ. એ સાહિત્યનું નર્મદ-દીધું એક પાયાનું કામ ગણાય.

નર્મદના સમયની વિદેશી વિજેતા સત્તા નિર્લજ્જપણે માનતી કે આપણા દેશની પ્રજા જાતે વિચાર કરી શકે, પોતાની સમાજવ્યવસ્થા જાતે ચલાવી શકે એટલી પુખ્ત નથી. એ બાલિશ પ્રજાની રાજ્યવ્યવસ્થા, વ્યવહારવ્યવસ્થા અને, ખાસ તો, વિચારની અને સંવેદનની વ્યવસ્થાઓ ચલાવી આપવાનું કામ એ વિદેશી રાજ્યસત્તાએ, સીધું અથવા પોતાનાં પ્યાદાં વડે કરી આપવું પડે એમ છે, એવું એ સંસ્થાનવાદી સત્તા અને એના ક્રિતદાસો માનતા-મનાવતા. વિચારવાનું અને વ્યવસ્થાઓ, સંસ્થાઓ ચલાવવાનું કામ તો ગોરા શાસકોએ અને એમના હાથાઓએ જ કરવું પડે, નહીં તો એ ભોળી

(બાલિશ) પ્રજાનું અહિત થાય, એવા વિમર્શને એઓ ‘વ્હાઇટ મેન્સ બર્ડન’, ‘ગોરાઓએ ઉઠાવવાનો બોજો’ એ નામે ઓળખાવતા !

દાદાભાઈ નવરોજી (૧૮૨૫-૧૯૧૭) નામના એક ગુજરાતીએ, નર્મદે ‘રાજ્યરંગ’ લખ્યું તે પછી થોડાક જ દશકોમાં, દસ્તાવેજી પુરાવાઓ સાથે જાહેરમાં દર્શાવ્યું કે ગોરી સંસ્થાનવાદી રાજ્યસત્તા જે ‘વ્હાઇટ મેન્સ બર્ડન’ ઉઠાવે છે એ ભારતમાંથી વિલાયતમાં લઈ જવાતી અપાર ધનદોલતની ગાંસડીઓનો બોજો હતો ! (જુઓ : એમનું પુસ્તક, Poverty and Un-British Rule in India, 1902. એના મૂળમાં દાદાભાઈનું એક વ્યાખ્યાન, ૧૮૭૬-નું).

નર્મદે ગુજરાતને, દાદાભાઈએ યુરોપને જે વાત કહી તે વાત ત્રીજે પગલે, ૧૯૦૯માં ગાંધીએ ‘હિંદ સ્વરાજ’-માં જગતને કહી. સુજ્ઞ વાચક, તું એથી પરિચિત હશે જ. ગુજરાતની સંસ્કૃતિનાં આ ત્રણ વિરાટ પગલાં આજે વિસારે ન પાડીએ, સાથીઓ.

અઢારમી સદીના અમીચંદ જેમ કે ઓગણીસમી સદીના ‘રાજમાન રાજેશ્રી’ઓની જેમ, આ એકવીસમી સદીમાં હવે સ્વાર્થાંધ થઈને આજે આપણે પારોઠનાં પગલાં ભરીશું ? કે સ્વદેશ-વાત્સલ્યથી, આત્મ-સન્માન સાચવીને, આગેકદમ (જરૂર પડ્યે ફનાના પંથ પર આગેકદમ) કરવાનું કૌવત અને હિંમત કેળવીશું ? રણજિતરામની, ગોવર્ધનરામની, ગાંધીની અને ઉમાશંકરની ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ તે પ્રજાની સર્જકતાનાં આવાં પાયાનાં પરિબળોને ઓળખવા-ઓળખાવવાનું સ્થાન, એની દૃષ્ટિવંત અને નિર્ભય સર્જકતાની વાઙ્મય કેળવણીનું કેન્દ્ર — ન કે આજના ‘બ્રાઉન મેન્સ બર્ડન’-નાં જૂઠાણાંને સાચું ગણાવવાની ખુશામતખોરી કરતા વાઙ્મય-વાણિજ્ય-નિપુણોનું નવું સરનામું.

મકાનો તો સાહિત્યિક સંસ્થાઓનો અન્નમય કોષ. એ અલબત્ત જરૂરી. પણ સંસ્થાઓનો પ્રાણમય કોષ, આનંદમય કોષ, એ તો એની સ્વાતંત્ર્યપ્રીતિ, સ્વાયત્તતા વિશેની એની સાચી સમજણ. એનું જે જતન કરે એ રાજ્ય, નર્મદે કહ્યું છે એ રીતે, ‘રાજે’, શોભે, દીપી ઊઠે. એના પ્રાણને હણે અને એના શબને શણગારે, એ તો કોલોનિયલ પાવર. ગોવર્ધન ભવનના પ્રાણમય, આનંદમય કોષને રક્ષવા, પોષવા, વિસ્તરવાનું કામ આપણે રખે વીસરીએ.

- પરાયત્તતાનાં મહાલયો રજધનીમાં જણાશે, એવી નિર્લજ્જ જાહેરાતો કરનારાઓને કહેવાનું : ભલે, ‘રચો રચો અંબરચુંબી મંદિરો’.

ગફલત થઈ હોય તો એ સુધારી, આપણું રાજ્ય ફરી રાજે, શોભે, સ્વરાજનું રક્ષણ અને જતન કરે, એ શુભેચ્છા.

*

પાશ્ચાત્ય સંસ્કૃતિનાાં મજબૂત ફેફસાંનું કામ આજ સૈકાઓથી કરનાર પૅરિસ શહેરની પ્રમુખ વિદ્યાસંસ્થા, ‘કૉલેજ દ ફ્રાંસ’માં આવી મીમાંસા કઈ રીતે વખતોવખત થતી રહે છે, એનું એક ઉદાહરણ છે ૧૯૭૫-૭૬ની સાલમાં વિચારક મિશેલ ફૂકોએ આપેલાં

જાહેર વ્યાખ્યાનો. એમનો વિષય હતો, 'સોસાયટી મસ્ટ બી ડીફેન્ડેડ'. એ વિચારકે કહ્યું છે તેમ 'People know what they do; frequently they know why they do what they do; but what they don't know is what what they do does.' 'Madness and Civilization'માંથી.) શું કરીએ છીએ, જે કરીએ છીએ એ કરવાનાં આપણાં પોતીકાં કારણ કયાં અને કેવાં છે, એટલું જાણ્યે વાત પૂરી થતી નથી. જે કરીએ છીએ એનાં વ્યાપક પરિણામ શાં અને કેવાં આવે છે, એની, 'વૉટ, વૉટ ધે ડૂ, ડઝ' એની, દૂરંદેશીભરી મીમાંસા કરતા રહેવું એ સંસ્કૃતિને સત્તાપ્રમત્તતામાંથી જુદી તારવવા માટે જરૂરી છે. સમાજ આપબળે, પોતાની સ્વાયત્ત સંસ્થાઓ વડે, સ્વસ્થ, સશક્ત અને સાચી સર્જકતાભર્યો બને એ માટે જરૂરી છે. પ્રજાગત સંસ્થાઓના ધણીઓ થવાની કેટલાકોની ધખનાથી, એવા 'લેખકો' અને 'વિચારકો'ના પેંતરાઓ સામે, પેલો ઇતિહાસજ્ઞ વિચારક કહે છે તેમ 'સોસાયટી મસ્ટ બી ડીફેન્ડેડ'. એ 'ડિફેન્સ'માં જોડાય એ રાજ્ય રાજે, એ પ્રજા પ્રાણવંત બને, એ સાહિત્ય વિશ્વના મંચ ઉપર પોતાનો અવાજ, આપણો, ગુજરાતી અવાજ સંભળાવવા સક્ષમ બને. સર્વને સાબદા રહેવાની શુભેચ્છા.

*

૨. સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

લેખાંક : ૩૦

પ્રજા-પ્રાણ-શક્તિની વાત રમત રમતમાં કરી શકતી એક કવિતા : 'શરારતી બચ્ચા'

એક સાવ સરળ (અને ખસી સંકુલ, અને સાથે થોડી તોફની) કૃતિની વાત આજે કરવી છે, પ્રિય ભાવક. કેવી રચના છે આ ? સહસા જાણે 'હાઉક' કરીને બહાર આવતું કોઈ 'બદમાશ' બાળક ! ('હાય ! લુચ્ચા, ડરી ગઈ એવી હું તો, હં !' એવું ખૂબ વહાલથી જેને ભાવક ચેતના, જશોદા જેવો ક્રોધ કરીને કહી ઊઠે એવું તોફાની !) એવી મને લાગેલી આ રચનાની વાત એના પાઠથી શરૂ કરીએ !

તોફાની છોકરો / વિશ્વનાથ પ્રસાદ તિવારી

શિયાળાની ટાઢીબોળ સવારે
થનગનતે પગલે
જાય છે આ છોરો

પીઠ ઉપર દફતર લઈને,
જાણે લાદી દીધી છે આખી ધરણી,
જાય છે આ છોરો

પ્રાતઃભ્રમણ કાજે નીકળેલા
મરિયલ રાજપુરુષો
અને ડુંડાળી મહિલાઓને

પોતાનાં મોંઢાં બનાવીને ચીઢવતો

મંદિર પર મસ્જિદ પર
માટીના ઢેખાળા ફેંકતો
જાય છે આ છોરો

સ્કૂલ પ્રત્યે પાછો આવશે એ
જશે ખેલના મેદાનમાં
લંગડી લગાવશે ભાઈબંધોને
ચૂંટિયા ભરી લેશે લાગ આવતાં
સીટી વગાડશે
ખીજવશે ગુરુજનોને વૃદ્ધજનોને

આ ખેપાની છોકરો
ખેલ ખેલમાં બનાવી લેશે
રાજા, રાણી, મંત્રી, સિપાઈ,
છોડી દો, પિતાજી
જવા દો આ તોફાની છોરાને
મારો નહીં એને

આવતા રાજપર્વે
જ્યારે રાજપથે નીકળશે રાજવી નિર્વસ્ત્ર
અને એમનાં અદૃશ્ય અલૌકિક વસ્ત્રોનો
ગજવશે જયજયકાર
પ્રજ્ઞાચક્ષુ કલાકારો
ત્યારે આ છોરો જ તો ટોકશે તીણે મોટ્ટે અવાજે
‘અરે, આ રાજા તો નાગો છે’.

(અનુ. સિ. કવિ સાથે ફોન પર પાંચ તળપદા હિંદી શબ્દોની અર્થછાયાઓની ચર્ચા કરીને.)

*

પ્રિય વાચક, એક વાત શરૂઆતે જ કહી દઉં ? તિવારીજી જો આખો વખત ફક્ત ભેડિહારીમાં રહ્યા હોત, કે માત્ર ગોરખપુરમાં, કે કેવળ દિલ્લીમાં તો આ કવિતા એ લખી શક્યા ન હોત ! મારવી છે બેટ ? – ના, ના. સૉરી. વાચકસાહેબ, સાચી વાત તમારી : આમ ભેડિહારી-બેડિહારી, બેટ-વેટ ને તિવારીજી કર્યા કરું શરૂઆતે જ, તો કોઈને કશું સમજાય નહીં. સૉરી. આ કવિતામાં આવતા તોફાની છોકરાના મૂડમાં હું આ ઉંમરે પણ આવી ગયો ! વળી એ પણ ખરું કે એમાં આલેખાયેલો લૅન્ડ સ્કેપ પણ સવાલો કરાવે એવો છે !

‘શિયાળાની ટાઢીબોળ સવારે / થનગનતે પગલે / જાય છે આ છોરો’, જોયું ? સમય તો સમજાયો, ઉત્તર ભારતના શિયાળાની વહેલી સવાર. પણ સ્થળ ?

આ છોકરો જ્યાં ચાલે છે એ જગ્યા, કઈ, કેવી, ક્યાંની છે, એ વાતે, ટુ બી ફ્રૅન્ક, હું જરા મૂંઝાણો છું. એમાં આ બોલી ગયો, તમને ! આ રચનામાં આલેખાયેલો લૅન્ડ

સ્કેપ ક્યાંનો એ નક્કી કરવું શા માટે મુશ્કેલ છે, એ આ રચનાનો ‘આધુનિક ઘનપાઠ’ કહેતાં ક્લોઝ રીડિંગ કરતાં કળી શકાય.

શું શું જુએ છે ? માત્ર કવિ ‘દ્રષ્ટા’ જ ? જોનાર ત્રણ કે વધારે જણ છે, ન કે કોઈ એક જ, એ વાત ધ્યાનમાં આવે ત્યારે આ કવિતા જે દેખાડે છે, એનું સ્વરૂપ પણ વધારે સ્પષ્ટતાથી અને ઊંડાણથી જોઈ શકાય.

પહેલી કડીમાં જોનાર છે કવિ/કથક. કવિ ભેગો વાચક પણ જુએ છે : ‘જાય છે આ છોરો’. પણ જોવા જેવું બીજુંયે છે. બીજી કડી વાચકની આંખે વાંચો અને પછી ભાવકની નજરે જુઓ : ‘પીઠ ઉપર દફતર લઈને / જાણે લાદી દીધી છે આખી ધરણી / જાય છે આ છોરો.’ દફતર છે. ભારે છે. આંખે જોવાનું છે, સ્નાયુઓથી પણ એનો ભાર અનુભવવાનો છે. એ રીતે ‘વાંચવાની’ છે આ રચના : આખી ધરણી એને ખભે લાદી છે છતાં થનગનતી ચાલે જાય છે, એ છોકરો.

દૃશ્ય હવે વિસ્તરે છે : ‘પ્રાતઃભ્રમણ કાજે નીકળેલા / મરિયલ રાજપુરુષો / અને ડુંડાળી મહિલાઓ’ હવે કવિને દેખાય છે, ભાવકને એ બતાવે છે. એ બે ઉપરાંત, પોતાની રીતે, ત્રીજું જોનારું છે પેલો છોરો !

છોરાનું શું, નાનકા અમથાનું ? - કોઈ પૂછશે. એનું તો એવું કે એ માત્ર જુએ નહીં, કશુંક કરે. શું કરે ? એવું કરે જે પેલા બીજા બે જોનારા ન કરી શકે, છોરો જ કરી શકે અને કરે. – અરે, સિતાનસુભાઈ, રેવા દ્યો, ગાંઠનું બઉ નો ઉમેરો, બાપલા ! ના, ના, વાચકરાજા ! કવિતામાં જે છે એ જ વંચાણે લ્યો એટલું જ માગું, રાજા ! – ઠીક, રાજા રાજા કરે છો તો જાવા દઈએં છીએં આ વખત. – પ્રિય વાચક, ‘રાજા’ અને ‘એક વાર જવા દેવું’ એ બે બાબતો માટે તારી આગોતરી માફી માગી, સમજાવું કે પેલો કવિતાવાળો નાનકો અમથો છોરો એવું શું જુએ છે અને કરે છે જે કવિતાવાળા બીજા બે નથી જોતા અને કરતા ? પણ, લો, હું હટી જાઉં, તું જ પ્રત્યક્ષ થા કવિતાની આ પંક્તિઓને : ‘પ્રાતઃભ્રમણ કાજે નીકળેલા / મરિયલ રાજપુરુષો / અને ડુંડાળી મહિલાઓને / પોતાનાં મોઢાં બનાવીને ચીઢવતો / ... જાય છે આ છોરો.’ જોયો ? આ ચોથી પંક્તિવાળો છોકરો ? એ ચીજ તો એ જ કરી શકે, ખરું ને ?

ઉપરાંત એ જ કરી શકે, ન કોઈ અન્ય, એવી ચીજો છે, જેની વાત કરવા માટે તો વિશ્વનાથ પ્રસાદ તિવારીજીએ આ કવિતા લખી છે ! એ કામો છે :

‘મંદિર પર મસ્જિદ પર / માટીના ઢેખાળા ફેંકતો / જાય છે આ છોરો. / સ્કૂલ પ્રત્યે પાછો આવશે એ / જશે ખેલના મેદાનમાં / લંગડી લગાવશે ભાઈબંધોને / ચૂંટિયા ભરી લેશે લાગ આવતાં / સીટી વગાડશે ખીજવશે ગુરુજનોને વૃદ્ધજનોને.’

– ‘આવડી ધૂન્ય મચાવે વ્રજમાં, કોઈ નહીં રોકણહાર રે ?’ યાદ આવે છે ને ? તો હાઉં.

પણ અહીં, આ જે વર્ચ્યુઅલ સ્પેસ કહેતાં પ્રતીયમાન પ્રદેશ યા વર્તમાન ભારતીય કવિતાનું આ કાવ્યગત સ્થળ છે, એમાં કોઈ જશોદા ‘મારો કાનો ઘરમં હૂતો’ ને ‘જૂઠી વ્રજની નાર રે’ એમ કહેવા આવતું નથી. અહીં નરીઓ તો રાજધાનીમાં કૌભાંડ-કુશળ

પતિદેવોની 'તોંદિયલ મહિલાઓ' છે. એમની સામે કોઈ રખડેલ છોરાથી મોં બનાવાય ? અને મંદિર અને મસ્જિદ સામે સરખા મસ્ત ભાવથી ઢેફાળા ફેંકાય ? એનો બાપ એને મારવા લે જ ને ?

અને લે જ છે. સત્તાના અને સત્તાખોરોના ગઢ જેવા રાજનગરમાં મૉર્નિંગ વૉક માટે નીકળેલા મહામૂલી શાલો ઓઢી, સ્વેટરો-ટોપીઓ લગાવી આવેલા 'મરિયલ રાજપુરુશોં ઔર તોંદિયલ મહિલાઓં કો' જો વહેલી સવારે સ્કૂલે જવા નીકળેલો, ટાઢે થરથરતો છોકરો મોંઢાં બનાવીને ચીઢવે, તો શું થાય ? 'યહ ખિલદંડ બચ્ચા', એને એનો બાપ પકડે અને મારવા લે. બીજું બાપડો કરેયે શું, એ સારું સ્વેટર દીકરા માટે ખરીદી ન શકતો, પોતાની ગાડી તો શું સ્કૂટર ઉપર પણ સવારની સ્કૂલે ન લઈ જઈ શકતો ગરીબડો બાપ ? રાજધાનીમાં રહેવું ને આ મગરો અને શાર્કો સાથે વેર ? પરવડે નહીં – 'માબાપ, એવા કરું જો હું ચાળા', આ છોરાને છાવરવાના, તો...

પણ હવે એક ઇન્ટરવેન્શન આવે છે, હસ્તક્ષેપ, કવિનો હસ્તક્ષેપ. જુઓ અને સાંભળો : 'છોડ દો પિતા / ઈસ શરારતી બચ્ચે કો / મત મારો.'

આ હસ્તક્ષેપ કરનાર જે છે તે ખરો કવિ છે. ખરો લેખક છે. નહીં કે વરસના બારને હિસાબે, રાજાના પગ પાસે બેઠો બેઠો, પોતાની બાર ને મળતિયાઓની મળતિયા દીઠ બાર બાર, ને રાજા કહે તેવી ચોવીસ ચોપડીઓ પ્રજાને હિસાબે ને જોખમે, વરસે વરસે છપાવ છપાવ કરતા કોઈ હજૂરિયા.

'શરારતી બચ્ચા' એ કવિના હસ્તક્ષેપની કવિતા છે. એટલે જ એ કવિનું સરનામું નક્કી કરવું મુશ્કેલ છે. પ્રિય વાચક, એક વાત ફરી એક વાર કરી લઉં ? તિવારીજી જો આખો વખત ફક્ત ભેડિહારીમાં રહ્યા હોત, કે માત્ર ગોરખપુરમાં, કે કેવળ દિલ્લીમાં તો આ કવિતા એ લખી શક્યા ન હોત ! મારવી છે બેટ ? - ના, ના, દોસ્ત. આ તો થોડી દિલ્લગી, તારી સાથે, આ વિદાય વેળાની આપની બેઠકોમાં ! કેમ કે, રાજાના હજૂર્રિયાઓનું જો ચાલે તો, એમણે આગોતરું ફરમાવ્યું છે તેમ 'નદીની રેતમાં રમતું નગર મળે ન મળે' !

ભેડિહારી પૂર્વી ઉત્તર પ્રદેશનું નાનકડું ગામ, જ્યાં તિવારીજીનો જન્મ, ગોરખપુર, નજીકમાં જ, જ્યાં એમણે અભ્યાસ કર્યો અને અધ્યાપન કર્યું આજીવન, અને હવે (મારાથી એક વરસે એ મોટા) એ જ્યાં નિવાસ કરે છે. અને દિલ્લી ! જ્યાં દેશની બધી ભાષાઓની સાહિત્ય અકાદેમીના એના હજી અકબંધ રહેલા બંધારણ મુજબ ભારતભરના લેખકોની બનેલી સમિતિએ ચૂંટેલા પ્રમુખ, આ ગયા પાંચ વરસ હતા. પણ, પ્રિય અને સુજ્ઞ વાચક, તું જાણે છે કે જેમ આપણા દેશમાં જગ્યાએ જગ્યાએ પોતપોતાની ગંગા છે (દમણ ગંગા અને બાણ ગંગા તો ગુજરાતીઓને જાણીતી) ને સ્થળે સ્થળે પાંડવોની ગુફાઓ છે, તેમ રાજ્યે રાજ્યે અને કદાચ જિલ્લે જિલ્લે દિલ્લી પણ છે જ ને, હવે ?! તો, જે પોતાના ભેડિહારીથી પોતાના દિલ્લી સુધી 'ચેત મછંદર'વાળું ઇન્ટરવેન્શન કરી શકે, કવિનો નિર્ભય-સદય, સ્વાયત્ત-સ્વસ્થ હસ્તક્ષેપ કરી શકે, એવા સશક્ત અને સચા સ્વરોની ખોટ ગુજરાતી ભાષાને, ગુજરાતી સાહિત્યને અને આપણી આ સ્વાયત્ત ગુજરાતી સાહિત્ય

પરિષદને કદી ન પડો.

એ ક્રિએટીવ ઈન્ટરવેન્શનની પોતીકી સર્જકતાને, સચેત વાચક, તું સુપેરે સમજે છે, એટલે આ સૌમ્ય-દૃઢ રચનાનો અંતિમ અંશ, વિના ખલેલ (પણ તને 'રાજા' કહ્યો હતો એ તો આપણી ત્રણેક વરસ જૂની દોસ્તીના મસ્તાના હેતમાં, એ કહી !) તારી પાસે મૂકું :

આવતા રાજપર્વે
જ્યારે રાજપથે નીકળશે રાજવી નિર્વસ્ત્ર
અને એમનાં અદૃશ્ય અલૌકિક વસ્ત્રોનો
ગજવશે જયજયકાર
પ્રજ્ઞાચક્ષુ કલાકારો
ત્યારે આ છોરો જ તો ટોકશે તીણે મોટ્ટે અવાજે
'અરે, આ રાજા તો નાગો છે.'

– આપણો રાજા એની આસપાસ ફરી વળેલા ફૅશન ડિઝાઈનરોએ એમને થોડી વાર તો પહેરાવી દીધેલા ઝરિયાના અને ઝાકઝમાળ વસ્ત્રોમાં હવે તો જાહેરમાં સવારી ન કાઢે, બલ્કે રાજ્યકર્તાને છાજે એ રીતે સાહિત્યની સંસ્થાઓની છીનવાયેલી સ્વાયત્તતાને ફરી કાયમ કરીને સાચવી લે, પોતાને યે, એ અપેક્ષા. રાજવી અને રાજ્ય બન્ને રાજે, ન કે લાજે, એ હૃદયભર શુભેચ્છા સાથે...

સપ્ટેમ્બર ૨૮, ૨૦૨૦
સમા, વડોદરા

❑

ત્રણ કાવ્યો | ચન્દ્રકાન્ત ટોપીવાળા

૧. આ તે શા મુજ હાલ ?

મુંબઈ, મારા ઘર
તારો સાંભળું છું સ્વર, તું કહે છે
‘પાછો ફર, પાછો ફર’

તારો દરિયો છોડી હું નદીમાં ફસાયો છું
તારા ઘાટ છોડી ઘાટ વગર ભટકું છું
તારો ધોધમાર વરસાદ ક્યાં ? ક્યાં અહીંનાં છાંટાપાણી ?
તારો જીવતો કોલાહલ ક્યાં ? ક્યાં અહીંની અધમરી શાંતિ ?
તારી ભીડનો જાદુ ક્યાં ? ક્યાં અહીંની માંદલી મોકળાશ ?
તારી રોનક, તારી ખણક ક્યાં ? ક્યાં અહીંની ઠાવકી ઠમક ?

ચીલ પરથી ઊતરી હું કચ્છપ પર સવાર છું
હવે તો તારા સિવાયનું બધું ઘર કરી ગયું છે
ઘર અહીં ઘર ક્યાં છે ?
તારા નારિયેરીના છત્તરવૈભવ ક્યાં ?
ઊંચા ચણતરો વચ્ચે અકસ્માતે ઊગીને વધી ગયેલા
એકલદોકલ કોક તાડને અહીં ગળે વળગાડું છું.

મુંબઈ, મુંબઈ, મારા મરકતમણિ, આ તે શા મુજ હાલ !
હાલ તો હું બેહાલ
તારી દિશાએથી આવતા વરસાદમાં
તારી ગંધ પારખી લઉં છું
આંખ મીંચું છું ને ઊંડો શ્વાસ લઉં છું.

‘મુંબઈ મારા ઘર
તારો સાંભળું છું સ્વર, તું કહે છે
‘પાછો ફર, પાછો ફર’

હું તારું માછલું
હવે સાવ સૂકું બૂમલું
એ પાછું ફરે તોય ક્યાંથી ફરે ?

તું જ મારા ઘર, હવે તો તું જ
પાછું ફર, પાછું ફર.

૨. પડછાયો

હું જઈશ, તો પડછાયા, તું શું કરીશ ?
મારાથી નિતનો હેવાયો
મારાથી એવો ટેવાયો
હું જઈશ તો પડછાયા તું શું કરીશ ?

મારામાં તું રહે સમાયો
મારામાં તું રહે સવાયો
હું જઈશ તો પડછાયા, તું શું કરીશ ?

અજવાળે તું ફૂલ્યો ફૂલાતો
અંધારે તો સોડ ભરાતો
હું જઈશ તો પડછાયા તું શું કરીશ ?

કહે, જનક છે શું તું મારો ?
કે પછી જનક છું હું તારો ?
હું જઈશ તો પડછાયા, તું શું કરીશ ?

મારી સંગ સદા હોવાનું
સહી શકશે તું મને ખોવાનું
હું જઈશ તો પડછાયા તું શું કરીશ ?

કૈંક કહીશ ? તો, પડછાયા, હું સુખે જઈશ !

૩. હાલ્ય હરિ, હાલ્ય

હાલ્ય હરિ ! હાલ્ય તને ખેતર જઈ ખડકું હું ખાતરની જેમ !
ખાડે પડ્યો તું સર્પો ક્હોવાયા કરતો ને સડતો રહે છે કપાતરની જેમ !

હળને હંકાર્યાં છે
ચાસ ઘણા પાડ્યા છે
બીજ પણ વવાયાં છે
પાણી પણ પાયાં છે

નક્કામો જાય નહીં તારો અવતાર, તું વણસી ના જાતો વાવેતરની જેમ !

તીડો પણ તોળાશે
ભૂંડોથી ભેળાશે
જીવાતે ભરખાશે
ઘા પર ઘા ઝીંકાશે

તારો બચાવ તારે ખુદને કરવાનો છે સાવધ રહેતાં પેલાં તેતરની જેમ
હાલ્ય હરિ હાલ્ય તને ખેતર જઈ ખડકું હું ખાતરની જેમ !

ઓગણીસો અઢાર* | ઉદયન ઠક્કર

ફિલાડેલ્ફિયા

આ બેટ્સી રોઝનું ઘર, જેણે સીવી આપેલો
અમેરિકાનો પ્રથમ ધ્વજ, અને લિબર્ટી બેલ
કરચલીયાળો ચહેરો લઈને ઊભેલો
થિયેટરોની આ શેરી—નથી થતાં નાટક
યહૂદીઓની નિશાળો, જે બંધ છે જોકે
ને આંખ ફેરવીને ચાલી જાય ડેલાવેર
છે સૂમસામ બધું...
સંભળાય છે ઠક... ઠક

ઘણા દિવસ થયા, એકે નથી બચ્યું કોફિન,
જીવંત હાથ ઘડ્યે જાય ઘાટ મૃત્યુનો.

વિદાય થાય શિશુની તો બારસાખો પર
સફેદ ક્રૅપનું લૂગડું સહુ લગાડે છે,
યુવાન હોય તો કાળું, જો વૃદ્ધ — રાખોડી.

સવારે ભૂલકાં દોડે, મચાવે શોરબકોર,
'આ બારણું તો જુઓ, ઓલું બારણું તો જુઓ !'

ઘણાંય હૉસ્પિટલોની બહાર ઊભાં છે
કોઈની સારી, કોઈની ખરાબ દુવા મળે :
હવે આ જાય તો એના બિછાને સૂવા મળે.

કેપટાઉન

લુઈસ બસમાં ચડે છે, જવાને વોલ્ટર સ્ટ્રીટ.
ટિકિટ આપતાંવેંત જ પડે છે કન્ડક્ટર,
ત્રણેક માઈલ જતામાં પ્રવાસી પાંચ બીજા,
ને લૂપ સ્ટ્રીટ હજી આવે ત્યાં તો ડ્રાઈવર પણ.
લુઈસ બાકીના અંતરને ચાલી નાખે છે.

રિયો ડી જાનેરો

શું ઘરમાં કે શું દવાખાને, ધાડેધાડાં છે !
સવારે દર્દીઓ રાતેય દર્દીઓ પાછા.
નજર ચુકાવી કરી, કૅનવાસ ઓઢીને,

લો, ઝોકું ખાય છે ગાડીમાં, બે ઘડી ડૉક્ટર.

દાલમઉ

કવિ નિરાલાજી ગંગાને તીર ઊભા છે.
‘નદી મેં લાશેં હી લાશેં દિખાઈ દેતીં હૈં.
પતા ચલા કિસી અખબાર સે કિ યે સારે
કે સારે, કોઈ મહામારી કે શિકાર હુએ.
તભી તભી મેરે સસુરાલ સે ખબર આઈ,
રહી ન થી મેરી પત્ની, રહી ન થી બિટિયા.
પલક ઝપકતે હી પરિવાર હો ગયા ગાયબ
ઔર મેરી ઉમ્ર હી ક્યા થી ? કરીબ બાઈસ કી.’

ન્યૂ યૉર્ક

નવી રિલીઝ થઈ ફિલ્મ ચાર્લી ચેપ્લિનની,
ને હોંશે હોંશે, હડૂડાટ પ્રેક્ષકો આવ્યા.
સિનેમા હૉલના હેરોલ્ડ નામે મૅનેજર
હરખપદુડા થયા, ‘ધન્ય ભાગ્ય ! ધન્ય ઘડી !
વખાણું શી રીતે હું આપના ઉમળકાને ?
કે આપ જાન હથેળીમાં લઈને આવ્યા છો !’

કહીને એણે લઈ લીધી,

આખરી એક્ઝિટ !

ઝમોરા

નવા જ પાદરી આઆવેલા, અલ્વરો બેલ્લા,
રખાવ્યા એમણે નવ નવ દિવસના મેળાઓ,
ઈસુના ક્રૉસને ચૂમ્યો હજારો લોકોએ.
પછી તો સ્પેનમાં વસ્તીગણતરી લેવાઈ :
મર્યા છે કેટલા લોકો ? કયાં શહેરોમાં ?

પહેલા નંબરે કોણ આવ્યું, એ કહી શકશો ?

પૅરિસ

ત્વચા જો હોય મજીઠી, તમે બચી શકશો,
થઈ જો વાદળી, તો વાદળીઓ ઘેરાશે,
પછી તો ધીરે ધીરે એ થતી જશે ભૂરી,
ને અંતે નખથી ચડાઈ કરીને એક કીડી
તમારી છાતીએ કાળો ભરી જશે ચટકો**

વિયેના

આ સ્નાયુયુક્ત પુરુષ, પિંગળો ને પાતળિયો,
ઉદાસ આંખે અહીં ભોંયસરસો બેઠો છે.
કપાળે સળ, અવળ સવળ છે કેશ, ઘૂંટણ પર
મૂકેલો હાથ.

જુઓ, વિસ્તરેલા સાથળમાં

સમેટી લઈને શિશુ, સ્ત્રી રતુંબડી બેઠી.
યુગલ છે નગ્ન પરંતુ મજીઠિયા વસ્ત્રે
લપેટ્યું છે શિશુને.

છબી સ્વયમ્‌ની આ તો ચીતરી કલાકારે,
ને તૈલચિત્રનું ‘કુટુંબ’નામ રાખ્યું છે.

છ માસનો જ હતો ગર્ભ ત્યારે નારીએ
ગુમાવ્યા પ્રાણ અને ચિત્રકાર પણ ચાલ્યો
ત્રણ જ દિવસમાં.

કુટુંબ ના વસ્યું,

ને ચિત્ર પણ અધૂરું રહ્યું.***

---

* સ્પેનીશ ફ્લૂનો સમયગાળો

** કવિ એપોલિનેરનું મૃત્યુ

*** ચિત્રકાર ઈગન શીલનું મૃત્યુ

ત્રણ કાવ્યો | રાજેન્દ્ર પટેલ

૧. તીડ

આજકાલ, જ્યાં ને ત્યાં,
ઊભા ને ઊભા મોલ પર
તૂટી પડ્યાં છે તીડ.

લીલપ તરસી આ તીડની ટોળકીઓ
ઉશર કરતી જાય છે આ ધરા.

ખાવામાં એવા તો મશગૂલ હોય છે આ તીડ,
જાણે બહેરાં ન હોય !
કોઈ પણ જંતુનાશક દવાથી કે
ગમે તેવા ધૂમાડાથી ટેવાઈ ગયાં છે,
આ તીડ.

બાળપણમાં જોયેલાં તે આ તીડ નથી જ
આ તો અપરંપાર ખાઈને પણ ભૂખ્યાં ડાંસ
મસમોટાં જનાવરો કરતા ભયંકર.

આ તીડે તો
જાણે ઢાંકી દીધાં છે સૂરજ ચાંદાને
અને ભર દિવસે અંધારું કરી મૂક્યું છે.

ને કશાય અણસાર વિના
છવાઈ ગયાં છે સર્વત્ર.

૨. ચિત્તાઓ

હમણાં હમણાં
ચિત્તાઓ ચાલ્યાં આવે છે
વન છોડી નગરમાં .

આગ ઝરતી આંખોએ
પ્રત્યેક પળે છલાંગ મારવા તૈયાર
વન વટોળી શિકારની શોધમાં આવી ચડે છે
લોહીતરસ્યાં આ ચિત્તાઓ બેરોક.

નથી તે કોઈ તરાપ મારતાં
નથી કોઈ ન્હોર ભરતાં,
મસમોટાં દાંતવાળાં જડબાંથી ફાડી ખાતાં નથી.

છતાં તેને પાંજરામાં પૂરવાં
સૌ કોઈ મથે છે.

હવે ચિત્તાઓ માત્ર જંગલમાં જ રહેતાં નથી.

૩. વાંદરાઓ

એકાએક અવારનવાર
વાંદરાઓની ટોળીઓ
ધસમસતી આવે છે આંગણામાં,
અને બેરોક તોડીને ખાઈ જાય છે
કૂમળી કૂમળી કળીઓ, ફૂટું ફૂટું થતા ફૂલછોડ.

અજાણ્યા સમાચારની જેમ
ધમાધમ હૂપાહૂપ કરતાં
છવાઈ જાય છે,
દિલોદિમાગમાં.

એમના કૂદકા અને છલાંગોની ધમાલમાં
ઘણું બધું તૂટી જાય છે, ગમતું ન ગમતું.

એ આવે છે પૂર્વજોના અધિકારથી
અને ચાલ્યાં જાય છે
સાવ નિરાશ્રિતોની જેમ.

મોજાં | સત્યજિત શર્મા

તારા
આકસ્મિક
સ્પર્શે
હથેળીઓમાં
તાજા
મુલાયમ
સફરજનનો
સ્પર્શ
સળવળે
કઠણ પણ
નરમ પણ.
        શ્વાસમાં ચઢે
        એની

ખટીમીઠી ગંધ
અંગેઅંગ
સળવળાટ
ફેલાય
દરિયાનાં
ઊછળતાં
મોજાં
ધસી આવે
ધરા ધણધણાવતા
હજારો અશ્વો થઈ
કિનારે ઊભેલા મને
ઘડીક હડસેલે
ઘડીક ચોફેર વીંટળાઈ
અંદર રેતી ભેળો ખેંચે
પકડી રાખે
ચારે બાજુ પવનથી
ઊડતા ફંગોળાતા
દરિયાઈ પંખીઓનો
કાન પરનો ગોકીરો..

કાચી માટીની કુલડીમાં | પંચમ શુક્લ

કાચી માટીની કુલડીમાં કો'ક ભાંગતું ગોળ;
ગોળની સાથે ગારો ગૂંદી આરોગે નઘરોળ!

બાવનબારી લવરીમાં ના પડે કોઈને સૂધ,
શાણીવાણી સમજી દડકે ડોકાં બુદ્ધ-અબૂધ;
અંધારાના અજવાળામાં શ્રોતાઓ તરબોળ.
કાચી માટીની કુલડીમાં કો'ક ભાંગતું ગોળ!

લેહ લગાડે રગરગ એવી રૂંવે રૂંવે આગ,
સસ્સા રાણા સાંકળિયાને કોણ કહે કે ભાગ ?
ડામ મળે કે તૂટે તુંબડી, ગવાય મંગળ ધોળ.
કાચી માટીની કુલડીમાં કો'ક ભાંગતું ગોળ!

બે ગઝલ | સુધીર પટેલ

૧. ચકલીનો દિવસ!

ભેગા કરી કૈં તણખલાં માળો બનાવશું,
ચકલીનો દિવસ એમ આ વરસે મનાવશું!

છાંયોય પામે પાણી સાથે સૌ મુસાફરો,
બે-ચાર વૃક્ષો બસ પરબ પાસે જ વાવશું!

જે કેદ છે પિંજરમાં વર્ષોથી ગુના વગર,
એ પંખીઓને આજ આકાશે ઉડાવશું!

જંગલની વાર્તા તો કહેશું બાળકોને પણ,
જોવાની કરશે હઠ તો જંગલ ક્યાંથી લાવશું ?

ઘોંઘાટનું વૉલ્યૂમ ધીમું રાખજો 'સુધીર',
પંખીનાં ગીતો આભ પરથી સંભળાવશું!

૨. અણી પર છું!

છુપાવી આંખમાં આંસુ મરકવાની અણી પર છું,
અરથ એનો કે દુનિયાને ખટકવાની અણી પર છું!

ગમે તો સાચવી લેજો ત્વચાની પણ ઉપરવટ જઈ,
ગમે તે પળ હથેળીથી સરકવાની અણી પર છું!

ધરાઈને મને બસ જોઈ લ્યો અંધારમાં આજે,
પછી અંજાઈ જાશો કે ચમકવાની અણી પર છું!

બને તો ફૂલ થૈ ખીલો તમે એ ડાળખી ઉપર,
સમયના વૃક્ષ પરથી હું બટકવાની અણી પર છું!

ભરી લેજો તમે તો શ્વાસની માફક ભીતર 'સુધીર',
ખબર છે એટલી કે હું અટકવાની અણી પર છું!

પોંખજો | ગુણવંત ઉપાધ્યાય

હળવી નજરે રે અમને પોંખજો;
સજીને ફૂલનો શૃંગાર!

અમે તો નમતી ડાળ વૃક્ષની
લીલી લીમડીનો વંશ
કાળે રે ઉનાળે અમે કોળિયા
લઈને તડકાનો દંશ
વધુ રે વધુમાં અમે ઝંખીએ
હીરલ હીંચકાનો ભાર!
હળવે હાથે રે અમને ખોળજો!

તમે જો ઝૂલો તો અમે જાણીએ
મોંઘા અવસર અજાણ
મોંઘી રે મૂરત હૃદે રાખીયે
એમાં પૂરી મારા પ્રાણ
લગીરે સોહાવો કોમળ કંઠમાં
પામું સપનાંનો સાર !
ઝલમલ દૃષ્ટિથી અમને જોડજો!

ત્રણ ત્રણ ઋતુનું કોરું આયખું
બાર બાર મહિના સ્હેવાય
કોઈએ ઊગતાં નથી જાણિયાં
કશું ના આથમણે જણાય
એવેયે સમે થૈયે આભની
સૂરતમાં એકાકાર!
વાદળિયા રંગમાં રે અમને રોપજો!

મિજાજ! | હસમુખ અબોટી 'ચંદન'

(મંદાક્રાન્તા)

કોપ્યો સૂર્ય સમદર તળે ભોંકતો તીર સીધાં,
ધીરે ધીરે જલ ઉદધિનું આભ માથે તણાયું.
આભે ઉઠ્યાં ઘનપડ મહીં વીજળી-ગર્જનાથી,
એવામાં જ્યાં જલ ઉપરની ભેખડે વાયુ જાગ્યો,
ત્યાં તો ઊંચા સતત ઊછળે આભને આંબે એવાં,
સો સો મોજાં અવિરત પડે સાગરે સામટાં ને!
કૂદી નીચે રજનિ ભડકી તેજ દેખી લિસોટા,
ગાજી ઉઠ્યો ત્વરિત દરિયો બીકથી ધ્રૂજે રાત્રિ!

ઊંચું-નીચું હળવે હળવે ચાલતું એક ધારે,
કૂવાસ્તંભે ધવલ ફરકે વાવટો આશ કેરો,
મોજું આવ્યું જલ ફરી વળ્યું વાણને ભીડવાને,
ઝંઝાવાતો અગણિત ભલે આવતી ખારવાને,
ના ઝૂકે આ; બળ, કળ અને હામ સાબૂત હૈયે !
ના જાણે કો' કુદરત રચે ખેલ કેવો નિરાળો!

બટકણી આંખોનાં દૃશ્ય | કિરણ વી. મહેતા

પા પા પગલી સંભળાય છે
ધૂળની ઢગલી દેખાતી નથી
બા, બા, બગલી ઊડે છે
ધૂળમાં નહાતી ચકલી દેખાતી નથી.

મા, મા
અંધારાની ભેંસ
નીલા આકાશનું પાણી પીએ છે.

મા,
બળદ ક્યાં છે ?
ગાડું ક્યાં છે ?
આ ફાનસ કેમ ભભક્યા કરે છે ?
એમાં અજવાળું ઠીકથી ભર્યું નહીં ?

મા
આ છજું કેમ સંચ્યું નથી ?

પણ નેવાં ક્યાં ?
માત્ર પંખીનાં પીંછાં
પથરાયેલાં છે વળીઓ પર.

આ વળીઓ છે કે
ઊંચે ચડી આવેલા ઊધઈના રાફડા ?

મા
છરી જેવો પવન વાય છે
ખાટલો ક્યાં ? ગોદડું ક્યાં ? ધાબળો ક્યાં ?

મા,

મા,

સૂરજનું તાપણું સળગાવ, મા !

મા,

માઆઆઆ...

ગણીને | લિપિ ઓઝા

ખખડધજ દીવાલોના ધબ્બા ગણીને
કર્યા આંક પાક્કા, મેં સળિયા ગણીને

હવે ટૂંકમાં આરતીને પતાવો
ઘણા બાળ થાક્યા પતાસા ગણીને

બિચારા ઉતાવળમાં કાનસ ભૂલ્યા'તા
જે હમણાં ગયા છે ઉઝરડા ગણીને

જે સરકી જવા ખાસ આવ્યા સજીને
કરું શું હું વીતેલા મોકા ગણીને

કરી ઘરના સભ્યોની વસ્તી ગણતરી
દીવાલો ને છત પરનાં જાળાં ગણીને

છતાં પણ નથી થાકતી આંગળીઓ
થઈ આંખ ભારે અભરખા ગણીને

થશે ધાનના કોથળા અંકશાસ્ત્રી !
બધી પીઠના રોજ મણકા ગણીને

સ્વીકારી છે | પૂર્વી અપૂર્વ બ્રહ્મભટ્ટ

ભલે બુઝાવવા એને, હવાએ ફૂંક મારી છે,
ઝઝૂમવાની દીવાએ વાત હિમ્મતથી સ્વીકારી છે.

હવે દુઃખદર્દ મુઠ્ઠી વાળીને છે નાસવા મજબૂર,
મને પાલવથી ઢાંકીને નજર 'મા'એ ઉતારી છે.

વ્યથા, મૂંઝારો ને ઉજાગરો એમાં છે રેડાયાં,
તમે જે શેર પર વારી જઈ વાહ'વા પુકારી છે.

ઉછેરીને કરી મોટી ચઢાવી છે ઘણી માથે,
કહ્યું માને છે ક્યાં મારું ? બહુ જિદ્દી ખુમારી છે.

ઉઠાવીને નજર એણે ના જોયું હોત તો સારું,
એ પાણીદાર આંખોએ તરસ મારી વધારી છે.

નથી ઉપમા અલંકારોનો કોઈ ઠાઠ શબ્દોમાં,
છતાં ઊતરે હૃદયમાં એ, સરળ બાની અમારી છે.

કરો સરવાળો ઊજવેલા પ્રસંગોનો તમે જ્યારે,
ખબર પડશે ગજાથી પણ વધુ કિસ્મત તમારી છે.

અ-શીર્ષ | ડૉ. હિતાંશુ ભટ્ટ

હે શિવ!
ઉમાએ લેપથી કંડારેલા ગણેશની જેમ,
વર્ષોનાં 'વાંઝ્યા'ના ટોણાને ઠોકર મારી
અંતરની ઊર્મિઓથી
મમતાના લેપથી
એ મા પણ
કૂખમાં આકારતી હતી
પોતાના ગર્ભ-ગણેશને...

મા
ઉમાના આક્રંદ-ક્રોધથી
કેવો ઝૂક્યો'તો, પીગળ્યો'તો તું!
ને
નિઃશીર્ષ થયેલા ગણેશને
આપ્યું'તું તેં નવ-શીર્ષ!

આ નવ-ગર્ભાને
રટાવ્યું'તું એની માવતરે—
'જીવ'માં તો 'શિવ' હોય.
એ 'જીવ'ને
ખુદ શિવે જ કર્યું
અ-શીર્ષ?!

તૂટ્યાં સ્વપ્નો ને તૂટી ગઈ શ્રદ્ધા
જ્યારે ઓલા સફેદ ડગલાવાળા દાગ્તરે કીધું—
આ અ-શીર્ષને
નવું શીર્ષ આપવા
શિવ હવે કદી નહિ આવે!

* વર્ષોના પ્રયત્નો બાદ ખોળાનો ખૂંદનાર આવશે અને એનો પહેલો આકાર નીરખવા મળશે એવી આશાથી આવેલી માને અઢી મહિને Anencephaly (શીર્ષ વિનાનું બાળક—અશીર્ષ)નું નિદાન આપતી વેળાએ એક સંવેદનશીલ તબીબે અનુભવેલી એ માની વ્યથાનું નિરૂપણ—એક અ-છાંદસ રૂપે.

❑

ગુજરાતી સાહિત્ય પરિષદનું
નવું ઈ-મેઈલ આઈડી

gspamd123@gmail.com

'પરબ' માટે ઈ-મેઈલ આઈડી

'પરબ' માટે કૃતિઓ ઈમેઈલ દ્વારા મોકલી શકાશે. 'પરબ'નું ઇ-મેઇલ આઈડી :

parabgsp@gmail.com

કૃતિ નીચે નામ, સરનામું લખવા વિનંતી.

પપ્પાનું ઘર

સ્વાતિ મહેતા

નિરાલીના વિચારોનું ચકડોળ શરૂ થઈ ગયું. ડૉક્ટર અંકલે કેમ બોલાવી હશે ? શું હશે ? પપ્પાને ગયાને પણ ત્રણ વર્ષ થઈ ગયાં. કોઈ વાર ખબર પૂછી લે છે ફોન કરીને. મળવાનું તો ઓછું જ બને છે. ફોનથી વાત થાય. એણે વિચાર ખંખેરી નાખવા જોરથી માથું હલાવ્યું. બારી બહાર નજર કરી. સામેથી આવતા સૂર્યપ્રકાશને લીધે કશું દેખાતું ન્હોતું. ઊભી થઈ બારીનો પડદો ખેંચી લીધો. મનમાં ડૉક્ટર અંકલની વાત ઘૂમરાયા કરતી હતી. શું કરું ? મમ્મીને વાત કરું ? અંદરથી જવાબ આવ્યો... ના, ના, હમણાં કંઈ નથી કહેવું, નકામી ચિંતા કરશે ને પૂછપૂછ કરશે ને પછી રડવાનું શરૂ કરશે. પહેલાં જાણી તો લઉં શું બાબત છે ? પછી વાત. મનને પણ કબાટની જેમ તાળું મરાતું હોત તો ? વિચારવાનું અટકતું નહોતું. એનો પોતાનો ફોટો-સ્ટુડિયો હતો એટલે નોકરી જેવી કોઈ સમયની પાબંધી નહોતી. એ ઊભી થઈ અંદર જઈ ડોકિયું કરી આવી. મમ્મી પારિજાતનાં ફૂલોનો હાર બનાવતી હતી. ઠાકોરજીની સેવાની તૈયારીમાં પડી હતી. આજે જરા મોડી જ જાઉં એમ વિચારી ઊભી થઈ. બારી બંધ કરી એસી ચાલુ કર્યું ને સોફા પર લંબાવ્યું. સ્ટુડિયો પર મોડી આવીશ એવી સૂચના ફોન કરીને આપી દીધી. ત્યાં સરલાબહેને આવી નિરાલીને પૂછ્યું.

'કેમ નિરાલી, સૂઈ ગઈ ? જવાની નથી ?'

'જરા મોડી જવાની છું. આવતા મહિને એક ફૅશન શો છે તેને માટે બેત્રણ જણ આવવાના છે. મિટિંગ છે. એટલે ત્રણેક વાગે જઈશ.'

'સારું તો જમવાની ક્યારે છે ?'

'તું કહે ત્યારે જમી લઈએ. તું ઠાકોરજીની સેવા પતાવી દે.'

'હું તો આજે નાગપાંચમ છે એટલે એક જ વાર જમીશ અને સાંજે જમવાની છું.'

'મમ્મી, તો હું પણ સાંજે જ જમીશ. સ્ટુડિયો પર કઈ મંગાવી લઈશ.' આગળ ઉમેર્યું. 'મમ્મી, એક વાત કહું ?'

'બોલ બેટા.'

'મમ્મી, આ બધા ઉપવાસ ને એવું બધું છોડી દે હવે, બહુ કર્યું, ને આવું બધું કરવાથી તારી સીટ સ્વર્ગમાં રિઝર્વ નથી થઈ જવાની.' સરલાબહેને જરા નારાજગીથી નિરાલી તરફ જોયું ને રૂમની બહાર નીકળી ગયાં.

બપોરે અઢી વાગ્યે નિરાલી સ્ટુડિયો પર પહોંચી. મિટિંગ ને બીજું બધું કામકાજ પતાવી સ્ટુડિયોમાં કામ કરતી માધવી ને સુજાતાને જરૂરી સૂચના આપી લગભગ સાડાપાંચ વાગે ડૉક્ટર અંકલના 'પરીખ નર્સિંગ હોમ'માં પહોંચી. બરાબર છ વાગ્યા હતા. દસેક

મિનિટ બહાર ઊભી રહી. છ પછી જવાનું હતું ને ? શનિવારે સાંજે છ પછી ડૉક્ટર પોતે પેશન્ટ જોતા નહોતા. એ એને ખબર હતી. એ સીધી ડૉક્ટર અંકલની રૂમમાં જ પહોંચી. ડૉક્ટર મુકુલ પરીખ જાણે એની જ રાહ જોતા બેઠા હતા.

'આવ, આવ, નિરાલી, તારી જ રાહ જોતો હતો. કેટલા બધા વખતે મળી ? લગભગ દોઢ વર્ષ થવાનું.'

'હા, અંકલ ! એક વાર હું અહીંથી જતી હતી ને મળવા આવેલી તે જ.'

'હા, હા, બરાબર છે. કેમ છે સરલાબહેન! કેવો ચાલે છે તારો સ્ટુડિયો ?'

'મમ્મી સારી એટલે કે ઠીક ઠીક છે. નાનીમોટી તબિયતની ગરબડ કોઈ વાર થાય. બાકી મારો સ્ટુડિયો બરાબર ચાલે છે. બધું સેટલ છે.'

'ચાલ સરસ, મેં તને એક ખાસ કારણથી અહીં બોલાવી છે.'

'શું છે અંકલ ?' એણે અધીરાઈથી પૂછ્યું.

ડૉ. મુકુલ પરીખે ટેબલનું જમણી તરફનું ખાનું ખોલ્યું, ખાનામાંથી એક કવર કાઢ્યું. નિરાલીને આપતાં કહ્યું :

'લે આ કવર, ને એમાં ચાવી છે.'

'ચાવી ? શેની ચાવી ?' એણે આશ્ચર્યથી ડૉક્ટર તરફ જોઈ ને પૂછ્યું.

'શાંતિ રાખ, કહું છું, 'સાંભળ, આ કવર મને ચૌલાએ આપ્યું છે. ગુરુવારે મળસકે એ આ જ નર્સિંગહોમમાં ગુજરી ગઈ. ચારેક દિવસ બીમાર રહી. લગભગ ગયા સોમવારે કામવાળીને લઈને આવેલી. અસ્થમા તો હતો જ ને શરદી હતી. બીજા પણ ઘણા કૉમ્પ્લેકેશન્સ હતાં. સુગર; કૅલ્ક્યુએટ થતી હતી, ન્યુમોનિયાની પણ અસર હતી ને મુખ્ય તો રાજનના ગયા પછી મનથી જ ભાંગી પડી હતી. જીવવામાં એને રસ જ નહોતો...'

'હશે, અંકલ ! પણ આ ચાવી શેની છે ? ને મને શા માટે આપો છો ?'

'આ ચાવી ચૌલાના ફ્લૅટની છે. સાથે બીજી ચાવી એક કબાટની છે.'

'એ ફ્લેટ તું ખોલજે ને કબાટ પણ તું ખોલજે.' ડૉક્ટર પરીખે મક્કમતાથી એને કહ્યું.

'અંકલ, પણ આા બધું શું છે ? મને ટેન્શન થાય છે. મને ચોખ્ખું બરાબર કહો. મારે નથી જોઈતી આ ચાવી ને નથી ખોલવો ફ્લૅટ કે કબાટ...' નિરાલી એકશ્વાસે બોલી ગઈ.

'જો બેટા, સાંભળ, તાર પપ્પા આ ફ્લૅટમાં રહેતા હતા ને એની પણ ઇચ્છા હતી...'

'ના અંકલ, રહેવા દો..' એણે ઉતાવળથી કહ્યું.

'જો નિરાલી, તને ગમે કે ન ગમે, પરોક્ષ રીતે તું આ બધા સાથે સંકળાયેલી છે. હું બેઠો છું ને તને મદદ કરવા... ટેન્શન શું કામ કરે છે ? તું જ્યારે ત્યાં જવાની હોય ત્યારે મને કહેજે. હું સાથે આવીશ.'

અવઢવમાં નિરાલી ઘરે આવી. મમ્મીને વાત કરું કે ન કરું. જો વાત કરીશ તો આખી રાત ઊંઘશે નહિ ને કચકચ શરૂ કરી દેશે ને સંતાપ સંતાપ થઈ જશે. અમને બંને

જણને બબડવાનું શરૂ થઈ જશે. મોકો જોઈને વાત કરીશ. એમ વિચારી ચુપ જ રહી. જમીને વહેલી સૂઈ ગઈ. પણ મોડે સુધી ઊંઘ ન આવી. કાલે જ વાતનો ફેસલો કરી નાખું. વિચારતી વિચારતી ઊંઘી ગઈ.

***

બીજે દિવસે રવિવારે બપોરે બારેક વાગ્યે શોપિંગનું બહાનું કાઢી ઘરેથી નીકળી સોસાયટીના નાકે જઈને ડૉક્ટર અંકલને ફોન કર્યો.

'અંકલ, નિરાલી બોલું છું.'

'હં, બોલ નિરાલી.'

'અંકલ કાલે વાત થયેલી ને પેલા ફ્લૅટની ચાવીની બાબતમાં ?'

'હા તેનું શું ?'

'મને થાય છે કે ચાવી તમને પછી જ આપી જાઉં ને...'

'ના, ના, એવું ના કરતી..'

'હું તો ઘરેથી નીકળી ગઈ છું તમારા ઘરે આવવા...'

'પણ તું ક્યાં છે ? ઘરે કોઈ નથી. હું ને પ્રફુલ્લા સાથે જ છીએ.'

'મારી સોસાયટીની બહાર ઉભી છું ને તમને ફોન કર્યો...'

'તો તું ત્યાં જ ઊભી રહે. અમે પણ નજીકમાં છીએ. અમે આવીએ છીએ. આપણે સાથે જ જઈએ. મારી પણ આ જવાબદારી છે ને ? પછી હું યુએસ જવાનો છું.'

નિરાલી, ડૉ. મુકુલ ને પ્રફુલ્લા ત્રણે જણ રાજન ચૌલાના 'સ્વસ્તિક બિલ્ડિંગના' ફ્લૅટ નંબર ૫૦૨ પર પહોંચ્યાં. બારણાં પર 'ચૌલા-રાજન' લખેલું હતું. નિરાલીએ પર્સમાંથી ચાવી કાઢી ડૉક્ટર અંકલને આપી.

ડૉ. મુકુલ પરીખે ફ્લૅટનું બારણું ખોલ્યું. એ આ ફ્લૅટમાં ઘણી વખત આવ્યા હતા એટલે ખાસ્સા પરિચિત હતા.

અજબ પ્રકારનો ભાવ હતો નિરાલીના મનમાં. બધાં ફ્લૅટમાં દાખલ થયાં. ફ્લૅટ એકદમ ચોખ્ખોચણાક હતો. હોય જ ને ! બધાં બારીબારણાં બંધ હતાં ને અઠવાડિયાથી જ બંધ હતો ને! એણે રૂમમાં ચારે તરફ નજર કરી. દીવાલ પરનું ઘડિયાળ એક વાગ્યાનો સમય બતાવતું હતું. પપ્પાની આકૃતિ નજર સામે તરી આવી... નાની હતી ત્યારે કેવી પપ્પાના ખભા પર ચઢી જતી. ને મમ્મી સામે ઊભી રહી નીચે ઊતરવા કહેતી, 'ઊતર, તારા પપ્પાના ખભા દુઃખશે' – તે યાદ આવી ગયું. એના પપ્પાનું ઘર. પપ્પા કેટલાં બધાં વરસ આ ઘરમાં રહ્યા ! સાથે સાથે ચૌલાનો ચહેરો પણ નજર સામે આવ્યો.

***

'આ સામે છે એ ખુરશી પર રાજન બેસતો ને આ સામે જે બીજા સોફા ચેર છે તે પર હું બેસતો' – ખુરશી તરફ હાથ કરતા ડૉક્ટર અંકલે કહ્યું ને ઉમેર્યું, 'આ બાજુ તારા પપ્પાનો રૂમ. એની સાથેના વર્કરૂમમાં તારા પપ્પા એનું પેઇન્ટિંગનું કામ કરતા. તને ખબર જ હશે કે રાજન બેચાર આર્ટગૅલેરી સાથે સંકળાયેલો હતો. એનાં એક્ઝિબિશન

પણ થતાં ને ફાઈન આર્ટ્સ કોલેજમા ફેકલ્ટી તરીકે પણ જતા હતા એટલે બધું સારી રીતે ગોઠવાયેલું હતું. એણે જમણી બાજુ નજર કરી તો નેવું અંશના ખૂણે એક બીજું બારણું હતું. એ દિશામાં જતાં જતાં ડૉક્ટર અંકલે કહ્યું : 'આ બાજુ પણ બે રૂમ છે. એક ચૌલાનો ને બીજો ગેસ્ટરૂમ છે. સાથે જ રસોડું ને સ્ટોરરૂમ છે.'

ફ્લેટ ખાસ્સો મોટો – ચાર બેડરૂમનો હતો. નિરાલી થોડી દ્વિધામાં હતી. અકળાઈને એણે પૂછ્યું,

'અંકલ, મારે શું કરવાનું છે?'

'કેમ! તને ફ્લૅટની ચાવી સાથે બીજી ચાવી પણ કાલે આપેલી ને તે લાવ. તે ચૌલાના કબાટની છે ને તે ખોલવાનું છે.'

'ના, ના, અંકલ ! એનું કબાટ ખોલવાની મારે શી જરૂર ?' બીજી જ પળે વિચાર આવ્યો... 'પપ્પાએ કદાચ કોઈ પત્ર-ચિઠ્ઠી લખ્યાં હોય. હા, પણ એવું કંઈ હોત તો ચૌલાએ આપી જ દીધાં હોત ને ? પપ્પાને ગયાને પણ ત્રણ વર્ષ થયાં. પપ્પાની હાજરીમાં હું કોઈ દિવસ આ ઘરમાં આવી નથી ને આજે આવવાનું થયું તે પણ એમની ગેરહાજરીમાં ! એ ઉદાસ થઈ ગઈ. તે પપ્પાને છેલ્લી ક્યારે મળેલી તે યાદ કરવા માંડી : પપ્પા કાયમ દાઢી રાખતા, છેલ્લાં વર્ષોમાં દાઢી પણ કદાચ કાબરચીતરી થઈ ગઈ હશે. પપ્પા કેવી ફ્રેમના ચશ્માં પહેરતાં હતાં ? મનમાં ઉત્પાત મચી ગયો. પપ્પાને મળવાનું મન થતું તો હતું પણ વીતેલાં વીસ વર્ષમાં જ્યારે પણ મળી છે ત્યારે બહાર જ મળી છે. કૉલેજમાં ઍડમિશન વખતે પપ્પા સાથે નારાજ હતી પણ એમને માટેનો પ્રેમ ઓછો નહોતો કંઈ.'

'અંકલ, આંટી, ચાલો ખોલીએ કબાટ.'

ત્રણે જણ ચૌલાના રૂમમાં ગયાં. રૂમમાં બધું ચકાચક–ડબલબેડ પર સફાઈબદ્ધ ચાદર પાથરેલી હતી. બાજુના ટેબલ પર લૅમ્પ હતો–બેડની સામેની દીવાલ પર નિરાલીના પપ્પા રાજનનો ફોટો હતો. ફોટાની નીચે ટેબલ હતું. સફેદ ટેબલક્લોથ પાથરેલો હતો. તેના પર સુકાયેલાં ફૂલ હતાં. બારીમાંથી ધીમે ધીમે પશ્ચિમમાં આથમતા સૂર્યનો પ્રકાશ આવતો હતો. ફર્શ પર નજર કરી... ટેબલ આગળ ભૂરા રંગની સ્લીપર હતી. પપ્પાના જ માપની. એ એકદમ હલી ગઈ હતી. ચૌલાએ આ સ્લીપર અહીં કેમ રાખી હશે ? પપ્પા આ રૂમમાં હશે જ્યારે એમને ઍટેક આવ્યો ત્યારે ? અહીંથી હૉસ્પિટલમાં લઈ ગયા હશે ? કે પછી પાદુકા રૂપે પૂજવા માટે એણે અહીં ફોટા સાથે નીચે મૂકી હશે ? કેટલા બધા પ્રશ્નો હતા મનમાં ? કોણ જવાબ આપે એને ?

'નિરાલી, ચાવી લાવ, કબાટ ખોલીએ'–નિરાલીએ ચાવી આપી.

અંકલે કબાટ ખોલ્યું. કબાટમાં લાઇનબંધ સાડીઓ હૅંગર પર લટકતી હતી. બીજાં પણ નાનાંમોટાં બૉક્સ હતાં. હૅન્ડબૅગ હતી. નિરાલીની નજર કબાટમાં ફરી વળી. એક તરત જ નજર પડે એવી રીતે કવર હતું. બૉક્સ નીચે સહેજ દબાવીને મૂક્યું હતું. નિરાલીએ ઊંચક્યું. ઉપર લખ્યું હતું 'નિરાલી'. એક ક્ષણ લાગ્યું કે પપ્પાનો પત્ર હશે, ઝડપથી ખોલ્યો.

''પ્રિય નિરાલી,

આ પત્ર જ્યારે તારા હાથમાં આવશે ત્યારે હું આ દુનિયામાં ન હોઈશ. એ પણ એક ભાગ્યની વાત છે. કહો કે મારાં દુર્ભાગ્યની વાત છે, કારણ, તને મળવાની ઈચ્છા પણ હતી મને ! કબાટના છેક નીચેના ખાનામાં જમણી બાજુ પાછળ એક લાકડાની ગોળ ડબ્બી છે. તેમાં ચાવી છે તે એમના કબાટની છે. તે ખોલજે, એમની ઈચ્છા અમે બંને ના હોઈએ પછી જ તને સોંપવાની હતી એટલે બધું ડૉક્ટર પરીખને કસ્ટડીમાં આપ્યું હતું. તે સ્હેજ 'મે ગૉડ બ્લેસ યુ' – ચૌલા.''

વળી પાછી એક ચિઠ્ઠી-એણે ચિઠ્ઠીને આમતેમ ફેરવી. કોઈ તારીખ લખી હોય તો – કોઈ સમયનો અંદાઝ આવે પણ કોઈ તારીખ નહોતી. પાછળ ઊભેલી પ્રફુલ્લાને ડૉક્ટરે ઈશારત કરી આગળ બોલાવી. કબાટના નીચેના ખાના તરફ આંગળી ચીંધતાં કહ્યું, જો આ ખાનામાં—જાણે એમને બધું ખબર જ ન હોય ! પ્રફુલ્લાએ વાંકા વળી જમણી દિશામાંથી લાકડાની ડબ્બી બહાર કાઢી. નિરાલીના હાથમાં આપી. નિરાલીએ ડબ્બીને ઊંધીચત્તી કરી જોઈ. ખોલીને અંદરથી ચાવી કાઢી ડૉક્ટર અંકલને હાથમાં આપી.

ત્રણે જણ રાજનના રૂમમાં ગયાં. નિરાલી ખૂબ મૂંઝાઈ ગઈ હતી. કંઈ સમજ પડતી નહોતી. દાખલ થતા જ રૂમમાં સામે કાચની બારી હતી. જાણે બાલ્કની કવર કરી હોય એમ કાચની દીવાલ જ હતી. એની બાજુમાં નેવું અંશને ખૂણે બારણું હતું. બારણાંની સામેની દીવાલ સાથે ડબલબેડ હતો. સફેદ ચાદર પલંગ પર હતી. ને બે ઓશીકાં એક પર એક હતાં. પગ આગળ વુડન કલરનો એક બ્લૅન્કેટ હતો. એ જોઈને એને યાદ આવ્યું – આવો જ બ્લૅન્કેટ ચૌલાના બેડ પર પણ હતો. સામેની દીવાલ પર એક લૅન્ડસ્કેપ દોરેલું હતું એના પર એણે ખૂબ પ્રેમથી હાથ ફેરવ્યો. નાની હતી ત્યારે પપ્પાની દાઢી પર જે રીતે હાથ ફેરવતી તે એને યાદ આવી ગયું. પપ્પાના ઘરમાં, પપ્પાના રૂમમાં, પપ્પાના સમયખંડમાં પહોંચી ગઈ. જાણે કશું જ સમયાતીત નથી થયું, આ રૂમ એના પપ્પાનો, કેટલો બધો સમય એણે અહીં વિતાવ્યો હશે, આ રૂમમાં ! નિજ કલ્પનામાં પપ્પાની બાજુમાં આવીને ઊભી રહી નિરાલી ! એમને ખૂબ નિરાંત મળી હશે. થાક્યા હશે ત્યારે આ પલંગ પર સૂઈ ગયા હશે. ઓશીકા પર હાથ મૂક્યો એ કેટલું પોચું છે તે જોયું. પપ્પાને પોચું જ ઓશીકું જોઈતું ! એ કાચની બારી પાસે જઈ ઊભી રહી. સામે નદી દેખાતી હતી. એના પપ્પાએ કલાકો સુધી આ નદીને જોયા કરી હશે. ઋતુઋતુનું રૂપ જોયું હશે ને નજર પેલા ખૂણાના બારણાં પર પડી. એ પાછળથી કરાવ્યું હશે. કદાચ, પાછળ ફરી જોયું તો ડૉક્ટર અંકલ ને આંટી ક્યારે રૂમની બહાર નીકળી ગયાં ખબર ન પડી. બારણું સહેજ ધક્કો માર્યો એટલે ખૂલી ગયું. એ અંદર ગઈ. બારી પર પડદા હતા તે ખોલી કાઢ્યા. સામેનું દૃશ્ય જોઈ મનમાં જ બોલી ઊઠી :

'માય ગોડ' રૂમની વચ્ચોવચ પપ્પાની પૉર્ટ્રેટ માટેની ઇઝેલ હતી. એના પર કૅનવાસ ચઢાવેલું હતું. બાજુમાં ત્રણ પાયાનું ઊંચું ટેબલ હતું. તેના પર ક્લિપ્સ. કલરની ટ્યૂબ-બૉટલ – જુદી જુદી જાતનાં બ્રશ હતાં. જમીન પર ડ્રૉઇંગ માટેની પેપરશીટ પણ હતી. ઈઝેલ પરનાં કૅનવાસ પર માત્ર એક લીલા રંગનો લસરકો જ હતો. આ કેમ અધૂરું રહ્યું

હશે ? એ ઇઝેલ સામે ઊભી રહી. ચૌલાએ પપ્પાજીની બધી જ વસ્તુ કેટલી કાળજીથી સાચવી છે. કેટલો પ્રેમ કરતી હતી એ પપ્પાજીને ! એને મમ્મીની યાદ આવી ગઈ. મમ્મી તો ચૌલા કરતાં દેખાવમાં રૂપાળી હતી. કેમ ન ફાવ્યું હશે પપ્પાને મમ્મી જોડે ? પપ્પા સ્વભાવે થોડા અલગારી સ્વભાવના આર્ટિસ્ટ હતા ને ? મમ્મી સ્વભાવથી જિદ્દી ને થોડી શંકાશીલ પણ ખરી. બંને વચ્ચે ભારે કચકચ થતી ને વાતવાતમાં પપ્પાને ટોક ટોક કરતી. પછી બધું થાળે પડી જતું ને આ ચૌલા પપ્પાના એક અસાઇન્મૅન્ટમાં મૉડેલ તરીકે આવતી હતી. સ્ટાઇલિસ્ટ – ટિપટોપ તે આટલી બધી ઑર્ગેનાઇઝ્ડ હશે એ તો આજે જ ખબર પડી. નહિ ફાવ્યું હશે પપ્પાને મમ્મી જોડે. ને આ ચૌલામાં અજબ આકર્ષણ અનુભવ્યું હશે એટલે જ તો એને ને મમ્મીને છોડીને ચાલ્યા ગયા હશે. એ ત્યારે ચૌદ વર્ષની હતી. પપ્પાએ જરા પણ તકલીફ એને ને એની મમ્મીને પડવા દીધી નહોતી. પહેરેલે કપડે નીકળી ગયા હતા. એની ફી પણ ભરાઈ જતી – દર મહિને ખાતામાં પૈસા આવી જતા – ઘરખરચ માટે. એક વખત પેરેન્ટ્સ મિટિંગમાં પપ્પા આવેલા ત્યારે મમ્મીએ કેટલો બધો ઝઘડો કરેલો. એ બિચારી મમ્મી ને પપ્પા વચ્ચે પિસાતી હતી. પપ્પા તરફ ખેંચાતી પણ મમ્મીને ખબર પડી જાય તો એ ખૂબ કકળાટ કરતી. એટલે એ પપ્પાને મળવા જવાની ઇચ્છા મનમાં જ દબાવી દેતી. એ વિચારતી, પપ્પા મને ભૂલી ગયા હશે ! યાદ નહિ કરતા હોય ! ડાબી તરફની દીવાલ પર નજર પડી. આખી દીવાલ પર એટલાં બધાં સર્ટિફિકેટ લગાવેલાં હતાં. બધાં એકસરખી મૅચિંગ ફ્રેમમાં હતાં. તે પણ પાછા ફૅમિલી ટ્રીની જેમ. ટ્રી પણ દોરેલું હતું. એના પપ્પા કેટલા મોટા ચિત્રકાર હતા – કેટલાં બધાં માનઅકરામ એમને મળ્યાં હતાં ! એ પપ્પા પ્રત્યેના આદર અને અહોભાવથી ગદ્ગદ થઈ ગઈ. કલાકોના કલાકો – દિવસોના દિવસો આ જ ઇઝેલ પાસે ઊભા રહ્યા હશે ત્યારે આ બધાં અકરામો મળ્યાં હશે ! થાકી ગયા હશે બિચારા. ઈઝેલ પરના લસરકા પર એણે આંગળી ફેરવી ને પાછળની દીવાલ પર લગાવેલાં ચૌલાનાં પૉર્ટ્રેટ પર નજર પડી. એ એવી રીતે લગાડ્યું હતું કે પપ્પા ઉપર જુએ તો આ પૉર્ટ્રેટ જ દેખાય. ચૌલાના કપાળ પર ચાંદલો નહોતો. મમ્મીના કપાળ પરનો ચાંદલો એને યાદ આવી ગયો. એણે નજર ફેરવી લીધી ને રૂમની બહાર નીકળી. અરે, ડૉક્ટર અંકલ – આંટી ક્યાં છો ? બોલતાં બોલતાં બહાર આવી.

ડૉક્ટર અંકલ સેલફોનમાં વ્યસ્ત હતા ને આંટી એમ જ બેઠાં બેઠાં બિસ્કિટ ખાતાં હતાં. એમને જોઈને ખ્યાલ આવ્યો કે ખાસ્સો સમય થઈ ગયો છે.

'...ને... નિરાલી શું થયું ? તેં જોઈ લીધું બધું... કબાટમાં...?'

'ના. કંઈ જરૂર નથી.'

'કેમ આમ કહે છે નિરાલી.' લાવ ચાવી લાવ. ડૉક્ટર મુકુલ પરીખે કહ્યું. 'એ ત્યાં જ રૂમમાં છે.' ત્રણે જણ રાજનના રૂમમાં આવ્યાં. ડૉક્ટરે ટેબલ પરથી ચાવી લીધી, કબાટ ખોલ્યું, 'લે, તું જો. અમે અહીં જ છીએ...' એમ કહી બંને જણ બારી પાસે ઊભાં રહ્યાં.

*

બધું અકબંધ. શર્ટ જોકે ઓછાં હતાં – પૅન્ટ – ટી શર્ટ – જુદા જુદા રંગના ઝભ્ભા. એના પપ્પા ઝભ્ભા જ વધારે પસંદ કરતા હતા. એક જૂનું ઘડિયાળ, જેનાથી એ પરિચિત હતી. નાની હતી ત્યારે આ જ ઘડિયાળ પોતાના હાથમાં પહેરવા કરતી, નિરાલીના મનનું ઘડિયાળ પણ અત્યારે બાળપણની ગલીઓમાં સ્થિર થઈ ગયું. આ ઘડિયાળની જેમ જ સ્તો. સાથે એક બીજું ઘડિયાળ પણ હતું. જુદા જુદા રંગની બંડી – જે હૅંગર પર લટકાવેલી હતી. કબાટનાં બારણાંની ખીંટી પર જુદા જુદા રંગના બગલથેલા-મફલર. શું જાળવણી છે. નિરાલીની નજર કબાટમાં ફરી વળી. ક્યાંક પપ્પાએ કંઈ ચિઠ્ઠી લખી હોય. નીચેનાં ખાનામાં પ્લાસ્ટિકમાં બાંધેલું એક મોટું પૅકેટ હતું. શું હશે આમાં ? વાંકા વળી પૅકેટ બહાર કાઢ્યું – ફેરવી ફેરવીને જોયું. દોરી છોડી.

ઘણાં બધાં પેઇન્ટિંગ્સ ને પૉર્ટ્રેટ હતાં. દરેકના ખૂણા પર ‘રાજન’ લખેલું હતું. એની સાથે જ પૅકેટમાં બીજું પણ એક પૅકેટ હતું. નિરાલીએ તે ખોલ્યું.

એમાં નિરાલી અને એના પપ્પાનું એક પૉર્ટ્રેટ હતું. એ જોઈ એને સુખદ આશ્ચર્ય થયું : અરે, આ ફોટો તો એની પાસે હતો ! તેરમી વર્ષગાંઠે પપ્પા સાથે પડાવેલો તે ફોટો ! પછીના વર્ષે તો એ ને મમ્મી બે જણાં જ હતાં. પપ્પાએ આ ફોટોની કૉપી ક્યારે કઢાવી હશે ? વિચારતાં વિચારતાં બીજું પૉર્ટ્રેટ હાથમાં લેવા ગઈ તો એક કવર નીચે પડી ગયું તે ઊંચકી લીધું.

બીજું પૉર્ટ્રેટ એની મમ્મીનું હતું. મમ્મીનું પૉર્ટ્રેટ પપ્પાએ બનાવ્યું ! આશ્ચર્ય, આશ્ચર્ય, આશ્ચર્ય, મનમાં સારું લાગ્યું. મમ્મીના પૉર્ટ્રેટ પર ચાંદલો હતો ને ચૌલાના પૉર્ટ્રેટ પર ન્હોતો. એની ફોટોગ્રાફિક સૂઝબૂઝે એ નોંધ્યું. કવર ખોલી નાખ્યું.

વ્હાલી નિરાલી,

આ પત્ર જ્યારે તને મળશે ત્યારે આ દુનિયામાં હું ન હોઈશ, ચૌલા પણ નહિ હશે. તને જોયાને પણ ઘણાં વરસ થઈ ગયાં. ફેસબુક પર તારા ફોટો જોઉં છું. મારા ગયા પછી કેટલાં વરસે તને આ પત્ર મળશે ખબર નથી. મારી હયાતીમાં તો કોઈ દિવસ આ ફ્લૅટમાં આવી નથી. કદાચ મારા ગયા પછી જ તું આવશે. આ બે પૉર્ટ્રેટ તને મારી મરણોત્તર ભેટ છે. સાથેનાં બીજાં ચિત્રો – પેઇન્ટિંગ્સ ને પૉર્ટ્રેટ તું વેચશે તો તને સારા એવા પૈસા મળશે. ન વેચે ને તારી પાસે રાખે તોપણ વાંધો નથી. ન રાખવાં હોય તો નૅશનલ આર્ટ ગૅલેરીમાં આપી દેજે. આ ફ્લેટ મેં જ લીધો છે એટલે તારા નામ પર ટ્રાન્સફર કરાવજે. બાકીની ચીજ-વસ્તુઓ પણ તારી જ છે. તને જે યોગ્ય લાગે તે કરજે. મેં એક રજિસ્ટર્ડ વિલ કર્યું છે તે આ કબાટમાં જ છે. જરૂર પડે તો ડૉક્ટર અંકલની મદદ લેજે. તારી ને તારી મમ્મીની કાળજી રાખજે. તું ખૂબ સુખી થાય એવા શુભાશિષ.

લિ. તારા પપ્પા.

પપ્પાના દિલમાં મારી ને મમ્મીની જગા હતી એમ ? તો જ તો આ પૉર્ટ્રેટ બનાવ્યા હતાં. નિરાલી ડૂમોડૂમો થઈ ગઈ. કૉલેજમાં આવ્યા પછી એણે જ તો ધીમે ધીમે પપ્પાને મળવાનું ટાળ્યું હતું. પપ્પા ગયા તે દિવસે જેવી હલત હતી તેવી જ હાલત આજે પણ થઈ ગઈ. એ જાણે વેરવિખેર થઈ ગઈ. તે દિવસ યાદ આવી ગયો. પપ્પાને હૉસ્પિટલમાંથી

ઘરે લઈ ગયા ત્યારે આ ચૌલા ઘરમાં ન આવે એટલા માટે મમ્મીએ કેટલા ધમપછાડા કરેલા ? ડૉક્ટર અંકલે ખૂબ સમજાવી ત્યારે મમ્મીએ માંડ માંડ દર્શન કરવા એને ઘરમાં આવવા દીધેલી. એણે બંને પૉર્ટ્રેટ સાથે લીધાં. ચિઠ્ઠી પર્સમાં મૂકી કબાટ બંધ કર્યું. ડૉક્ટર અંકલ અને પ્રફુલ્લાઆન્ટી બારીમાંથી બહાર જોતાં હતાં એમને બોલાવ્યાં.

ચાલો અંકલ – આંટી.

ત્રણે જણ બહાર આવ્યાં. પ્રફુલ્લાઆન્ટીએ ટેબલ પર મૂકેલું પોતાનું પર્સ લીધું. ડૉક્ટર અંકલે કહ્યું, 'બધું લઈ લીધું ને ? કંઈ રહી તો નથી જતું ને !' લાઇટ – પંખા – એસી બંધ કર્યાં. નિરાલીએ માત્ર ડોકું જ હલાવ્યું. મનમાં જ બોલી રહી તો ઘણું બધું જતું હતું. ત્રણે જણ ફ્લૅટની બહાર આવ્યાં. ડૉક્ટરે તાળું માર્યું. નિરાલીને હાથ લાંબો કરી ચાવી આપી.

'અંકલ, હમણાં તમારી પાસે જ રહેવા દો. પછી લઈ જઈશ.'

ત્રણે જણ ગાડીમાં ગોઠવાયાં. આખે રસ્તે નિરાલી ચૂપચાપ બેસી રહી. વિચારો એનો પીછો છોડતા નહોતા. કેવાં જીવન જીવી ગયાં આ ત્રણે ! એક દર્દ દીવાની ને એક પ્રેમ દીવાની જેવા જ લગભગ, તો મનમાં પ્રશ્નો પણ ઊઠતા હતા – પપ્પા, તમે તો મારે માટે બહુ મોટો પ્રશ્નાર્થ મૂકી ગયા.

આ બધાનું હવે હું શું કરીશ ? મમ્મીને શું કહીશ ? કેવી રીતે વાત કરીશ ? એક નવી જ જવાબદારી આવી પડી.

સ્ટુડિયો નજીક આવ્યો એટલે નિરાલીએ ડૉક્ટર અંકલને કહ્યું :

'અંકલ, ગાડી અહીં જ ઊભી રાખો. મારે સ્ટુડિયો પર કામ છે.'

ડૉ. મુકુલ પરીખે ગાડી ઊભી રાખી. 'ઓકે, નિરાલી, ટેક કેર.'

સ્ટુડિયોમાં ગઈ, પૉર્ટ્રેટ કબાટમાં મૂક્યાં. પત્ર લોકરમાં મૂક્યો. લગભગ સાડા ત્રણ થયા હતાં. ઘરે પહોંચતા હજી કલાક થશે. સરલાબહેનને ફોન કર્યો.

'મમ્મી, શું કરે છે ?'

'તારી રાહ જોઉં છું, કેટલા કલાક ? જલદી આવ ઘરે !'

'આવું છું... રસ્તામાં જ છું ? શું થયું ?'

ઝડપથી સુપર માર્કેટમાં ગઈ. બેચાર જ્યૂસ, નાસ્તાના પૅકેટ ફટાફટ લીધાં. રિક્ષા કરી. ક્યારે ઘર આવી ગયું ખબર જ ન પડી. ઘરે જઈ શું કહું ? મમ્મીને આખી વાત જણાવું. પપ્પાવાળા પૉર્ટ્રેટ વિશે જણાવું ? કદાચ એને ગમશે. પપ્પાના મનમાં મમ્મી માટે થોડી જગા હતી.

બારણું ખોલ્યું, સરલાબહેન બહારના રૂમમાં જ બેઠાં હતાં. જેવી દાખલ થઈ તેવા તરત જ એને જોઈ મોટા અવાજે અકળાઈને બોલ્યાં – 'કેટલી વાર ? કેટલા વાગ્યા ? કેટલા કલાક થયા ખબર છે ?'

એની નજર મમ્મીના ચાંદલા પર ગઈ ને પેલું ચૌલાનું પૉર્ટ્રેટ ને પપ્પાનું ઘર યાદ આવી ગયાં.

'શું થયું ?' બોલતાં બોલતાં એ સોફા પર બેઠી. પછી પૂછ્યું. 'તબિયત તો સારી છે ને ? પ્રેસર તો નથી ને ?? પ્રેસર હાઈ થઈ ગયું લાગે છે. લાવ માપી જોઉં.' એ ઊભી થઈ ટેબલ પાસે ગઈ. ખાનું ખોલી મશીન હાથમાં લીધું. ત્યાં સરલાબહેન તાડૂકી ઊઠ્યાં, રીતસરનો છણકો કર્યો.

'કંઈ માપવું નથી... રહેવા દે...'

'અરે મમ્મી, કેમ આમ કેમ કરે છે ?' સરલાબહેને એને જવાબ આપવાને બદલે પૂછ્યું.

'તને ખબર પડી ?'

'શું ?'

'મને બાજુવાળા મહેશભાઈએ કહ્યું.'

'શું કહ્યું ?'

'પેલી પહોંચી ગઈ ઉપર...'

'કોણ પેલી ?'

'પેલી તારા પપ્પાની સગલી મૂઈ મરવામાં પણ મને હરાવીને આગળ નીકળી ગઈ...'

પિંડ | પૂજન જાની

ગોર મહારાજે પોતાના થેલામાંથી એક પછી એક વસ્તુઓ કાઢવાની શરૂઆત કરી. એલચી, પબડી, કઠોળ, ફળ, ફૂલ, કંકુ, ચોખા અને બીજો થોડો સામાન બહાર કાઢી તેરમાના સ્થાપનની તૈયારી કરવા લાગ્યા. ચોખા ઉપર શ્રીફળની સ્થાપના કરી. નદીની સૂકી હવામાં ગોર મહારાજના અડધા ધોળા વાળ ફરફરતા હતા.

ચોખા ઉપર શ્રીફળની સ્થાપના થતી હતી. એમણે અલગથી ચાર વાટકામાં કંકુ, અબીલ, ગુલાલ અને ચોખા ભર્યાં. ચાર અલગ અલગ રંગીન કાપડ ઉપર અનાજ અને શ્રીફળ મૂક્યું. અલગ અલગ દેવોની સ્થાપના થઈ. એમણે પોતાના થેલામાંથી ગંગાજળ, ગૌમૂત્ર, છાણ અને માટીને બહાર કાઢ્યાં. પંચામૃત તૈયાર કર્યું. એ પોતાના સાથીદારોને ધીમા અવાજે કંઈક સૂચના આપી રહ્યા હતા.

કામ કરવાનો ઉત્સાહ જાણે કે એમનાં અંગેઅંગમાં વર્તાતો હતો. અમારાં બધાંમાંથી એ જ સૌથી વધારે ઉત્સાહિત હતા. એમણે મંત્રોચ્ચાર શરૂ કર્યો એની સાથે જ મારી અંદર પણ જાણે કે કશુંક શરૂ થઈ ગયું હોય એમ આંખ સામે એ ચહેરો આવ્યો અને તુરંત જ વિલાઈ ગયો.

ગોરે ધોતિયું પહેરવાનું કહ્યું.

'પણ મને ધોતિયું પહેરતાં તો આવડતું જ નથી.' મારી અંદર ઊઠેલા શબ્દો બહાર

આવવા માટે સર્જાયા ન હતા.

દાદા ધોતિયું પહેરતા. એમને જોઈને નાનો હતો ત્યારે ઘણી વાર દરવાજો બંધ કરીને ધોતિયું પહેરવા માટે પ્રયત્નો કરતો. દર વખતે પપ્પા અચાનક દરવાજો ખોલે અને મારી સામે જોઈને ખડખડાટ હસી પડતા. પછી મારું મોઢું ફૂલી જાય અને એ મને ધોતિયું પહેરાવી દે.

એવા જ નિષ્ફળ પ્રયત્નો આજે શરૂ કર્યા. અચાનક દરવાજો ખૂલવાની રાહ જોવા લાગ્યો. પણ દરવાજો ન ખૂલ્યો એ ન જ ખૂલ્યો. મેં મોઢું ફુલાવી જોયું. પણ એ ફૂલેલું જ રહી ગયું.

નર્સિંગ સ્ટાફે વૅન્ટિલેટર સિસ્ટમ ગોઠવી દીધી હતી. મશીનોનાં રીડિંગ સેટ કરીને એ બધાં બહાર નીકળી ગયાં. હવે હું નિશ્ચેતન અવસ્થામાં ઘણાબધા પ્રશ્નો સાથે ઊભો હતો અને એ નિશ્ચેતન અવસ્થામાં નિશ્ચિંત સૂતા હતા. જાણે મશીનો જ હવે પપ્પાને બચાવી લેવાના હોય એમ જાત-જાતના અવાજ થઈ રહ્યા હતા. હું કશુંયે સમજ્યા વિના બેડ પર સૂતેલા વ્યક્તિ અને મશીનોને આશાભરી નજરે જોવા લાગ્યો.

'વૅન્ટિલેટર હટાવ્યા પછી જ સાચી ખબર પડશે.' ડૉક્ટરે મારા ખભા પર હાથ મૂકીને કહ્યું.

એકાએક ડૉક્ટરે જાણે પડદો હટાવી નાખ્યો હતો. શું કરવું અને શું નહીં એ ગડમથલ મારી અંદર શરૂ થઈ ગઈ હતી. એક સત્ય જેને હું સતત ત્રણચાર દિવસોથી પાછળ ઠેલ્યા કરતો હતો એ અજાણતાં જ પડદા ચીરીને મારી સામે આવી ગયું હતું.

'વૅન્ટિલેટર હટાવ્યું જ ન હોત તો ?' મને પ્રશ્ન થયો.

મારો હાથ ધ્રૂજી ગયો. ધીરે ધીરે હું આખો ધ્રૂજવા લાગ્યો.

સ્કૂલના વાર્ષિક ઉત્સવ વખતે પપ્પાએ જે રીતે મને ધોતિયું પહેરાવ્યું હતું એ યાદ આવી ગયું. એક પછી એક ઘડ વળાતી ગઈ. એક અદશ્ય હાથ જાણે મારી મદદે આવી ગયો. મારા ધ્યાન બહાર ધોતિયું પહેરાઈ ગયું હતું. હું ધ્રૂજતો ધ્રૂજતો વિધિસ્થાને આવ્યો.

'કેમ ધ્રૂજો છો યજમાન ? હજુ તો બે-ત્રણ વાર માથાબૂડ સ્નાન કરવું પડશે.' ગોર મહારાજ હસતાં હસતાં બોલ્યા, 'ઊંડા શ્વાસ લઈને અહીં બેસી જાઓ.'

'આ દરેક વસ્તુ આપણે અલગ અલગ દેવતાની સામે ધરીશું. એમને અહીં બોલાવીશું.' ગોર મહારાજ મારી સામે જોઈ રહ્યા. મારું ધ્યાન બીજે હતું. એમણે ફરી એ શબ્દોનો ઉચ્ચાર કર્યો. હું માત્ર સાક્ષી ભાવે આ બધી ક્રિયા જોઈ રહ્યો હતો, અદ્દલ હૉસ્પિટલમાં જોઈ હતી એમ જ. ડૉક્ટરોના આશ્વાસનથી લઈને એમના અંતિમ જવાબ સુધીની એકેય વાત મને સમજાઈ જ ન હતી. બધું એની રીતે ઘટી રહ્યું હતું, જેમ અત્યારે ઘટી રહ્યું છે. જનાર વ્યક્તિ તો ચાલી ગઈ. હવે શું મતલબ છે આ બધાંનો ? કાંઈક નિષ્ક્રિયતા અંદર સુધી ઘર કરી ગઈ.

'અત્યારે અવસાન પામેલ વ્યક્તિ પ્રેત સ્વરૂપે વાયુમાં ભ્રમણ કરતા હોય. આપણે એમને પિતૃ સ્વરૂપમાં દાખલ કરશું.' ગોર મહારાજે વિધિનો અર્થ સમજાવ્યો.

ગોર મહારાજના શબ્દોમાં મને ડૉક્ટરના શબ્દો ભળી ગયા હોય એવું લાગતું હતું. એ શબ્દોથી દૂર જવા માટે હું નદી તરફ જોવા લાગ્યો. એ બન્ને કાંઠે શાંતિથી વહી રહી હતી.

'આટલું શાંત કોઈ કેમ હોઈ શકે?' મેં નદીને પૂછ્યું.

એના જવાબમાં નદીએ પવનની લહેરખી મૂકી. એ પવનનાં સ્પર્શમાં કોઈ જાણીતા સ્પર્શ જેવી મીઠાશ અનુભવાઈ. દૂર એક નાવ કાંઠે ઊભી હતી. એની પાસે કોઈ ન હતું છતાંય પવનમાં હાલકડોલક થતી હતી. ગોરનાં મોઢે બોલાયેલો પ્રેત શબ્દ મારી અંદર પડઘાતો હતો.

'એ પ્રેત સ્વરૂપે અહીં આવતા હોય તો એમ પણ, મને હું સ્વીકારી લઈશ. જુઓ હમણાં જ ધોતિયું પહેરવામાં મારી મદદ કરી ને એમણે ?' આ શબ્દો હવામાં ભળી ન શક્યા. બે હોઠ વચ્ચે આવી ગયેલું ડૂસકું કેમેય પાછું જતું ન હતું.

ડૉક્ટર ખૂબ મહેનત કરતા હતા. મશીનોએ જાન રેડી દીધી હતી. દવા અને ઇંજેક્શને પણ કમર કસી લીધી હતી. આખાય વૉર્ડના કેન્દ્રસ્થાને જાણે અમે જ હતાં એવું લાગતું હતું. એક વ્યક્તિ બેડ પર નિરાંતે સૂતી હતી અને કેટલીક બેચેન આંખો એમને જોઈ રહી હતી.

'આ રીડિંગ દર ત્રીસ મિનિટના અંતરે લેતા રહેજો.' ડૉક્ટરે એમના નર્સિંગ સ્ટાફને સૂચના આપી અને મને બહાર આવવા માટે કહ્યું.

ડૉક્ટરે મારા ખભે હાથ રાખતાં કહ્યું,

'રાહ જોવી પડશે. ઘણી વાર પેશન્ટ આ સ્ટેજમાંથી પાછા પણ આવી જતા હોય છે. વિલ ટ્રાય અવર બેસ્ટ, ઓકેય. તમે હિંમત ન હારજો.'

ગોરે બાજોઠ પર દેવોની સ્થાપના કરી. દેવોના ગુણ અનુસાર કપડાં પર એમની પ્રિય વસ્તુઓ મૂકી. એ એટલી સહજ રીતે ક્રિયાઓ કરી રહ્યા હતા કે એમની સહજતા જોઈને મને ઈર્ષા થતી હતી.

હું વૉર્ડની અંદર ગયો. નર્સ એક એક કરીને ત્રણ બાઉલમાં સવાર-બપોર-સાંજ દવાઓ રાખતી હતી. નર્સની દવા આપવાની ઝડપ જોઈને મને ડર લાગ્યો કે આ ક્યાંક એકની બીજાના બાઉલમાં દવા રાખી ન દે. મારી નજર બાજુમાં સૂતેલા પપ્પા પર ગઈ. આટલી બધી દવાઓ જોઈને હમણાં જ ભાગી જશે એવો વિશ્વાસ બંધાતો હતો. પણ એકાદ-બે જગ્યાએ સોય ભોંકાયેલી જોઈ ત્યારે મારો વિશ્વાસ તૂટવા લાગ્યો. ચહેરા પર કદી ન જોયેલી નિરાંત હતી. એ નિરાંત મને ગમવા લાગી. છતાં જાણે કે એ અસહ્ય લાગતી હતી.

'તમે યજ્ઞોપવીત ધારણ નથી કર્યા ?'

'ના.' મારી નજર મારા શરીરના ઉપરના ખુલ્લા ભાગ તરફ ગઈ.

'જનોઈ તો લગ્ન સમયે જ લઈ લેવાની. અત્યારે એ ખર્ચો કરવાનો વખત નથી. ભણવાના ખર્ચા પહેલા. પછી બીજું બધું.' ભાઈબંધે જનોઈ લીધેલી ત્યારે મેં પણ જનોઈ

લેવાની જીદ કરેલી ત્યારે પપ્પાએ કહેલા શબ્દો યાદ આવ્યા. ગોર મહારાજે મંત્રોચ્ચાર શરૂ કર્યા… ગાયત્રી મંત્ર બોલીને યજ્ઞોપવીત ધારણ કરાવ્યા.

'શવ્ય.' બ્રાહ્મણે મારી સામે જોયું.

હું ગોરની સામે બાધાની જેમ જોઈ રહ્યો. બ્રાહ્મણે શવ્ય અને અપશવ્ય નામના બે શબ્દોના અર્થ સમજાવ્યા. સમગ્ર વિધિ દરમિયાન મારા ભાગે કેટલું બોલવાનું આવશે એ સમજાવ્યું. હું મનમાં એ યાદ કરવા લાગ્યો. ગૌત્ર કહે એટલે ભારદ્વાજ, મમઃ કહે એટલે મારું નામ, પિતુઃ કહે એટલે પપ્પાનું નામ. આટલું બોલવાથી વાયુ સ્વરૂપે ફરતા અસંખ્ય પ્રેતમાંથી આપણા પ્રેત જ આપણી પાસે આવે. એમ સમજાવ્યું. મેં અને મહારાજે વારાફરતી એકબીજાને તિલક કર્યાં. એમણે દર્ભને પાણીના કળશમાં મૂક્યું. મને દર્ભની વીંટી પહેરાવી.

'જનોઈ અને દર્ભ આપણને નકારાત્મકતાથી બચાવે છે. અને પાણી આપણી દરેક ક્રિયાનું રેકોર્ડિંગ કરશે.' મહારાજે હસતાં હસતાં કહ્યું.

પણ મારા પપ્પા મને કઈ નકારાત્મકતા આપે ? અંદરથી એક પ્રશ્ન આવ્યો. એનો જવાબ મળે એના પહેલાં જ વિધિ ચાલુ થઈ.

મારા સહિત બબડતા મોઢે સૌ બહાર આવ્યાં : 'શું થઈ ગયું ? કેમ થયું ? કાલ સુધી તો બરોબર હતાં ? હવે ડૉક્ટર શું કહે છે ?' પ્રશ્નોનું ઘોડાપૂર મારી સામે આવી રહ્યું હતું ને હું ફક્ત એને ઝીલવા ઊભો હતો. મને પણ આ જ પ્રશ્નો હતા પણ મારે કોને પૂછવાના ? બધું સાંભળ્યા પછી સૌએ પ્રાર્થના કરી, એકાદ-બે જણે મારી પીઠ થાબડી, ટિફિન અને રૂપિયાની વ્યવસ્થા અંગે પણ પૂછ્યું. થોડી વારમાં જ ભીડ એમના પ્રશ્નો સાથે ઓસરી ગઈ. હું ખાલી થતાં હૉસ્પિટલના કોરિડોરમાં એક છેડેથી બીજે છેડે અકારણ ચાલવા લાગ્યો. વૉર્ડબૉયે શાંતિથી બેસવાનું કહ્યું. હું બેસી ગયો, શાંતિની શોધમાં.

ફરી મંત્રોનાં ઉચ્ચારણ શરૂ થયાં. શવ્ય-અપશવ્ય કરવામાં જનોઈ વારેઘડીએ ઊતરી જતી હતી. ગોર એ જોઈને હસી પડતા. હું ઝંખવાણો પડી જતો. પપ્પા જો અહીં હોત તો એ ગોરને બરોબર પાઠ ભણાવત.

પણ એ તો અહીં જ છે ને. હમણાં તો વિધિમાં સમજાવ્યું. મારા ચહેરા પર અનાયાસે સ્મિત આવી ગયું.

વાતાવરણમાં પવિત્રતા અને ઊર્જાનો અનુભવ થયો. છતાં એક પ્રકારની અશાંતિ ચિત્તને ઘેરી વળી હતી. નદી પરથી વહી આવતો ઠંડો પવન ચૈત્ર મહિનાની ગરમીને પોતાનામાં સમાવી રહ્યો હતો. એ પવનને મોકલનાર પપ્પા જ છે. જ્યારે અમે ખરા બપોરે બહાર હોઈએ ત્યારે પપ્પા મને પોતાના પડછાયામાં ઊભો રાખતા અને તુરંત જ બીજી ક્ષણે ઠંડો પવન મને સ્પર્શી જતો.

એ વિચારે મારા ચહેરા પર મંદ હાસ્ય આવી ગયું અને અશાંતિ પણ હાસ્યને જોઈ પવનમાં વિલીન થઈ ગઈ. અગરબત્તીની સુગંધ વાતાવરણમાં ભળી. ગોર મહારાજે એમના સાથીઓને ચોખાના લોટના પિંડ બનાવવાની સૂચના આપી. મને હાથ-પગ ધોઈ આવવા કહ્યું.

નદીના કિનારે જઈને હું અટકી ગયો. તડકામાં અગાધ જલરાશી ચમકી રહી હતી. એ એટલી હદે ચમકતી હતી કે એકચિત્તે નદી સામે જોઈ શકાતું ન હતું. શાંત કિનારો પવન પર બેસાડીને મને જુદા જ પ્રદેશમાં લઈ જતો હતો. હું પવન પર બેસી ગયો.

જાણે હજુ અહીં આસપાસ જ પપ્પા ઊભા છે અને મને કહી રહ્યા છે, 'પવન પરથી ઊતરી જા. પડી ગયો તો આડુંઅવળું લાગી જશે.' હું તરત જ પવન પરથી ઊતરી ગયો. નદીનાં હૂંફાળાં પાણીનો સ્પર્શ મને શિયાળાની વહેલી સવારના એ દિવસોમાં લઈ ગયો કે જ્યારે પપ્પા હળવેકથી ફોસલાવીને નવડાવી દેતા.

'યજમાન.' ગોર મહારાજ કશુંક બોલ્યા હતા. પવનની વિપરીત દિશાને લીધે મને સ્પષ્ટ સંભળાઈ ન શક્યું. પણ એમનો ઇશારો હું સમજી ગયો.

હું ઝડપથી ભીના પગને રેતી પર પાડતો પાછો ફર્યો.

મારી સામે રાખેલા પાત્રમાં પિંડ મૂકેલા હતા.

'આ દરેક પિંડ શરીરના મુખ્ય ભાગોનું પ્રતીક છે. જેના વડે આપણે તમારા પિતાના શરીરને ઉત્પન્ન કરીશું.'

'પપ્પા આવશે ?' હું બોલી પડ્યો.

'હા, જો આસ્થા હોય તો બધું જ શક્ય છે. પિંડને પાણીથી સ્નાન કરાવીને પવિત્ર કરીશું, સૂતરનાં વસ્ત્રો પહેરાવીશું, કંકુ-ચોખાથી તિલક કરી પિંડના આશીર્વાદ લઈશું. સૌથી આગળનો પિંડ મસ્તિષ્કનો પિંડ છે અને અંતિમ પગનો પિંડ છે.'

મસ્તિષ્કના પિંડ પર મેં હળવેકથી આંગળી મૂકી. આંગળી મૂકતાંની સાથે જ એની છાપ સ્પષ્ટ થઈ આવી. એ હૉસ્પિટલમાં હતા ત્યારે પણ આંખ મીચીને સૂતેલા પપ્પાના કપાળે કેટલીયે વાર હાથ ફેરવ્યો હતો. એમની લમણાની નસો જાણે કે થીજી ગઈ હતી. એ ધબકે એ માટે હું સતત પ્રયત્નો કરી રહ્યો હતો. પણ જ્યાં ન્યૂરોસર્જન નિષ્ફળ નીવડ્યા હતાં ત્યાં મારું શું ગજું ?

મારાથી પિંડને થોડું વજન અપાઈ ગયું અને તરત જ એ પિંડ તૂટી ગયો.

'યજમાન, આ શું રમત માંડી છે?' ગોરે અણગમો વ્યક્ત કર્યો.

'એમનું મગજ જ બંધ પડી ગયું હતું. બ્રેઇન ડેડ. પણ શરીર સાજું હતું. પછી આખું શરીર સાજું હોય તોપણ શું ?'

ગોર મહારાજ મારી સામે જોઈ રહ્યા. તૂટેલા પિંડને ફરી પહેલાંની જેમ ગોળ બનાવી નાખ્યો.

'વાહ ! જે કામ ડૉક્ટરથી આટલા પ્રયત્નો પછી પણ ન થયું એ તમે તો બે મિનિટમાં જ કરી નાખ્યું.' હું સ્વગત બોલ્યો.

વૅન્ટિલેટર બંધ ન કર્યું હોત તો કદાચ...?' ખાંડાની ધાર પર ચાલતી મારી પ્રજ્ઞા એક બાજુ નમવા લાગી.

એમણે ફરી મંત્રો બોલવાના શરૂ કર્યા. મંત્રો બોલાતા ગયા. પગ, જાંઘ, પેટ,

છાતી, મગજ. આખું શરીર ફરીથી ઉત્પન્ન થઈ ગયું. મને એ શરીર સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યું. આ રહ્યો પપ્પાનો મજબૂત હાથ. એમની મોટી આંગળીઓ અને આ પગ, પહોળા ખભા જેન પર હું ચડીને રમતો. માથાના વાળ અને મોટી મોટી આંખો. મેં બધા જ પિંડને ધારીને જોયા. મગજનો કાંઈક ભાગ વિચિત્ર રીતે ગોઠવાયેલો લાગતો હતો.

મગજના પિંડને હાથમાં લીધો અને એને ફરી ગોળ કરવાનો પ્રયત્ન કર્યો પણ એનાથી કાંઈ જ ફરક ન પડ્યો. ઉત્પન્ન થયેલું શરીર પવનની સામે ટટ્ટાર ઊભું રહી શકતું ન હતું. ત્યાં અચનાક સવારે વિસર્જન કરેલા અસ્થિઓ એક પછી એક એમાં જોડવા લાગ્યા. એ કદાચ મારી સામે હસતા હતા. પ્રસન્ન મુદ્રામાં મને જોઈ રહ્યા હતા. હું કૅમેરો લઈને ઊભો હોઉં ત્યારે જે પોઝમાં ઊભા હોય એમ બિલકુલ એ જ પોઝમાં મને દેખાતા હતા. ચહેરા પરનું એમનું પરિચિત હાસ્ય અને ગમે તેટલા અવાજમાં પણ ધ્યાન ખેંચી લેતો અવાજ સંભળાયો...

'પિંડ વિસર્જન.'

ત્યાં તો અચાનક એ શરીર દેખાવાનું બંધ થઈ ગયું. એક-એક કરીને અંગો ખરતા ગયા. પહેલાં પહોળા ખભા, પછી પગ, માથું, ધડ અને પછી તો આખુંય શરીર નીચે ઢગલો થઈ ગયું. હું હાથનો ટેકો આપવા જાઉં એ પહેલાં જ મારા હાથ જકડાઈ ગયા.

'હમણાં જ વૅન્ટિલેટર સિસ્ટમ ચાલુ કરાવું.' મારાથી ચીસ પડાઈ ગઈ.

ગોર મહારાજ અને એમના સાથીઓના મોટા અવાજમાં એ ચીસ દબાઈ ગઈ.

'તમે વાત ગમે તેટલી ફેરવીને પૂછશો... મારો જવાબ એક જ છે. ઈમ્પૉસિબલ શબ્દ અમારી ડિક્ષનરીમાં તો છે જ.' ડૉક્ટરે સસ્મિત કહ્યું.

'આ ત્રણ પિંડ એટલે તમારા પિતૃ અને લંબગોળ પિંડ એટલે તમારા પિતા જે અત્યારે પ્રેતસ્વરૂપ છે. લંબગોળ પિંડ અને પિતૃ પિંડનું સંયોજન કરીને આપણે પ્રેત સ્વરૂપે રહેલા તમારા પિતાને પિતૃસ્વરૂપ આપશું.' ગોર મહારાજે કહ્યું.

જમણા હાથના અંગઠાથી પિતૃ પિંડને હળવેકથી દબાવીને પંચામૃત વડે પૂરી શ્રદ્ધાથી હું પિંડ સંયોજન કરવામાં લાગ્યો. ત્રણેય પિંડને વારાફરતી સ્નાન કરાવીને સૂતરનાં વસ્ત્રો પહેરાવ્યાં. પિંડની પૂજા કરીને પિતૃ પાસેથી ધન, પુત્ર, વિદ્યા, કીર્તિ અને આયુ માગ્યાં.

'હું ક્યા કશું આપી શક્યો છું ? ને માગી રહ્યો છું.' મેં મહારાજને કહ્યું.

એમણે મારી વાતને અવગણી.

ગોરે સ્નાન કરવાનું કહ્યું. મેં આંખો ખોલી. પપ્પાથી પ્રેત અને પ્રેતથી પિતૃ વાયા પિંડ. આ સફરના અવશેષો છોડીને જવાનું મને મન ન હતું છતાં ગોરે બીજી વાર ટકોર કરી ત્યારે જવું જ પડ્યું.

'તો આ તમારો અંતિમ નિર્ણય છે ?' ડૉક્ટરે પૂછ્યું હતું.

હું માત્ર ડોકું ધુણાવી શક્યો હતો. ત્યારે આંખ સામે માત્ર જડ બની ગયેલો પપ્પાનો ચહેરો હતો જે અત્યારે પિંડમાં દેખાતો હતો.

'તેમ છતાં આપણે ભગવાન તો નથી. કદાચ વૅન્ટિલેટર કાઢ્યા પછી મગજ કામ કરવાનું ચાલુ પણ કરી દે.'

કદાચ હું જાણતો હતો કે ડૉક્ટરના શબ્દોનું આયુષ્ય બે મિનિટથી વધારે ન હતું. વૅન્ટિલેટર બંધ થતાંની સાથે જ વૉર્ડમાં સોપો પડી ગયો. અવાજ કરતાં મશીનો એકએક શાંત થઈ ગયાં. કશાકની રાહ જોતું મારું મન પપ્પાના ચહેરા અને આંખો પર સ્થિર થઈ ગયું. જાણે હમણાં કશીક હલનચલન થશે. પણ એ ન થઈ એ ન જ થઈ.

'સર્વ વિધિવિધાન પૂર્ણ થઈ ગયાં છે. તમારા પિતા હવે પિતૃસ્વરૂપને પામ્યા છે. મનુષ્યમાત્ર ભૂલને પાત્ર છે. આપણે ઈશ્વર નથી. વિધિમાં કોઈ ભૂલચૂક થઈ ગઈ હોય તો પરમકૃપાળુની ક્ષમાયાચના કરી લઈએ.'

ગોર મહારાજના શબ્દો મારી અંદર પડઘાતા હતા. હું હાથ જોડી પપ્પાની માફી માગતો હતો.

મને યાદ છે અંતિમ ઘડીએ એમનો હાથ સહેજ કંપ્યો હતો. કદાચ મને કશુંક કહેવા...

❑

થોડો વગડાનો શ્વાસ | જયંત પાઠક

થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં,
પ્હાડોનાં હાડ મારા પિંડમાં ને
નાડીમાં નાનેરી નદીઓનાં નીર;
છાતીમાં બુલબુલનો માળો ને
આંગળીમાં આદિવાસીનું તીણું તીર;
રોમ મારાં ફરકે છે ઘાસમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.

સૂરજનો રંગ મારાં પાંદડાં પીએ ને
પીએ માટીની ગંધ મારાં મૂળ;
અર્ધું તે અંગ મારું પીળાં પતંગિયાં ને
અર્ધું તે તમરાંનું કુળ;
થોડો અંધારે, થોડો ઉજાસમાં,
થોડો ધરતીમાં, થોડો આકાશમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૦૮)

વાદી રમ

વર્ષા અડાલજા

જૉર્ડનનું હવે અતિ પ્રખ્યાત રણ. લોન્લી પ્લેનેટ પબ્લિકેશન એવું પ્રકાશનગૃહ છે, જે દુનિયાના દેશોની સંપૂર્ણ માહિતી ધરાવતાં પુસ્તકો પ્રગટ કરે છે. છેલ્લામાં છેલ્લી માહિતી સાથે તેની નવી આવૃત્તિઓ પણ પ્રગટ થાય છે. જુદા જુદા દેશોની સફરે ઊપડતાં અનેક ટૂરિસ્ટોએ પુસ્તકો ખરીદીને મુસાફરી કરે છે. લોન્લી પ્લેનેટે આ વર્ષમાં એટલે કે ૨૦૧૯માં વિશ્વમાં જોવાલાયક દસ દેશોની યાદી પ્રગટ કરી છે. તેમાં જૉર્ડનના વાદી રમનું મોખરાનું સ્થાન છે.

વાદી રમ. ઓહો ! એનાં તે કેટલાં લાડભર્યાં નામ ! વેલી ઑફ લાઇટ. રોમન વેલી (પેટ્રા અને જૉર્ડનમાં રોમન સ્થાપત્યની અમે કેટલી ઇમારતો જોઈ!) તો વળી કિંગ્સ હાઇવે તરીકે પણ ઓળખાય. દશ્યો માણી શકાય એટલે હશે, જીપ થોડી ધીમી ગતિએ જઈ રહી છે. ચોતરફ અદ્‌ભુત દશ્યાવલિ. સૂરજનાં કુમળાં કિરણોમાં રેતીની લાલ રંગની ઝાંય ઝળહળે છે. જાણે સૂરજે સુવર્ણરજનો કર્યો છે છંટકાવ. પ્રકૃતિએ વાયુનાં ટાંકણાંથી રચેલા આ મનોહર પર્વતશિલ્પોમાંથી પણ લાલ રંગની છોળ ઊડી રહી છે. જાણે આ પૃથ્વી પરનો પ્રદેશ જ નથી. છે મંગળનો ગ્રહ. યસ. માર્સ ઑન અર્થ. હૉલિવૂડમાં માર્સ પર જેટલી ફિલ્મ્સ બની છે તેમાં વાદી રમનું જ માર્સ તરીકે શૂટિંગ કર્યું છે.

તોય લાડકું નામ તો વાદી રમ જ.

૧,૮૩,૩૫૨ એકરમાં પથરાયેલું આ રણ – ન્યૂયૉર્ક શહેર જેટલો વિસ્તાર – સૌંદર્યસ્થળ તરીકે અનન્ય છે. એટલું જ ઐતિહાસિક રીતે પણ મહત્ત્વનું છે એટલે તેને સંરક્ષિત પ્રદેશ તરીકે યુનેસ્કોએ જાહેર કર્યો છે. પ્રાગૈતિહાસિક કાળથી કંઈ કેટલીયે સંસ્કૃતિઓ પોઠોની વણઝાર લઈ એનાં પદચિહ્ન મૂકતી અહીંથી પસાર થઈ છે. સાડા બાર હજાર વર્ષનો ઇતિહાસ કાળના પ્રલંબ પટ પર અહીં પથરાયો છે. પૃથ્વીની ઉત્ક્રાન્તિની પણ વાદી રમ સાક્ષી.

વનજીવનની લીલીછમ્મ વન્યલીલાથી રેતીની પણ લીલયાક્રીડા કંઈ કમ નથી. નદી જળટાંકણે કંડારે છે, કિનારાઓ અને ખડકોનાં નયનરમ્ય જળશિલ્પો. રેતીએ પણ પવનટાંકણે કંડાર્યા છે આ મનોહર સૅન્ડસ્ટોનના પહાડોને. રેતી પણ સંસ્કૃતિનું પારણું છે, એ પોષે છે, સંવર્ધન કરે છે સંસ્કૃતિનું. વાદી રમ એક જીવંત અને અનોખી લાઇબ્રેરી પણ છે.

પ્રાગૈતિહાસિક કાળના, રણમાં વિચરતી અનેક જાતિઓએ અહીં ઇતિહાસનું આલેખન કર્યું છે. ગુફાઓમાં, પથ્થરોને કંડારીને, પહાડની ખરબચડી સપાટી પર ચિત્રલિપિઓ અંકિત કરીને ધનુષબાણ લઈ ઊભેલી માનવાકૃતિ, ઊંટ, ઘોડા કોતરાયાં છે. ભૌગોલિક આકૃતિઓ પણ છે. ઇજિપ્તનું વિસ્તૃત રણ છે છતાં એની સંસ્કૃતિને પોષી

નાઈલ નદીએ. પણ અહીં તો છે નિર્જન નિર્જળા વિસ્તાર. કોઈ ઊંચી ટોચ પરથી દૂર નજર માંડીએ તો દેખાય છે રાતો સમુદ્ર અને સાઉદી અરેબિયાની સરહદ. રાતા સમુદ્રનું આ સ્થળવિશેષ પણ છે. ઈશુ પોતાના અનુયાયીઓને લઈ રણ વીંધી એને કાંઠે આવ્યા ત્યારે રાતા સમુદ્રે તેમના ચરણસ્પર્શથી તરત બે ભાગમાં વહેંચાઈને એમને માર્ગ કરી આપ્યો હતો અને ઈશુ સાઉદી અરેબિયા ગયા હતા.

વર્ષો પહેલાં 'ટેન કમાન્ડમેન્ટ્સ' ફિલ્મ જોયેલી. ચાર્લ્સ હેસ્ટને મોઝીઝ તરીકે અદ્ભુત અભિનય કર્યો હતો. ૧૯૫૬માં ફિલ્મ બનેલી ત્યારે આટલી અને આવી સ્પેશ્યલ ઇફેક્ટ્સ ક્યાં હતી ! જે રીતે રાતા સમુદ્રનાં જળ ઊછળીને બે ભાગમાં વહેંચાઈ જાય છે એ દૃશ્ય એવું સરસ ફિલ્માયું હતું કે થિયેટરમાં સન્નાટો... પછી તાળીઓના ગડગડાટ એ મને યાદ આવ્યું. આજે એ જ સ્થળે હું ઊભી હતી એ વિચાર મને રોમાંચિત કરે છે.

જીપ-ડ્રાઇવરનું નામ છે આતા. એ ધીરે ધીરે જીપ ચલાવી રહ્યો છે. કદીક સીધે રસ્તે, ક્યારેક વળાંક લેતો, તો ક્યારેક બેનમૂન શિલ્પ જેવી ખડકાકૃતિ પાસે અટકી જાય છે. આ શું છે ? એને શબ્દોમાં કેમ બાંધું! કારણ કે આ રૂઢિગત અર્થમાં પહાડો નથી. કોઈ નીચે પથરાયેલા ખડકો, તો કોઈ શિવલિંગ આકાર, તો કોઈ ધ્યાનસ્થ મુનિ. તો કોઈ વિશાળ, ફેલાયેલો અને એક જ સૅન્ડસ્ટોનથી એવી સુંદર ઝીણવટભરી કોતરણીવાળો કે મને થયું આ તો મંદિરનું પ્રવેશદ્વાર!

હવે સૂરજ કિરણોને સરાણે ચડાવી તીખી ધાર કાઢી રહ્યો છે ને તોય ઠંડીમાં ઠૂંઠવાઉં છું. એક જગ્યાએ જીપ ઊભી રહી કે તરત ઊતરી પડી. આતાએ વજનદાર, રૂચ્છાદાર કોટમાં પગથી માથા સુધી મને ઢબૂરી દીધી. પણ માધવી બિન્દાસ ખુલ્લી જીપમાં.

ડેઝર્ટ સફારી દુબઈમાં પણ કરી છે પણ એ સફારી માત્ર મનોરંજન અને રોમાંચ માટે. રણમાં રેતીના ઢૂવા ઠેર ઠેર. ડ્રાઈવર દે, ફરી બીજા ઢૂવા પર દોટ. સાથે ઝડપી તાલનું અરેબિક મ્યુઝિક કે પછી બૉલિવૂડનાં ગીતો. ટૂરિસ્ટો ઉપરનીચે ફંગોળાય એટલે ચીસાચીસ, હાસ્ય અને મ્યુઝિકનું કૉકટેઈલ પાનો ચડાવે. દૂર સુધી પથરાયેલી ઝીણી રેતી. બસ.

ઇજિપ્તમાં પિરામિડો જોયા પછીની રણની મુસાફરી અત્યંત કંટાળાભરી હતી. જાણીતી કંપનીની ટૂરમાં, ચૌદ લોકોના ગ્રૂપમાં હું અને શિવાની થોડાં વર્ષો પહેલાં ગયાં હતાં. કાઈરો પ્રાચીન અને સુંદર શહેર. કેટકેટલું જોવાનું ! મ્યુઝિયમ, મસ્જિદો, બજાર... પણ ત્યાંથી અમને બસમાં લઈ ગયાં હરગાડા. પૂરા આઠનવ કલાકની રણમાં મુસાફરી. છેક ક્ષિતિજ સુધીનાં દૃષ્ટિપથને સ્પર્શે એવું કશું જ નહીં. ધખધખ સૂરજ અને સપાટ શ્વેત રણભૂમિ. બારી પર પડદા નાંખી લોથપોથ હરગાડા પહોંચ્યાં. હરગાડા માત્ર બીચ રિઝોર્ટ! સૂર્યસ્નાન કરવા શ્વેત માનુનીઓનાં ટોળાં ઊતરી આવે. ત્રણ દિવસ ત્યાં ગયા. હરગાડાને પોપ્યુલર ડેસ્ટિનેશન બનાવવાની માર્કેટિંગ સ્ટ્રેટેજી. ઇજિપ્ત જવું હોય તો સાવધાન! ટૂર પ્રોગ્રામ ધ્યાનથી વાંચજો.

પણ વાદી રમ રણની સફારી જીવનભર ન ભુલાય એવો આહ્લાદક અનુભવ. ઑલમોસ્ટ સર્રિયલ. એક ખડક પાસે આતાએ જીપ ઊભી રાખી. હાથ પકડી અમને

સાવધાનીથી ઉપર ચડાવ્યા. એ એક કૂદકે ચડીને ગર્વથી કહે છે : 'લોરેન્સ ઑફ અરેબિયા' ફિલ્મનું એક દૃશ્યનું શૂટિંગ આ જ સ્થળેથી થયું હતું.

'લોરેન્સ ઑફ અરેબિયા' એક અવિસ્મરણીય ફિલ્મ. કૉલેજકાળમાં જોયેલી. અંગ્રેજી ક્યાંક ઓછું સમજાયેલું, પણ મન પર અમીટ છાપ છોડેલી અને ઓમર શરીફનો લૉરેન્સ તરીકે લાજવાબ અભિનય. લૉરેન્સ આરબવિશ્વનું સુવર્ણાક્ષરે લખાયેલું નામ. ૧૯૧૬માં આરબોએ સ્વાતંત્ર્ય માટે બળવો કરેલો. થૉમસ એડવર્ડ લૉરેન્સ બ્રિટિશ આર્મી ઑફિસર, પુરાતત્ત્વવિદ, લેખક, કુશળ રાજનીતિજ્ઞ, ઇતિહાસકાર. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે ટર્કીના ઑટોમન સામ્રાજ્યે આરબોનો બળવો દાબી દેવાનું મિશન તેને સોંપેલું.

આરબોને સ્વાતંત્ર્ય અપાવવાનો, અનેક યુદ્ધો લડવાનો એનો એક લાંબો ઇતિહાસ છે. ટર્કીએ એ સમયે લૉરેન્સને માથે હજારો ડૉલરનું ઇનામ જાહેર કરેલું, એક પણ આરબે લૉરેન્સ વિશે કશી જ માહિતી ન આપી. લૉરેન્સ આરબોનાં પરંપરાગત વસ્ત્રોમાં, એમની ભાષા બોલતો આ વાદી રમમાં ઊંટ પર સતત મુસાફરી કરતો જાણે સ્વયં આરબ ! એનું જીવન અત્યંત રોમાંચ, સાહસ અને સિદ્ધિઓથી ભરેલું. ૧૯૬૨માં ફિલ્મ પ્રદર્શિત થઈ અને આ એપિક હિસ્ટૉરિકલ ડ્રામાને પ્રસિદ્ધિ અને ઓસ્કાર મળ્યાં.

વાદી રમનું એક સુંદર દૃશ્ય અહીં, આ જગ્યાએ ફિલ્માવાયું અને વિશ્વભરનાં લોકો આ અદ્ભુત સૌંદર્યસ્થળ જોઈ અભિભૂત થઈ ગયા, એની પર વારી ગયા. ત્યારબાદ લોકોનો સતત પ્રવાહ આ તરફ વહેવા લાગ્યો. પર્યટકો, ફોટોગ્રાફરો, સાહસિકો, સંશોધકો અને ઇતિહાસવિદો, દુર્ગમ પહાડો ચડતાં પર્વતારોહકો અને અનેક ફિલ્મ પ્રોડક્શન હાઉસીસ. એક જ કૂંચીથી વાદી રમનાં ભાગ્યનાં બારણાં ખૂલી ગયાં. એટલે આરબોને માટે ત્યારેય લૉરેન્સ તેમનો લાડીલો નેતા અને આજે પણ. આજે ટૂરિસ્ટોની અત્યંત પ્રિય જગ્યા વાદી રમ પ્રકાશમાં આવતાં પર્યટન ઉદ્યોગ ધમધમી ઊઠ્યો. રણમાં અનેક કંપનીના કૅમ્પ છે. અમારે સનસિટી કૅમ્પમાં રહેવું હતું. એના રિવ્યૂઝ સરસ હતા, પરંપરાગત નૃત્ય કાર્યક્રમ, કૅમ્પ ફાયર, બધાં આકર્ષણો હતાં. ઇજિપ્તમાં અમે આદિવાસી આફ્રિકનોનાં નૃત્ય જોયાં હતાં અને તેમનું કમાલનું ફૂટવર્ક જોઈ આફરીન થઈ ગયાં હતાં. પણ એ તો મહિનાઓ પહેલાં બધા જ ટેન્ટનું બુકિંગ થઈ ગયું હતું. અમારા કૅમ્પમાં નૃત્ય અને કૅમ્પફાયર નથી.

આ ખડક પર આતાએ અમને પ્રૉફેશનલ ફોટોગ્રાફરની કુશળતાથી પોઝ આપી ઊભાં રાખ્યાં અને ફટાફટ અમારા આઈફોન પર ફોટા પાડ્યા. ચોતરફ વિવિધ આખરનાં એટલાં સુંદર ખડકશિલ્પો હતાં કે અમે ત્યાં જ જમાવીને બેઠાં. અમે આવ્યાં ત્યારનો એક પ્રશ્ન મને થયા કરતો હતો. ત્યારે નિરાંત હતી. મેં આતાને પૂછ્યું :

'આટલું વિશાલ રણ, ચોમેર પથરાયેલા નાનામોટા કોતરાયેલા અનેક પહાડો. ન વસ્તી, ન સાઈનબોર્ડની નિશાનીઓ, ન પ્રકાશ. કશું જ નહીં. માત્ર તમે, જીપ અને આ રહસ્યમય રણ. હવે મને તું એ કહે, દિવસના કે રાત્રિના ઘનઘોર અંધકારમાં, તું આટલા આત્મવિશ્વાસથી જીપ લઈને જ્યાં જવું હોય ત્યાં શી રીતે પહોંચે છે ? ભૂલો નથી પડતો ?'

એ પણ એક કૂદકે ચડી જઈ પાસે આવીને બેસી ગયો.

એણે સરસ જવાબ આપ્યો :

'મૅમ, પૂર્વજોનાય પૂર્વજોના સમયથી અમે અહીં વસીએ છીએ. આ રણ જ અમારું જીવન. મા-બાપ, સાત ભાઈબહેન સ્વજનોનું કુટુંબ. નાનો હતો ત્યારથી મા-બાપ વાદી રમ લઈ આવે. આ એક એક ખડક, નાના કે મોટાનાં નામ છે, એ રહસ્ય માત્ર અમે જ જાણીએ. એ પહાડ પાસેથી ક્યાંથી ક્યાં જવાય એ નકશા વિનાનો નકશો અમને મા-બાપ શીખવે. આ રેતીના કણે કણને હું ઓળખું ત્યાં સુધી. માત્ર અમારી જાતિને જ એ રહસ્યની જાણ. અમારી જાતિ ક્યારેય ભૂલી પડી જ નથી. અશક્ય.'

'કેટલી સરસ શિક્ષણપદ્ધતિ! તારી જાતિનું નામ શું ? તમે ક્યાં રહો ?'

'મારી જાતિ બુડાઇન. મૅમ, આ ખડકો જેટલા જ હજારો વર્ષ જૂની છે. બાજુમાં એક રમ નામની વસ્તીમાં અમે રહીએ.'

'બુડાઇન નામનો કોઈ અર્થ છે આતા ?'

'યસ. બુડાઇન એટલે રણનો માણસ. આ રેતી, ખડકો અમારા શ્વાસ અને પ્રાણ.'

'સરસ. તારી પત્ની અને બાળકોને મને મળવા લઈ આવીશ ? આપણે ફોટો પાડીશું.'

મને એની કુટુંબની સ્ત્રીને મળવાની, વાતો કરવાની ઇચ્છા હતી. એક પણ સ્ત્રી અહીં દેખાઈ નહોતી.

આતા હસી પડ્યો.

'અરે મૅમ ! મને કોણ છોકરી આપે ?'

'કેમ ન આપે ?'

'મને ૨૭ વર્ષ થઈ ગયાં. મારી જાતિમાં હું મોટો થઈ ગયો, કોઈ કુંવારી છોકરી હોય જ નહીં.'

એ કૂદકો મારી ઊતરી ગયો. અમને હાથ પકડી ઉતારતાં એણે બેફિકરાઈથી કહ્યું :

'દુનિયા આટલી વિશાળ છે એ હવે મને ખબર પડી. ભલું થજો હૉલિવૂડનું. દુનિયાના ખૂણે ખૂણેથી ટૂરિસ્ટ આવે છે. રોજ નવા નવા માણસોને મળીને હું ખૂબ ખુશ છું, કુટુંબમાં ઘણાં બાળકો છે. મારે લગ્નની શી જરૂર !'

ફરી જીપ પર સવાર. બે કલાકની સફારી છે. ક્યાં પસાર થઈ ગયા ખબર પણ ન પડી. સૂરજદેવ તપી રહ્યા છે. પણ મારા રુચ્છાદાર ગરમ કોટમાં ઠંડી છીંડું પાડી પ્રવેશી શકે તેમ નથી. પાછા ફરતાં એક જગ્યાએ ઘણી જીપ ઊભેલી જોઈ, ટૂરિસ્ટો ફોટા પાડી રહ્યા છે. અમેય ઊતરી પડ્યાં. ટૂરિસ્ટો ઠંડા પ્રદેશમાંથી આવતા હશે. બધી જીપમાં ડ્રાઇવર-ગાઇડ મારા જેવા કોટ રાખતા હોય છે, પણ કોઈએ કોટ ઠઠાડ્યો નહોતો. ઘણાંએ સ્વેટર કે જર્સી પણ નહોતાં પહેર્યાં. વીર નરનારીઓને મારાં વંદન.

ઊતરીને જોયું તો એક મોટા પથ્થરમાં મોટા કદનું અદ્દલ ઊંટ કોતર્યું છે. બાજુના પહાડની ખરબચડી દીવાલ પર ઓહો કેટલી ચિત્રાકૃતિઓ! મનુષ્ય, ધનુષબાણ, પશુઓ, ભૌમિતિક સંજ્ઞાઓ. કેટલા ખંત અને પરિશ્રમથી કોતર્યું હશે ! કેવાં સાધનો, હથિયારો બનાવ્યાં હશે ! આતા ફરી અમારો ફોટોગ્રાફર બની ગયો. જીપમાં હું એની બાજુની

સીટમાં બેસું છું, વાતો કરતી રહું છું. એ કહે છે, હજારો વર્ષથી આ રણમાં વસ્તી હતી, કાફલાઓ પસાર થતા હશે એનો આ પુરાવો છે ને ! આ ચિત્રાકૃતિઓ દોરવાનું બીજું પણ કારણ છે. અહીંથી પસાર થતા મુસાફરો, પોઠ ભરીને લઈ જતા વણઝારાઓ આ આકૃતિઓ કંડારતા જાય છે. એ નિશાની છે ભૂલા ન પડે માટે, એટલે કે રોડ સાઇન્સ. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ, મધ્યમ કદનો સાધારણ દેખાવનો અભણ આરબ ખરેખર તો સ્માર્ટ છે. ટૂરિસ્ટોને રીઝવી શકે છે, વિશ્વના જુદા જુદા દેશના, વિવિધભાષી લોકોને ફેરવતા એ પોતે જાણે દુનિયા ઘૂમી વળ્યો છે, ઍડવાન્સ ફોન વાપરે છે એ અંગ્રેજીમાં વાત કરી શકે છે. સ્વયં સંચાલિત યુનિવર્સિટીમાં ઘડાયેલો માણસ.

સફારી પૂરી થઈ. પાછાં ફરતાં આતા એક જગ્યાએ જીપ ઊભી રાખે છે. 'મૅમ, રેસ્ટ હિયર.' પહાડની છાયામાં ખુલ્લી સપાટ જગ્યામાં હવે અમને પરિચિત થઈ ગયેલું. લાલ રંગના ડિઝાઈનવાળા કપડાથી મંડપ જેવી જગ્યા કરી છે. નજીકમાં કામચલાઉ વૉશરૂમ પણ બનાવ્યા છે. એની જાતિનાં લોકોની નાની દુકાન જેવી જગ્યા છે. આતા અમને અંદર લઈ જાય છે. લાકડાના પાટિયા પર બેઠક બનાવી છે. એક તરફ આવા પાટિયા ગોઠવી, સસ્તી વસ્તુઓ વેચાણ માટે રાખી છે. વચ્ચે ધગધગતું તાપણું છે. એમાં ત્રણચાર કીટલીઓ પડી છે અને ત્રણચાર આરબો તાપી રહ્યા છે. હું તો બેસી ગઈ એમની જોડે અને તાપવા લાગી. મને પછી ખબર પડી, માધવીએ એ દૃશ્યનો મસ્ત ફોટો પાડ્યો હતો.

વિશ્વમાં જુદા જુદા કાળખંડમાં જુદા જુદા દેશોમાં હજારો વિભિન્ન સંસ્કૃતિઓ છે, હશે, થઈ ગઈ. પણ તાપણા સંસ્કૃતિ તો એક જ અને અદ્વિતીય. કશા ભેદભાવ વિના સહુને અગ્નિ એક તંતુએ બાંધે છે. તાાપણું કેટકેટલી રીતે હૂંફ આપે છે !

---

* પ્રગટ થનાર પુસ્તકમાંથી આચમન

❑

પાંચ કાવ્યો

અશ્વિની કુમાર (અંગ્રેજી પરથી અનુવાદ) કમલ વોરા

૧. ઉનાળાના આરંભે ફ્લેમિંગો

કોઈને કલ્પના નહોતી કે
એકલતાના આ ભયાનક દિવસોમાં
મોં પર માટોડિયા રંગની મોં-પતી પહેરેલાં
બેરોજગાર પ્રવાસીઓનાં ધાડાં
અચાનક જ આ ઉજ્જડ નગરીમાં આવી ચડશે.

એમની સાથે જ આર્મેનિયન ફ્લેમિંગોનાં ઝુંડ પર ઝુંડ
આ ઉનાળાના આરંભે ખદખદતા પડછાયાઓ વચ્ચે
ઊતરી આવ્યાં,
એમની પરસેવે રેબઝેબ ગુલાબી પાંખો પરથી
શરણાર્થીઓ માટે હાલ જ બનેલાં રહેઠાણો પર
સરસવનાં પાંદડાં ખરતાં રહ્યાં.

પોતાનાં ખાલી પેટ ફફડાવીને,
દાણો-પાણી માટેની ભૂખી કિકિયારીઓથી
એમણે ધીમે ધીમે આખું આકાશ ભરી દીધું.

ચેપી લોહીની વાસથી ક્રોધે ભભૂકેલા સમૃદ્ધ રહેવાસીઓ
પોતાની જાતને ઉગારી લેવાની કપરી ક્ષણોમાં
પથ્થરોની વિચિત્ર ભાષા બોલી રહ્યા.

૨. વિજયી વિષાણુ

ધોબીઘાટ પર ગંદાં કપડાં ધોતાં, ઈસ્ત્રી કરતાં
એ પુરુષો અને સ્ત્રીઓ ક્યાં છે ?
પોતાની કંગાળ દશા છતાં સત્તાધારીઓ પર ઓવારી જતા
એ દહાડિયાઓ, એ કેદીઓ ક્યાં છે ?
એકાંતનાં દરોમાં ઊંઘરેટાં થઈ પડી રહેતી
પેલી કામઢી કીડીઓ, પેલાં આળસુ સસલાં ક્યાં છે ?
શેરીઓમાં બિછાવેલી જમીની સુરંગો સાફ કરતાં
પેલાં પ્રેમીજનો અને પર્યટકો ક્યાં છે ?

‘કામગાર દિન’ની પરેડ માટે આપણાં જૂતાં ચમકાવતાં
એ દિવસો, એ રાતો ક્યાં છે ?
આપણે સહુએ ઘરની અંધારી કેદોમાં ગોંધાઈ રહેવાનું છે,
વિરોધ કરવો નકામો છે.
ચાલો, આ વિજયી વિષાણુના અન્ત્યેષ્ટિ પરના ભાષણને
આપણે તાબે થઈ જઈએ.

૩. રેશનની દુકાને કતારમાં

અનાજનો પુરવઠો ઓછો છે,
પણ મીઠું અને સાકર મબલખ પ્રમાણમાં છે.
આ લાંબી કતારમાં
એકલો હું જ ભૂખ્યો ઊભો છું,
બીજા બધા તો સમૃદ્ધ અને તંદુરસ્ત છે.
તેઓ મને મારી લબડી પડેલી ચામડી માટે
બોટોક્સના ઉપાયની
અને રસોડા માટે મફતિયા ઈંધણની
દરખાસ્ત કરે છે.
પછીના દિવસે આવીએ,
લાંબી હરોળોમાં આજ્ઞાંકિત ભૂતોની જેમ ઊભા રહીએ;
નથી આવતા તે તો
તમારું અને મારું ખાઈ ખાઈને થઈ ગયેલા જાડિયાઓ છે.

૪. લોકડાઉનની છટાઓ

કોઈ અદૃશ્ય વિષાણુના અણધાર્યા હુમલાએ
હવાના કોષોને ચેપ લગાડી દીધો છે
અને પૃથ્વી પરની તમામ જીવસૃષ્ટિને
ઠપ કરી દીધી છે.
પોતાની કાંટાળી પ્રોટીન-સપાટીને વળગીને
મનસૂફી પ્રમાણે વરતતું,
કૂદકે ને ભૂસકે વધતું,
ફેલાય છે મનુષ્યની ઈચ્છાઓનાં ન્યૂમોનિયાગ્રસ્ત પોલાણોમાં
અને મૂંગી કરી દે છે
ગમગીન ખેતરોમાં ઊગી રહેલા ઘઉંના દાણાઓની ગપસપ.

મૃતદેહોના ભરાવાથી શવયાત્રાઓ ધીમી ધીમી,
ઢસડાતી ચાલે છે;
હૉસ્પિટલોમાં બિછાના અને વેન્ટિલેટરની અછતને કારણે
પાઈન અને ઑકના હૃષ્ટપુષ્ટ વેપારીઓ

ચિતા સળગાવવા માટે મફત લાકડાંનો પ્રસ્તાવ મૂકે છે.
સફેદ ઝભ્ભાધારી પાદરીઓ
મરણનાં ચેપી ટીપાંની અપમાનજનક શરતોમાં
અટારીઓ પરથી થતી
ભપકાદાર પ્રાર્થનાઓ તજી દે છે.

કેદીઓને પરોલ પર છોડી મુકાયા છે
અને તડકે શેકાઈ રહેલા તંબુઓમાં
સૈનિકો પાછા ફર્યા છે.
યાયાવર પંખીઓ અને રાતાંચોળ જાસૂદ
એક ઘેલું સામાજિક અંતર જાળવીને
સદાચાર અને અપલખણ બાબત વધી ગયેલી સભાનતા
જોયા કરે છે.
હું સાંભળું છું
પોતાનાં જુનવાણી ઘરોમાં પુરાઈ ગયેલા અને
ગંતવ્યસ્થાનોએ પહોંચવા તલપાપડ થઈ દિવાસ્વપ્નો જોતા
નોકરિયાતો અને પ્રવાસીઓની ગુસ્સે ફાટતી ચુપકીદી.

સાંપ્રદાયિક ભૂતકાળને ઝંખતા અથવા તો
બિનસાંપ્રદાયિક એકલતાનાં નિયંત્રણો હળવા થવાની રાહ જોતા
બેકાર, ભૂખે મરતા મજૂરો
પોતાનાં ઝૂંપડાંમાં મૃત હાડકાંનાં સ્મારક ચણી રહ્યા છે.
મને ખબર છે કે
નદીઓ પોતાના દરિયાઈ પૂર્વજોને ગળી જતી પાછી વળે
ત્યારે કંઈ જ થઈ શકતું નથી.
પણ ઉનાળાના આ આરંભે
હું સાવ હતાશામાં નથી ગરકી ગયો,
પાશવી ભય ધીમે ધીમે નામશેષ થઈ રહ્યો છે.
ભીના, ધૂંધવાતા ચંદનનાં લાકડાંની સુગંધથી
પ્રાચીન રાખના માટલામાં
જિંદગી એનો અગ્નિ પ્રજ્વલિત કરતી
એક પછી એક કવિતાને જગાડી રહી છે.

૫. છૂપો સામ્યવાદ

એક લાંબા દિવસની અલસતા પછી
નથી કાચા લોઢાની કોઈ ગંધ
કે નથી ઉત્પાદન કરેલા સુખનો રણકાર.
મારા શરીરનાં શ્રમજીવી અંગો
માંડ માંડ ચસી શકતાં

ટાઢી ચુપકીદીમાં કટાઈને સડી રહ્યાં છે.
ખરતા તારાઓના કણથી
તારી ભૂખરી-લીલી આંખો ભરાઈ ગઈ છે
અને મને લાગે છે કે હું
છૂપા સામ્યવાદનું એક બંધ પડી ગયેલું કારખાનું છું.

❑

કવિતા ન કરવા વિશે કવિતા | જયંત પાઠક

કવિતા કરવાનું બંધ કરીએ તો શું થાય ?
સરોવરો સુકાઈ જાય ?
નદીઓ વહેતી થંભી જાય ?
ડુંગરા ડોલી ઊઠે ?
ઘાસ ઊગતું બંધ થઈ જાય ?
પૃથ્વી પાતાળમાં ચપાઈ જાય ?
ના, ના, એવું એવું તો ના થાય -
પણ... પછી
જલપરીઓ છાનીમાની
ઝીણાં પવનવસ્ત્રો ઉતારી
જલક્રીડા કરવા ના આવે;
ડુંગરા વાદળની પાંખો પહેરીને
ઊડી ના શકે;
ઘાસને આંસુનાં ફૂલ ના ફૂટે;
પૃથ્વી ગોળ ગોળ ફરે
પણ ઠેરની ઠેર રહે
અવકાશમાં;
આકાશ ભણી ઊંચે ના જાય.

કવિતા કરવાનું બંધ કરીએ તો
આમ તો કશું ના થાય
— એટલે કે કશું થાય જ નહીં !

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૨૮-૯)

સુભાષિત સ-રસ-વતી ધારા
હાહાકાર મચ્યો !

વિજય પંડ્યા

પ્રકૃત ભાષા પણ સુભાષિતસાહિત્યથી સમૃદ્ધ છે. સુભાષિતને પ્રાકૃત ભાષામાં ગાથા કહેવાય છે. પ્રાકૃતમાં રાજા સાતવાહનના નામે ગાથાસપ્તશતી એવો સાતસો પદ્યોનો સંગ્રહ પણ જાણીતો છે. તો આમ ગાથા પણ સુભાષિતનો એક બીજો પર્યાય થયો. તો આવા એક પ્રાકૃત ભાષામાંના સુભાષિતમાં-ગાથામાં કહેવાયું છે, મૂળ તો પ્રાકૃત ભાષામાં લખાયેલું છે પણ તે આપણને સંસ્કૃત કરતાં પણ ઓછી પરિચિત ભાષા બની ગઈ હોવાથી તેનો સંસ્કૃત અનુવાદ (જેને સંસ્કૃત છાયા કહેવામાં આવે છે) આપણે જોઈએ.

गाथानां गीतानां तन्त्रीशब्दानां प्रौढमहिलानां ।
तेषामेव स दण्डो ये तेषां रसं न जानन्ति ॥

(વજ્જલગ્ગા-૧૭)

જે ગાથાઓના, ગીતોના, વીણાના સ્વરોના, પ્રૌઢ મહિલાઓના રસને જાણતા નથી, તેમને ખરેખર તો સજા થવી જોઈએ.

જગતમાં આટલી સરસ વસ્તુઓ છે અને તેઓ એટલા રૂક્ષ છે કે તેઓ આવી સરસ વસ્તુઓની માયા લઈ શકતા નથી. ખરેખર તો તેમને સજા થવી જોઈએ.

તમારી વાત સાચી છે. પણ તેઓ બિચારા માયા લૂંટી શકતા નથી તે જ તેમની મોટી સજા નથી ? ભોગ તેમના, આપણે શું કરીએ ?

તો, આપણને એવી ન જાણવાની અને તેથી તે રસથી વંચિત રહેવાની સજા ન થાય તે માટે તો, આપણે તો કોઈ ને કોઈ સુભાષિતના રસને માણીએ છીએ તો અહીં પણ એક સુભાષિત–કવિતા પ્રસ્તુત છે. આ સુભાષિતનો સંસ્કૃત પાઠ આ પ્રમાણે છે.

केलीलोलमरालकं मधुरसास्वादोन्मदेन्दीवरं
स्वच्छस्वादुजलं विकासिकमलं संप्रीणनं प्राणिनाम् ।

कासारं बत कासरः परिपतन्नाकस्मिकं दुर्भगश्
छिन्नाब्जं कलुषाम्बु वीतविहगं शून्यं चकार क्षणात् ॥

(महासुभाषितसंग्रह – १४१९, अज्ञातकर्तृक)

આ સુભાષિતને આપણે એક નાનકડી વાર્તા રૂપે પ્રસ્તુત કરીએ.

એક સરોવર (कासार) હતું.

સરવરનું જળ સ્વચ્છ અને સ્વાદિષ્ટ હતું.

તેમાં ક્રીડા કરતા હંસો આમતેમ તરતા રહેતા હતા.
ભમરાઓ ભૂરાં કમળોના રસનો આસ્વાદ લેતા હતા
અને મતવાલા બન્યા હતા.
લાલ કમળો પણ ખીલ્યાં હતાં.
સૌ પ્રસન્ન હતાં.
અને, અરે, અરે!
એકાએક ક્યાંકથી દુષ્ટ પાડો (कासर) આવ્યો
ને સરોવરમાં ખાબક્યો.
કમળો છૂંદાઈ ગયાં;
પાણી ડહોળાઈ ગયું;
પક્ષીઓ ઊડી ગયાં અને
એક ક્ષણમાં તો સરોવર ભેંકાર બની ગયું.

આ ઉપરના સંસ્કૃત સુભાષિતનો ભાવાનુવાદ છે.

સરોવરની પહેલાંની સ્થિતિ અને સરોવરમાં મહિષ-પાડો કૂદ્યો પછીની સ્થિતિ : આ બન્ને વચ્ચેની પરિસ્થિતિની વિષમતા પણ આસ્વાદ્ય છે, એવો સુભાષિતનો રચનાબંધ છે.

થોડી ક્ષણો પહેલાં, સરોવર કેવું મનોરમ હતું. (આપણને કવિએ સરોવરના કિનારે ઊભા રાખ્યા છે અને સરોવરનું દર્શન કરાવે છે !)

સરોવરમાં સ્વચ્છ અને સ્વાદિષ્ટ જળ હતું. સ્વચ્છ અને સ્વાદુ હોવાથી **ત્વગેન્દ્રિય**-સ્પર્શેન્દ્રિયને આહ્‌લાદક હતું. સ્વાદુ હોવાથી **રસેન્દ્રિય**ને-જીભને પણ ભાવતું બને તેવું હતું. હંસો (मरालक) કેલિ કરી રહ્યા છે એટલે સાથે તેમનું મધુર કુંજન–**શ્રવણેન્દ્રિય**-કાનને પણ તૃપ્ત કરનારું હતું. મધુ-ભમરાઓ નીલ કમલના રસનો સ્વાદ માણીને મદીલા બન્યા હતા. એટલે **ઘ્રાણેન્દ્રિય**ને-નાસિકાને પણ સુખ આપનારું હતું. કમળો સરોવરમાં ખીલ્યાં છે એટલે **ચક્ષુરિન્દ્રિય**ને-આંખને પણ ટાઢક આપનારું સરોવર બન્યું હતું. આમ આ સરોવર સર્વેન્દ્રિય-આહ્‌લાદન-સમર્થ[1] બન્યું હતું.

તો આવા સરોવરના કિનારે આપણે ફરી રહ્યા છીએ અને આપણી પંચેન્દ્રિયોને (ઉપર ગણાવી તે) તૃપ્ત કરી રહ્યા છીએ. જાણે કે એક સ્વપ્નસૃષ્ટિમાં આપણે વિહરી રહ્યા છીએ.

અરે, અરે, આ શેનો ખળભળાટ, ધોધ જેવો મોટો અવાજ થયો ?

અરે, આ તો પાડો (कासर)? ક્યાંથી આવી ચડ્યો આ ? અને અરે, આ તો આવતાં જ સરોવરના જળમાં ખાબક્યો, તેનો આ ખળભળાટ છે.

એક ક્ષણમાં તો એ મનોરમ સૃષ્ટિ નંદવાઈ ગઈ, તેનું નિકંદન નીકળી ગયું, સૃષ્ટિ હતી ન હતી થઈ ગઈ.

કમળો છૂંદાઈ ગયાં; (કેવાં ખીલેલાં!), સરોવરનું જળ ડહોળાઈ ગયું! (કેવાં સ્વચ્છ

નીતરાં જળ હતાં!) અને એકસાથે પક્ષી તો ઊડી ગયાં! (કેવાં કુંજન-કલરવ કરતાં હતાં !)

આખું સરોવર ભેંકાર બની ગયું.

એક ક્ષણમાં શુંનું શું થઈ ગયું ?

આ સુભાષિતમાં એ અનામી કવિની બહુ જ ઊંડી અભિજ્ઞતાપૂર્વકની રચનાકળા છે, જે તરત જ પરખાય તેમ નથી.

એક ક્ષણ પહેલાંના સરોવરના વર્ણનમાં પણ કવિની રચનાકળા આપણે માણી. પાડો ખાબક્યો ને એક જ ક્ષણમાં બધું સત્યાનાશ કરી દીધું. બે પરિસ્થિતિઓ વચ્ચે કેટલી વિષમતા છે ! અહીં પણ કવિની સંપ્રજ્ઞતા આપણે અનુભવી શકીશું.

સરોવર માટે સંસ્કૃતમાં कासार શબ્દ[૨] છે અને પાડા માટે સંસ્કૃતમાં कासर શબ્દ છે. એક જ માત્રાનો ફેર છે ! એક માત્રાનું પરિવર્તન થતાં કેટલું મોટું પરિવર્તન આવી ગયું ! (कासारમાં कासर ખાબક્યો!) અહીં કવિની ભાષા અને વિચારની સંપ્રજ્ઞતા છે. આ એક અથવા બીજી અથવા ત્રીજી, ગમે તેટલી ગણો, વાત ! એવું આ સુભાષિતનું રચનાકૌશલ છે !

શું કવિને સરોવરની બે પરિસ્થિતિઓનું અને એ દ્વારા એક ઘટનાનું વર્ણન જ અભિપ્રેત છે ?

કવિ આવું બે પરિસ્થિતિનું–વિષમ પરિસ્થિતિનું વર્ણન કરીને કશું બીજું તો કહેવા તાકતો નથી ?

સંસ્કૃત સાહિત્યમાં આવો કાવ્યપ્રકાર વિકસ્યો છે અને કોઈ પણ ભાષાના worth the name સાહિત્ય નામને પાત્રમાં આવી કવિતાઓ, આવો પ્રકાર તો વિકસે, વિકસે ને વિકસે જ.

એટલે સંસ્કૃત સાહિત્યમાં આને अन्योक्ति પ્રકારનું કાવ્ય કહેવામાં આવે છે. એકની– અહીં સરોવરની વાત ચાલતી હોય પણ જગતમાં આવી અન્ય પરિસ્થિતિ પણ–બધું સરસ, સમું-સૂતરું, રમણીય, સુખની કોઈ મણા ન હોય, એવું સંવાદિતાથી ભર્યું ભર્યું એવું–ઉદ્ભવતી હોય છે અને એક ક્ષણમાં બધું છિન્નભિન્ન થઈ જાય ! સંસ્કૃત અલંકારશાસ્ત્રમાં આ પ્રકારના કાવ્યને अप्रस्तुतप्रशंसा પ્રસ્તુતની વ્યંજના કરતું અપ્રસ્તુતનું વર્ણન, કહે છે.

ઉદ્યાનમાં, સાંજ પડે પ્રેમીઓ એકબીજાનો હાથ પકડીને બેસતાં હતાં, ગોષ્ઠિમાં ડૂબી જતાં હતાં. નગરજનો આનંદપ્રમોદમાં રમમાણ રહેતાં હતાં. માતા-પિતા-પુત્ર-પુત્રી-પતિ-પત્ની-દાદા-નાના-નાની-દાદી-પૌત્ર-પૌત્રીઓ સૌ માનવસંબંધોની મીઠાશ માણી રહ્યાં હતાં. સાહિત્ય-સંસ્કૃતિ-કળાની ઉપાસનામાં સૌ મચ્યાં હતાં. કથારસ માણીને પોતાની આધ્યાત્મિક ઉન્નતિ કરવામાં કેટલાંક ગરકાવ હતા.

અને, અરે, આ શું થયું ? આ કોણ આવ્યું ? ક્યાંથી આવ્યું ? શું છે ? આણે તો હાહાકાર મચાવ્યો ! બધું છિન્નભિન્ન કરી નાખ્યું !

બધું ભેંકાર થઈ ગયું, સ્મશાનવત્ શાંતિ સમસ્ત પ્રદેશમાં પથરાઈ ગઈ!

તો કે' છે, કોરોના-વિષાણું આવ્યો ને આવી વિભીષિકા સર્જાઈ!

આપણી સાંપ્રત-વ્યંજિત પરિસ્થિતિનો અધ્યારોપ થઈ શકે એવી સશક્ત કલાત્મક અભિવ્યક્તિ આ સુભાષિતમાં છે.

વિશેષમાં, આ જ પરિસ્થિતિનો અધ્યારોપ થઈને અટકી જાય તેવી દુર્બળ પણ વ્યંજના આ પદ્યમાં નથી. એનાં વર્તુળો-વલયો વિસ્તર્યા જ કરે, જેવો ભાવક !

સંદર્ભ

૧. 'સર્વેન્દ્રિય-આહ્‌લાદન-સમર્થ' શબ્દ બાણભટ્ટની કથા કાદમ્બરીમાંથી છે અને સંયોગવશાત્ ત્યાં કાદમ્બરીમાં પણ એક 'અચ્છોદ-સરોવર'ના વર્ણનમાં આ શબ્દ પ્રયુક્ત થયો છે. આપણા સુભાષિતના અજ્ઞાત કવિએ સરોવરના વર્ણનમાં બાણમાંથી પ્રેરણા લીધી હોય એ સંભવિત છે ! પણ આ અનામી કવિ બાણનો અંશતઃ પ્રભાવ ઝીલી, બાણને—એક પોતાના મહાન પુરોગામી ગદ્યકારને અંજલિ પણ આપી રહ્યો હોય એ તદ્દન શક્ય છે!

૨. 'કાસાર' શબ્દનો પ્રયોગ જયંત પાઠકે પોતાની સંસ્કૃતપ્રચુર પણ સુંદર કવિતામાં કર્યો છે.

વીતી વર્ષાઋતુ, થંભ્યું ગભીરું ઘનગર્જન,
ધારે આકાશને સ્વચ્છ, સ્વચ્છ કાસારદર્પણ.

અવતરણ શોધી આપ્યું પ્રો. દક્ષાબહેન વ્યાસે, તેમનું સૌજન્ય !

અતીતનાં પાનાં એકાન્તમાં ઉકેલતા પ્રફુલ્લ કવિ... | રાધેશ્યામ શર્મા

'આવતી કાલની શોધમાં', 'મિનોઈ સાચું કહેતી'તી - એ કાવ્યસંચયો પછી કવિ પ્રફુલ્લ રાવલનો ત્રીજો કાવ્યસંગ્રહ 'ઘોષા ક્યાં ?'નો પ્રારંભ 'મારી વાત' નિવેદનથી પ્રસ્તુત થયો છે.

એને વાંચતાં આ લખનારને 'મારા હાલ' રચના સ્પર્શી ગઈ. મારી વાતમાં સ્વાભાવિકપણે મમત્વ, પણ મારા હાલ કૃતિ, કવિની સ્વાનુભવસિદ્ધ વિશિષ્ટ ગદ્યલયાન્વિત અંગત સીમામાં રહેવા છતાં વ્યાપક આયામમાં પ્રસરેલી સુજ્ઞોને જણાશે.

સુંદરમ્‌ની વાર્તાઓમાં ફોરતું ગદ્ય, એમનાં પાત્રો કોઈને અહીં યાદ આવે. અંગત અનુભૂતિની અભિવ્યક્તિ કેટલાકને સમાજિક દૃષ્ટિ જેટલી ના બેસે કદાચ; ત્યારે રશિયન સર્જક નાબોકૉવનું સૂત્ર મૂકવાનું મન થાય :

'અ વર્ક ઑફ આર્ટ હૅઝ નો ઇમ્પોર્ટન્સ વૉટેવર ટુ સોસાયટી. ઇટ ઇઝ ઓન્લી ઇમ્પોર્ટન્ટ ટુ ધ ઇન્ડિવિડ્યુઅલ.'

અહીં તો કવિ, વૈયક્તિક અનુભવ કેવળ ટાંકી અટકી નથી ગયા, પણ ગદ્યશૈલી સમૃદ્ધ ચિત્રાંકન વડે સં-વેદન રોપી ટકી શક્યા છે.

'મારા હાલ' કાવ્યમાં પુત્ર રૂપે કવિ પહેલી વાર બાની આંગળી પકડીને પહોંચે છે ત્યાં થાંભલાને અઢેલીને બેસતી'તી સમુડી, વેચતી'તી ચીકુ – આનાનાં ચાર, થોડે દૂર

રમલી એના છૈયાને ખોળામાં સુવાડીને વેચતી'તી દાતણ :

'લીલાં લીલાં દસ આપ્યાં...'

વાસ્તવવાદી વર્ણન પછી ભાવક ચોંકી જાય એવું દૃશ્ય સાંજે કેવું ચિત્રિત થયું છે :

'અંધારામાં સામેની ગલી થઈ જતી'તી સજીવ
ખૂલતું ને વસાતું એક બારણું અવારનવાર
ત્યાં
આવ-જા થતી રહેતી આખી રાત
ના પાડતી'તી બા ત્યાં જવાની
વધતું રહેતું મારું કુતૂહલ' (પૃ. ૩૮-૩૯)

ના પાડતી માતા પુત્રને કુતૂહલમાં મૂકે છે ત્યાં સચોટ વ્યંજનામય પ્રસ્તુતિનું ઉદાહરણ પામી શકાય.

(સિને દિગ્દર્શક શેખર કપૂરની આંતરરાષ્ટ્રીય ફિલ્મ 'બૅન્ડીટ ક્વીન'ના પાત્રનું અહીં સ્વૈચ્છિક છતાં દમિત દૃશ્ય ઝબૂકી જાય)

આ દૃશ્ય પછી રચના, દોડતા શહેરની ગતિવિધિ પ્રતિ કૅમેરા ફેરવે છે :

'ક્યારેક લાગતું ઓલવાતું બધું
ક્યારેક લાગતું સળગતું બધું
...
ને તોય કોઈ ન છોડતું નગર — હું પણ
એનોય રહેતો નશો અપરંપાર.' (પૃ. ૩૯)

કવિ 'હું પણ' લખી કન્ફેસ કરે છે, અને તદ્દન નિખાલસતાથી નગરના નશાને 'અપરંપાર' શબ્દથી નવાજે છે !

ડાબોડી દૃશ્યનો પુત્ર-કવિને-થાક લાગ્યો તો જમણી બાજુ જોવા માંડ્યો. ક્યાં ? રેલ્વેના યાર્ડ ભણી.

ક્યારેય બા એ બાજુ નહોતી જોતી. શાથી ?

'કહેતી : 'યાર્ડ જોઉં છું ત્યારે
'એ' યાદ આવે છે' (પૃ. ૩૯)

'એ' લખીને પતિની સદાની અનુપસ્થિતિ, અને એની લગોલગ પંક્તિ સૂચક, માર્મિક છે :

'મનેય ક્યારેક
યાર્ડમાં દેખાતો
ચહેરો
મારા જેવો'. (પૃ. ૩૯)

યાર્ડમાં જ્યાં બાને જોવું નહોતું ગમતું ત્યાં પુત્રને ક્યારેક, પિતાના ચહેરા જેવો

અદ્દલ દેખાતો !

આવતી-જતી રેલગાડીના ભોં ભોં જેવા વિવિધ લય ભારખાનાં કેવા વગાડે...
‘ભક્... ચક્...ભક્...ચક્...’

ચાર શબ્દોની આ પંક્તિ, ઉપયુક્ત છે પુત્ર માટે ભારખાનાંનાં નાદશ્રવણ તરીકે.

એન્જિન પછીની પદાવલિમાં કવિએ નગરના અવાજને બે રંગથી રંગ્યા છે :

‘ઘેરાતું ક્યારેક ભગવા અવાજથી
મારું નગર
ક્યારેક લીલો અવાજ લહેરાતો’

ઓછું હોય તેમ,

‘અથડાતા અવારનવાર એ બે અવાજ
વચ્ચે ભીંસાતું ક્યારેક મારું નગર’

આમ કરતાં કાવ્યનાયકે પોતાનો ‘અવાજ શોધ્યો છે.’

ગુજરાતી કવિતામાં, વૈવિધ્ય અવાજોનું મ્યૂઝિયમ આટલી માત્રામાં, આવી સજ્જતાથી ભાગ્યે જ પ્રમાણવા સાંપડે.

ઉદાહરણ રૂપે :

‘ભેંસને પાડી જન્મ્યા પછી
ગંગામાના ઘરમાં ફેલાયેલો આનંદનો અવાજ
સાસરેથી પાછી આવેલી
સરલાની વેદનાનો અવાજ
રસ્તા પર પસાર થતાં
અંધની લાકડીનો
ખટ્ ખટ્ અવાજ’ (પૃ. ૪૦)

કાવ્ય અહીંથી, રેલવેના પાટાને સાચવીને, ટપકતો પાણીનો નળ, ઘેટું-બકરું-ગાય-કૂતરાં, વિહાતી કૂતરી, ગલુડિયાંની જીવનચર્યા બાદ ટર્ન ઑફ ધ સ્ક્રૂની જેમ અચાનક ચિત્ર બદલે છે, અલ્પ સમયાર્થે...

‘એક નાની દેરી પાસે,
ચલમ ફૂંકતો
ધૂણી ધખાવીને
વર્ષોથી
એક બાવો
બેસતો
ખુલ્લા ડિલે’ (પૃ. ૪૧)

કૃતિકર્તાની પાત્રમંડિત નિરીક્ષણક્ષમતાનો નોંધપાત્ર પરચો, પન્નાલાલીય મુદ્રામાં, અનુભવાય !

રેલપાટાઓની વચાળ, રચનાન્તે ભૂખની વૈશ્વિક ભૂખને અહીં પાટા વચ્ચે રમતી મેલી છે : ભૂખ ખૂલતી બે પાટા વચ્ચે, ભૂખ શમતી પણ બે પાટા વચ્ચે, પાટા વચ્ચે બે આંખો મળતી, જુદીયે પડતી બે પાટા વચ્ચે...

'ન દેખાતો કોઈની આંખમાં ભય
ન હોય આવતી કાલની ચિંતા'

ખૂલતી ભૂખ ને શમતી ભૂખ – બે ભૂખ્યાં પાત્રો ભોગવીને નિર્ભયપણે નિશ્ચિત રીતે અલગ થાય એ પંક્તિ પછી કવિએ પૂર્વોક્ત દેરીનો સંદર્ભ, જાણે અકલ્પ્ય જ્યોતિથી આમ ઝળહળ ચિત્ર્યો છે :

'દેરીના અંધારાને કલ્પતી
એક જ્યોત ઝળહળતી અખંડ'

કાવ્યનાયકે સ્વાનુભૂતિની સ્મૃતિ સાત દાયકા સાચવી છે – કેમ ? એને જવું'તું ત્યારે બા ના પાડતી'તી ! માતૃભક્તિને શિરોધાર્ય કરી આવી નોખી-અનોખી કાવ્ય-આકૃતિ રચી અન્તે આલેખ્યું :

'આંખમાંથી અંધારામાં ઝમે છે યાદ ટપ્... ટપ્
'ને હું પૂછું છું મને જ
મારા હાલ' (પૃ. ૪૧)

'ઘોષા ક્યાં ?' સંગ્રહની પ્રલંબ રચના 'વિચ્છેદની વેદના'માં પણ સ્થળનો અનુરાગ સર્જક સાક્ષર પ્રફુલ્લ રાવલે સ્મરણીય રીતિથી રજૂ કર્યો છે. તેઓ કાવ્યસર્જન વર્તમાનમાં કરે છે, સાથોસાથ અતીતમાં. કાવ્યસંગ્રહનું ચોથું આવરણ ભાવકો માટે દિશાદર્શક...

'હુંય અતીતનાં પાનાં ઉકેલું છું એકાન્તમાં.'

ઉત્ફુલ્લ કવિ, એકાન્ત ઉપરાંત પ્રથમ કાવ્યસંચય તો ૨૦૧૧માં 'આવતીકાલની શોધમાં' પ્રગટ થયા જ છે... અભિનંદન.

[**'ઘોષા ક્યાં ?'** : કવિ : પ્રફુલ્લ રાવલ, પ્રકાશક : કૃતિ પ્રકાશન, વી. પી. રોડ, વીરમગામ, મો. ૯૯૦૪૧ ૪૩૪૪૮, પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦, કિંમત : રૂ. ૮૦]

❑

શતાબ્દીવંદના

સ્વ. કવિ જયન્ત પાઠકની જન્મશતાબ્દીએ પુણ્યસ્મરણ (તા. ૨૦-૧૦-૨૦)

વિજય શાસ્ત્રી

(છબિ સૌજન્ય : જગન મહેતા)

તારીખ ૨૦ ઑક્ટોબર, ૧૯૨૦ના રોજ પંચમહાલના રાજગઢ ખાતે જન્મેલા સ્વ. જયન્ત હિમ્મતલાલ પાઠકની જન્મશતાબ્દીની પુણ્યતિથિ આ [૨૦૨૦ના] વર્ષની ૨૦ ઑક્ટોબરે. સાચા – Genuine – સર્જકોની ગરજ હંમેશાં સાચા ભાવકોને રહેવાની એ ન્યાયે ગુજરાતી સાહિત્યના મહત્ત્વના સીમાસ્તંભોમાં એક નામ તે કવિ, વિવેચક, નિબંધકાર, સંસ્મરણલેખક, અનુવાદ અને સમ્પાદક એવા સ્વ. જયન્ત પાઠકનું અચૂક ગણાવવું પડે. કનૈયાલાલ મુનશીની પ્રસિદ્ધ કૃતિ ‘પૃથિવીવલ્લભ’માં વિલાસવતી નામનું એક પાત્ર (કદાચ રસનિધિને) પૂછે છે : ‘તમે કવિઓ જોયા છે ?’ જેમને માત્ર અક્ષરદેહે જ જોયામાણ્યા હોય એવા સર્જકોને પ્રત્યક્ષ-ક્ષરદેહે-જોવાની પ્રબળ ઝંખના ઉપર નોંધ્યા તેવા સાચ્ચા – Genuine – ભાવકોને હંમેશાં રહેવાની.

આ લખનારનું એ સદ્‌ભાગ્ય રહ્યું કે છેક ૧૮૬૧થી એમના નિધન (૦૧-૦૯-૨૦૦૩) સુધી લગભગે ચાર દાયકા જેટલા સમયગાળા દરમિયાન આ મોટા ગજાના કવિના પ્રત્યક્ષ સંપર્કમાં રહેવાનું મળ્યું. એમના સંબંધવર્તુળમાં આવેલા વિદ્યાર્થીઓ, લેખકો અને કવિતારસિકોમાં તેઓ પાઠકસાહેબ, જયન્તભાઈ અને જયન્ત પાઠક-એવાં ત્રણ નામે ઓળખાતા. સૂરતની એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના ગુજરાતી વિભાગના વરિષ્ઠ અધ્યાપક તરીકે એમણે ઠીક ઠીક સુદીર્ઘ કામગીરી બજાવી. એમના વ્યક્તિત્વનાં બે પાસાં. એક સર્જક તરીકેનું અને બીજું સૌમ્ય, શાલીન, અભિજાત માનવી તરીકેનું. સર્જક તરીકે યા આ કે તે તરીકે નામાંકિત હોય પણ માણસ તરીકે કાચા પડતા હોય એવા

સંખ્યાબંધ નમૂનાઓ શોધવા ઝાઝું દૂર નહીં જવું પડે એવા વાતાવરણમાં સર્જક અને માણસ બંને તરીકે પૂરા ગુણ આપવા પડે એવા સ્વ. પાઠકસાહેબની અધ્યાપનશૈલી પૂરા સમય દરમિયાન રસપ્રદ બની રહેતી. પરિણામે વિશ્રાન્તિ પછીના વર્ગમાં-જ્યારે અડધીપોણી કૉલેજ ખાલી થઈ ગયેલી હોય ત્યારે—વિદ્યાર્થીઓ ખાસ હાજરી આપતા. ડૉ. હરિવલ્લભ ભાયાણી દ્વારા સમ્પાદિત હેમચન્દ્રાચાર્યનું અપભ્રંશ વ્યાકરણનું પુસ્તક 'સિદ્ધહૈમ' ત્યારે અનુસ્નાતક અભ્યાસક્રમમાં હતું. અપભ્રંશ જેવી સાવ અપરિચિત (અમારે માટે) ભાષાના દોહા અને વ્યાકરણમાં તેઓ રસોત્પત્તિ કરી શકતા. 'વિદ્યાર્થીઓમાં પાઠ્યક્રમ પરત્વે રસ જન્માવી શકે તે સાચો શિક્ષક' એ વ્યાખ્યા એમને પૂરેપૂરી બંધબેસતી. અધ્યાપક તરીકે એમની બોલવાની લઢણ સાવ સ્વાભાવિક અને માર્મિક. યાંત્રિકતા જરા પણ નહીં : અવાજ સહેજ ખરજવાળો. કશુંક માર્મિક બોલે પછી વિદ્યાર્થીઓના પ્રતિભાવ માટે ક્ષણેક અટકે. અંગ્રેજી શબ્દપ્રયોગ કરીને કહીએ તો seriously humorous. [આથી ઊલટું Humorously serious કહી શકાય એવા પણ (ઘણા) શિક્ષકો હોય છે.] નર્મ, મર્મ, વિટ બધું એમને સહજ, હસ્તામલકવત્. એક પરિસંવાદમાં તેમણે ક્રિટિસિઝમની અવદશા સૂચવવા 'વિટીસિઝમ્' શબ્દનો પ્રયોગ કરેલો. તેમના વક્તવ્યમાં અનાકુલતા, સ્વસ્થતા અને એક પ્રકારની ઠાવકાઈ સતત વ્યાપ્ત. હાકોટાછીંકોટા કે હાકલાપડકારા કર્યા વગર તેઓ ચર્ચ્ય વિષયની સબળ (અને ક્યારેક નિર્બળ) બાજુઓને પ્રગટ કરી આપે.

સાહિત્યમાં ગળાડૂબ રહ્યા છેક સુધી. સ્મૃતિ પરથી લખું છું કે અવસાન પૂર્વે થોડાક જ સમય પર તેમણે 'હીંચકાની એક ઠેસ એવી કે જે અવકાશમાં પહોંચે' મતલબની રચના કરેલી જે પછીથી રવીન્દ્ર પારેખસમ્પાદિત એમના મરણોત્તર કાવ્યસંગ્રહમાં કદાચ સમાવિષ્ટ થઈ છે. આ વાત તેમનો સાહિત્યતંતુ મરણતંતુ સુધી સક્રિય હતો એ દર્શાવવા પૂરતી જ લખી છે. આ બધું છતાં સાહિત્યના રાજકારણથી તેઓ અસ્પૃષ્ટ રહ્યા. કોઈ પદ કે હોદ્દા માટે ખેંચાતાણીમાં પડ્યા નહીં : 'સહજ મિલા વો દૂધ બરાબર' એ કબીરજીની ઉક્તિ મુજબ માનઅકરામો અને હોદ્દાઓ તેમને Gracefully જ મળ્યા અને ભોગવ્યા પણ શાલીનતાપૂર્વક જ. આ વાતને પણ અધોરેખિત કરવા જેવી છે કેમ કે સામ્પ્રત માહોલ ખેંચાતાણી અને ગૌરવહીનતાનો છે તેમાં આવી ઘટના Rare ગણાય માટે નોંધવી જ પડે. સાહિત્યિક પ્રતિષ્ઠાનો હોય કે શિક્ષણસંસ્થાઓ, કશી સત્તા કે કશા હોદ્દા માટે તેમણે કદી મેનાવરિંગ કર્યું નહીં. એમની ઊંચાઈ સ્વયંસિદ્ધ હતી. એમની પોતાની હતી. આ કે તે સંસ્થાની ખુરશી પર કૂદકો મારીને ચડી બેસી (તે પછી ચીટકી રહીને) ઊંચાઈ વધારતા જવામાં એમને રસ નહોતો, અધીરાઈ નહોતી. પરિણામે તેઓ છેક સુધી અધ્યાપક જ રહ્યા. વિભાગીય અધ્યક્ષનો હોદ્દો પણ સંજોગવશાત્ તેમનાથી દૂર રહ્યો. હા, તે કાળે ગુજરાત યુનિવર્સિટીની માન્યતાપ્રાપ્ત ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનના નિયામકપદે તેમણે કરેલી કામગીરી નેત્રદીપક છે. આ સંસ્થા ગુજરાતીના અનુસ્નાતક અભ્યાસક્રમની માન્ય સંસ્થા હતી. તેનું ગ્રન્થાલય ગુજરાતીનાં તો ખરાં જ. પણ અંગ્રેજી, સંસ્કૃત અને અન્ય ભાષાઓનાં દુર્લભ પુસ્તકોથી સમૃદ્ધ! જૂની હસ્તપ્રતોનો પણ ભર્યો ભણ્ડાર. સંશોધકો

માટે તીર્થધામ. તેમના નિયામક તરીકેના કાર્યકાળમાં એકાધિક મહત્ત્વનાં પ્રકાશનો પણ થયાં. વિદ્યાર્થીઓ માટે ગ્રન્થાલયનાં કબાટો ખુલ્લાં રહેતાં. Open Libraryનો Concept તે જમાનામાં (રિપીટ : તે જમાનામાં, ૧૯૬૫-૭૦) તેમણે અપનાવ્યો હતો. આ તેમની શિક્ષણ-સાહિત્યની તત્કાલીન સંદર્ભે આગવી કહેવાય એવી સૂઝબૂઝ. એમની ઑફિસ ભોંયતળિયે, વહીવટીકક્ષ માળ ઉપર. અમારા જેવા કોઈ વિદ્યાર્થી કોઈ સમસ્યા લઈને તેમની પાસે જાય ત્યારે આજના મોટા મોટા પદાધિકારીઓની જેમ ખુરશી છોડ્યા વગર માત્ર જીભડી ચલાવી ‘આમ કરો, તેમ કરો’ કહેવાને બદલે ખુરશીમાંથી ઊભા થઈ, દાદર ચડી ઉપર, ફરિયાદીને લઈને જાય ને જે તે કર્મચારી સાથે રૂ-બ-રૂ વાત કરી (અને તે પણ દબડાવ્યા-તતડાવ્યા વગર!) સમસ્યાનો સ્થળ પર જ તત્કાલ નિકાલ લાવે. ઊંચા પદે બેઠા પછી તોછડાઈ વહાલી કરનારા પદાધિકારીઓ સાથે આવા નિયામકનું ચિત્ર Juxtapose કરી જોઈશું તો એમની મોટાઈનો ખ્યાલ આવશે.

આપણી યુનિવર્સિટીઓના કથિત પ્રોફેસર, રીડર વગેરેના હોદ્દાઓ એમની આગળ વામણા લાગે. સારો અને સાચો અધ્યાપક એ કોઈ પણ યુનિવર્સિટીના કુલપતિ કરતાં પણ મોટો ગણાય એમ એમના મુખે અનેક વાર સાંભળેલું. તેનો જીવતોજાગતો પુરાવો તેઓ પોતે જ હતા એમ કહેવામાં અતિશયોક્તિ નહીં થાય.

નાના, અજાણ્યા લેખકમાં પણ કોઈ તણખો જુએ તો વગરકહ્યે (રિપીટ : વગર-કહ્યે) પોતાનો પ્રતિભાવ પાઠવે. મીઠું મૌન ધારી બેસી રહે નહી.

સર્જક-વિવેચક તરીકેનો એમનો પિણ્ડ ગાંધીયુગીન કવિતા-પરિપાટીથી ઘડાયો. એમનો પ્રારમ્ભિક ‘મર્મર’ (૧૯૫૪), ‘વિસ્મય’ (૧૯૬૪), ‘સર્ગ’ (૧૯૬૯), ‘અન્તરીક્ષ’ (૧૯૭૫), ‘અનુનય’ (કેન્દ્રીય સાહિત્ય અકાદેમી ઍવૉર્ડ) (૧૯૭૮)થી માંડીને મરણોત્તર કાવ્યસંગ્રહ સુધી લગભગ ડઝનેક જેટલા કાવ્યસંગ્રહો એમની કવિતાનો વ્યાપ તો દર્શાવે જ છે પણ એક વાર લખાય એવું બીજી વાર ન લખાવું જોઈએ એવો જાણે સંકલ્પ મનોમન કર્યો હોય તેમ અસંખ્ય કૃતિઓમાં નવોન્મેષ પ્રગટાવવાની ક્ષમતા તેમણે દાખવી છે. (અપવાદ બાદ) અલબત્ત પરમ્પરાનું સન્ધાન તેમની કવિતાઓ દાખવતી હોવા છતાં એલિયટકથિત ‘પરમ્પરાને એક ડગલું આગળ લઈ જનાર’ સર્જક ઠેરવે છે. શિખરિણી, હરિણી, પૃથ્વી, મન્દાક્રાન્તા જેવા છન્દોમાં અદમ્ય ઉછાળને પણ Pacify કરીને નિરૂપવામાં આવ્યો છે. એક-બે દૃષ્ટાંતો જોવા જેવાં છે.

પ્રકૃતિકાવ્યો આપણા કવિઓને આકર્ષતાં રહ્યાં છે. તે કાળે ભાગ્યે જ કોઈ કવિ એવા હશે જેમણે એની પર હાથ ન અજમાવ્યો હોય. વસન્તઋતુના આરંભનું એક ચિત્ર છે :

શીશીમાંનું તેલ હવે
હૃદય-શું ધીમે ધીમે દ્રવે.

શિયાળાની કાતિલ ઠણ્ડીમાં શીશીમાં થીજી જતા કોપરેલને વસન્તાગમને ‘ધીમે-ધીમે’ ઓગળતું બતાવી તેનો સંબંધ હૃદય સાથે જોડ્યો છે. વસન્તમાં જ હૃદયની લાગણીઓ

‘ધીમે-ધીમે’ સચેત થવા માંડે છે. કાન્તનું ‘વસન્તવિજય’ યાદ આવે. ‘હવે’ અને ‘દ્રવે’નો પ્રાસ પણ માણવો ગમે એવો છે.

એમની ગીતરચનાઓમાં સ્ત્રૈણ ભાવોને પૂરા પરિમાણમાં આકારિત કરાયા છે. ‘ક્હાન હવે’ નામની એક ગીતરચનામાં ગોકુળ છોડીને મયૂરવાસી થયેલા કૃષ્ણને ઉપાલમ્ભ આપતી ગોપી(ઓ)ની વિયોગવેદના આલેખાઈ છે :

ક્હાન હવે ગોકુળ ના આવો તો ચાલશે
જમુનાનાં નીર નથી થંભ્યાં ને
કુંજમાં વણથંભી વાંસળીઓ વાગે
ખીલતાં’તાં એમ ખીલે ફૂલડાં, વધારામાં
—વિરહાની વેલ એક ફાલશે

કૃષ્ણના જવાથી આમ તો (રિપીટ : ‘આમ તો’) કશો ફેર પડ્યો નથી. ઊલટું, એક વાતની તો શાંતિ થઈ ગઈ છે કે —

-સાસુનણંદ હવે સૂએ નિરાંતે ને
ઘરના ધણીની ટળી ચિંતા
શમણાંમાં એમનાં ન આવે શામળિયો
બેઠાં થઈ જાય ના ઓચિન્તાં

ગોપીને પણ ‘આમ તો’ સુખ જ છે. સુખેથી નિદ્રાધીન થઈ શકે છે પણ—

નીંદર નિરાંતનીમાં સળવળતાં કોઈ વાર
પડખામાં ઝીણું ઝીણું સાલશે.
—ક્હાન હવે ગોકુળ ના આવો તો ચાલશે.

પ્રિયતમના વિયોગમાં આમ તો બધું બરાબર ગોઠવાઈ જાય છે. રૂટીન ચાલ્યા કરે છે પણ નિરાંતની નીંદરમાં સળવળતાં કોઈ વાર પડખામાં દર્દનો સણકો ઊઠી આવે છે. કવિએ એને ‘ઝીણું ઝીણું’ દર્દ કહ્યું છે પણ આવા ‘ઝીણા’ દર્દનો ઉત્પાત કેટલો પ્રચણ્ડ હશે એ ભાવક કલ્પી શકે છે. શબ્દકોશગત અર્થનો આમ સંપૂર્ણ વ્યત્યય સિદ્ધ કરી બતાવતી આ રચના તો આ જ કક્ષાની સંખ્યાબંધ કૃતિઓની પ્રતિનિધિ લેખે અહીં મૂકી છે. તેમની કવિતાઓના સઘન અભ્યાસો થયા જ છે એ સુ-જ્ઞો જાણે છે. અસ્તુ.

જયન્ત પાઠકનાં વિવેચનાત્મક લખાણોનો વિપુલ રાશિ ત્રિવિધ વર્ગોમાં વિભાજિત કરી શકાય. ૧. ગુજરાતી કવિતાસાહિત્યનો ઈતિહાસ, ૨. સૈદ્ધાન્તિક લખાણો, ૩. પ્રત્યક્ષ વિવેચનો.

‘આધુનિક કવિતાપ્રવહ’ની વાત કરીએ તો કવિ સુન્દરમ્‌ના મહાગ્રન્થ ‘અર્વાચીન કવિતા’માં ૧૮૪૫થી ૧૯૪૦ સુધીના લગભગ પૂરા એક શતકની ગુજરાતી કવિતાનો, તેની ગુણવત્તા સંદર્ભે આલેખ જડે છે. પણ્ડિતયુગના છેડે આવી આ ગ્રંથ વિરમે છે એ જોતાં ત્યાર પછીની કાવ્યસમીક્ષા થવી બાકી હતી તે પરિપૂર્ણ કરવાના આશયથી જયન્ત પાઠકે ૧૯૬૩માં ‘આધુનિક કવિતાપ્રવાહ’ નામે સાત પ્રકરણ અને ત્રણસો પૃષ્ઠોમાં

વિસ્તરેલો ગ્રંથ ગુજરાતી સાહિત્યને ભેટ ધર્યો. સાક્ષરવર્ય ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ થયેલી આ કાવ્યસમીક્ષાઓમાં કાટસ્થ્યનો ગુણ સુજ્ઞોનું ધ્યાન ખેંચે છે. પુરોગામી કવિતાની તુલનાએ વધુ સિદ્ધિ દાખવતી ત્રીશીની કવિતાના દોષો પણ તેમણે દર્શાવ્યા છે. એક નાનકડું દૃષ્ટાંત : આ (ત્રીશીની) કવિતા –

'તેના અંતસ્તત્ત્વને કારણે જ નહીં, પણ બીજાં બાહ્ય કળણોને લીધે પણ લોકપ્રિય કે ઉત્તમ ઠરતી આ ગાળામાં જણાય છે. કોઈ કવિ સૉનેટ લખે કે પ્રવાહી પદ્યનો પ્રયોગ કરે એટલે એવા બહિરંગની નવીનતાના કારણે પણ એની કૃતિ સન્માન્ય બનતી જોવામાં આવે છે. પછી ભલ એ રચનામાં અર્થપ્રધાનતાને નામે માત્ર વિચારનું પિંજણ હોય કે પ્રવાહી પદ્યને નામે અભિવ્યક્તિની શિથિલતા હોય.'('આધુનિક કવિતપ્રવાહ' પ્રકાશક : ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, પ્ર. આ. ૧૯૬૩, પૃ.૧૨૧). પશ્ચિમના જોનાથન કલર અને પોલ વાલેરી સમેત એકાધિક કાવ્યભાષાવિદોને તેમણે આત્મસાત્ કર્યા હતા. સિદ્ધાન્તચર્ચાનું એક દૃષ્ટાંત જોઈએ. 'કલા અને વાસ્તવ'ના સંબંધ વિશે તેઓ લખે છે :

'વસ્તુજગતની સામગ્રી કલાકારને કલાનિર્મિતિ માટે ઉપયોગમાં આવે છે એ ખરું પણ એ સામગ્રી વસ્તુતઃ હોય છે તે જ સ્વરૂપમાં કલાકૃતિમાં પ્રયોજાતી નથી. એ ઉપયોગ લાકડું લઈને ખુરશી કરવા જેવો કે માટી લઈને ઘડો કરવા જેવો નથી. ખુરશીમાં લાકડાનો ને ઘડામાં માટીનો આકાર બદલાઈ જાય છે પણ એના મૂળ સ્વરૂપમાં તાત્ત્વિક ફેરફાર થતો નથી. કલાકૃતિની સામગ્રીમાં આનાથી કંઈક જુદું જ બને છે. એ સામગ્રીને કલાકારના સંવેદનનો પાસ લાગે છે ને તેથી એનું મૂળ સ્વરૂપ જ બદલાઈ જાય છે. વાસ્તવિકતા તરીકે ઓળખાતી વસ્તુ કલાકારની અનુભૂતિના પ્રદેશમાં આવતાં જ તે વસ્તુજગતની વાસ્તવિકતા રહેતી નથી.... ન્હાનાલાલના 'તાજમહાલ' કાવ્યનો તાજ અને ટાગોરના કાવ્યનો તાજ તે તે કવિનો તાજ બની રહે છે.' ('આ લોક', પ્રકા. હરિહર પુસ્તકાલય, સૂરત, પ્રથમ આવૃત્તિ : ૧૯૬૬). આનંદશંકર, રામનારાયણ પાઠક, ઝવેરચંદ મેઘાણી જેવા વિચારક-સર્જકો પરના એમના લઘુગ્રંથો જે તે સર્જકને સમજવામાણવાની ચાવી પૂરી પાડે તેવા છે. તેમની વિવેચનશૈલી પારદર્શકતા અને પ્રાસાદિકતા ધરાવતી રા.વિ.પાઠકની શૈલીનું સુખદ સ્મરણ કરાવે એવી છે.

'વતનવિખૂટાં સંતાનોને પિતાસ્મૃતિવારસો' તરીકે લખાયેલી સ્મરણકથા 'વનાંચલ'ને દર્શક અને વિષ્ણુપ્રસાદે ઉમળકાભેર આવકારી છે. શૈશવના વતનની સ્મૃતિને પુનઃ માણવાની અપેક્ષાએ કવિ વર્ષો પછી વતનમાં પ્રવેશે છે ત્યારે જે સાંવેદનિક વિપર્યાસ અનુભવે છે તે એમની પ્રસિદ્ધ શિખરિણી પંક્તિઓમાં રજૂ થયો છે :

અહીં હું જન્મ્યો'તો વનની વચમાં તે વન નથ
નથી એ માટીનું ઘર, નિજ લહ્યાં તે જન નથી
અજાણ્યાં તાકી રહે વદન મુજને સૌ સદનમાં
વળું પાછો મારે વનઘર હું : મારા જ મનમાં

(વનાંચલ, સાતમું પુનર્મુદ્રણ : ગૂર્જર : ૧૯૯૭, પૃ : ૭૨)

અતીતરાગની આપણા સાહિત્યમાં લખાયેલી કૃતિઓમાં પ્રશિષ્ટ ગણાય એવી સ્મરણકથા ‘વનાંચલ’ મહત્ત્વના સ્થાને છે.

જયન્તભાઈએ એકલે હાથે ચાર્લ્સ ડિકન્સની ‘ટેલ ઑફ ટુ સિટીઝ’નો ‘ક્રાન્તિની કથા’ નામે અનુવાદ પ્રગટ કર્યો છે. (૧૯૭૮). તો પ્રસિદ્ધ નોબેલ-ઇનામવિજેતા રશિમન લેખક મિખાઈલ શોલોખોવની ‘ઍન્ડ કવાયટ ફ્લોઝ ધ ડૉન’ નવલકથાના ત્રણ ભાગમાં થયેલા ગુજરાતી અનુવાદોમાં એક ભાગનો અનુવાદોમાં એક ભાગનો અનુવાદ તેમણે કર્યો છે. [બીજા બે રમણ પાઠક અને સુરેશ જોષીએ કર્યા છે] ચૅખોવની વાર્તાઓનો અનુવાદ પણ અન્ય સાથે મળીને કર્યો છે. તેમના વડે સમ્પાદિત ગ્રંથોની સંખ્યા પણ ઠીક ઠીક મોટી (નવ જેટલી છે). ‘થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં’ અને ‘રમતાં-રમતાં લડી પડે ભૈ માણસ છે’ જેવી યાદગાર પંક્તિઓના આ સર્જકે મેળવેલાં સન્માનોની યાદી પણ ખાસ્સી મોટી છે. કેન્દ્રીય સાહિત્ય અકાદમી ઍવૉર્ડ, રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક, આદિકવિ નરસિંહ મહેતા ઍવોર્ડ એમાં સમાવિષ્ટ છે. આ ઉપરાંત પણ અન્ય ગૌરવવંતાં સન્માનો પ્રાપ્ત થયાં છે.

અધ્યાપક તરીકેની એમની આગવી મુદ્રાનો ઉલ્લેખ આ લેખના શરૂના ભાગે થયો છે એમાં એક ઉમેરણ કરવાનું મન થાય છે કે વિદ્યાર્થીઓ સાથેના વ્યવહારમાં તેમને ક્યારેય કોઈ પણ વિદ્યાર્થી સાથે ગુસ્સે થઈને, તોછડાઈપૂર્વક વર્તતા જોયા નથી. આટલા સુદીર્ઘ કાર્યકાળમાં ક્યારેય કોઈ વિદ્યાર્થીનું કે અન્યનું અપમાન તેમના વડે થયાનું જાણમાં નથી. જે જમાનો અધ્યાપકોની લુખ્ખી દાદાગીરીનો હતો અને વિદ્યાર્થીઓ ભયભીત રહેતા હતા તે જમાનામાં વિદ્યાર્થીઓ સાથે હાથ મિલાવી શકનારા અધ્યાપક એમના સંપર્કમાં આવનારા વિદ્યાર્થીઓ માટે આત્મીયજન બની રહે એ વિરલ ઘટના ગણાય. એમણે અનુવાદો કર્યા તો એમની કૃતિઓના પણ હિન્દી-અંગ્રેજીમાં અનુવાદો થયા છે. હિન્દીમાં ડૉ. દક્ષા વ્યાસ (વ્યારા) અને પ્રિ. ઘનશ્યામ સનાઢ્યે અનુવાદો કર્યા છે. એમના વિદ્યાર્થી રહી ચૂકેલા એવા સ્વ. ઇન્દુ ગોસ્વામી (કવિ), ડૉ. સતીશ વ્યાસ (અમદાવાદ), સ્વ. ડૉ. રવિકાન્ત શુકલ (અધ્યાપક), સ્વ. ડૉ. નવીન કા. મોદી (વ્યારા), ડૉ. દક્ષા વ્યાસ (વ્યારા), પ્રા. લતા ઠક્કર (અમદાવાદ), પ્રા. જયદેવ શુક્લ (સાવલી) – આ લખનાર અને બીજા સ્વકાર્યક્ષેત્રે જયન્તભાઈનો વિદ્યાવારસો આગળ વધારવામાં ફાળો આપી ચૂક્યાં છે/આપી રહ્યાં છે. આવા સ્મરણીપ, વત્સલ એવા વિદ્યાગુરુને જન્મશતાબ્દી પર્વે શત-શત વંદન!

❑

‘ફાર્બસવિરહ’ : દલપતરામની વિરલ આત્મલક્ષી કાવ્યરચના

રમણ સોની

ફાર્બસ – ઍલૅક્ઝાન્ડર કિન્લોક ફૉર્બ્સ સાથેના પરિચય અને સહવાસ પછી દલપતરામ વ્રજભાષાની કવિતરચનાને રસ્તેથી ગુજરાતીમાં કવિતા કરવા તરફ વળ્યા. એટલું જ નહીં, એક વ્યાપક ભૂમિકા પર લોકહિતચિંતક બન્યા. સંસ્થાઓ દ્વારા, સામયિક દ્વારા, પાઠ્યપુસ્તકો દ્વારા, અજ્ઞાન-અંધશ્રદ્ધા-નિવારક ગદ્ય-પદ્ય લખાણો દ્વારા, કવિસંમેલનો અને કાવ્યરચના-તાલીમ દ્વારા – એમ અનેક રીતે એમને સતત અતંદ્ર રીતે લોક-સ્થિતિને કેળવવાનું-પ્રબોધવાનું આવ્યું. ‘આપણા દેશના સુધારા વિશે તનમનધનથી હું ખૂબ મહેનત લેવા ચાહું છું’[1] એવી ખ્વાહિશથી એમણે સામાજિક તથા તત્કાલીન સાંસ્કૃતિક ને સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓ કરી – અલબત્ત, લેખનના માધ્યમથી અને ફાર્બસના મજબૂત ટેકાથી. દલપતરામની સાહિત્યસેવા આમ લોકસેવાનો બલકે અનેક પરિમાણી લોકકેળવણીનો પર્યાય બની.

એટલે કવિતારચનામાં પણ દલપતરામ ઊર્મિ-આલેખન તરફ ભાગ્યે જ વળ્યા. તર્કશીલતાથી ને બુદ્ધિપરાયણતાથી જ એમની કવિતાનું, સમાજનાં વિવિધ ઘટકોને આવરી લેતું બાહ્ય અને આંતરિક કલેવર રચાતું રહ્યું. એ બુદ્ધિપરાયણતા એમની કવિતામાં એક બાજુ હળવાં-ગંભીર, મધુર-પ્રાસાદિક દૃષ્ટાંત-આધારિત પ્રબોધકતા તેમજ રંજકતા પ્રગટાવે છે ને બીજી બાજુ એમની મૂળ કવિપ્રકૃતિમાંથી ને વ્રજરીતિની કવિતાપરંપરામાંથી આવેલાં– પદ્યના ચાતુર્યનાં અનેક કૌશલો સિદ્ધ કરતી રહે છે. છંદવૈવિધ્ય, પ્રાસ-અનુપ્રાસ-ગૂંથણી, મુખર અલંકરણ દ્વારા ઉક્તિવૈચિત્ર્યો વગેરે પદ્યપ્રયુક્તિઓ પર એમનું વિલક્ષણ કહેવાય એવું પ્રભુત્વ સ્થપાય છે. દલપતરામની કવિતા લગભગ ઠાવકી જ રહી છે – જોસ્સો ને ઉદ્રેક એમના ઇલાકાની બહાર રહ્યા છે. ક્યાંક ભાવનાની ઉત્કટતા ભાવની ઉત્કટતા રૂપે પ્રગટે છે ત્યાં એ એક વિશિષ્ટ અનુભવ કરાવે છે. એમના ‘ગુજરાતી ભાષા’ એ જાણીતા કાવ્યની બે-ચાર પંક્તિઓ નમૂના રૂપે જોઈએ :

‘આવ ગિરા ગુજરાતી તને અતિ શોભિત હું શણગાર સજાવું;
જાણની પાસ વખાણ કરાવું, ગુણીજનમાં તુજ કીર્તિ ગજાવું.
o
આવ્યો આપ આગળે ઉચરવા અપીલ છું;
o
રૂડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું.

૧. ‘બુદ્ધિપ્રકાશ, જુલાઈ ૧૮૫૫. અહીં ઉદ્ધૃત ચી.ના. પટેલમાંથી

પ્રારંભના કાવ્ય 'બાપાની પીંપર'માં વ્યક્તિગત અનુભવની રેખાઓ છે પણ એ અનુભવ પછી પીંપરના મહિમા-વર્ણનમાં વહી ગયો છે.

એટલે 'ફાર્બસ-વિરહ' દલપતરામના આ પ્રલંબ અને સ્થિર કવિતાપ્રવાહમાંથી ઊછળેલું અંગત ઊર્મિ-આલેખનનું એક વિશિષ્ટ અને આકર્ષક મોજું છે.

'ફાર્બસ-વિરહ'નાં મૂળ ફાર્બસ-ચરિત્ર-આલેખમાં

'ફાર્બસ-વિરહ' સળંગ એક સમયે લખાયેલું કાવ્ય નથી. ફાર્બસના અવસાન અંગેના એમનાં વેદના અને શોક, મિત્રપ્રીતિ અને મિત્રસ્મરણ – એમના ચિત્તમાં સતત પ્રજળતો રહેલો એ 'વિરહ' – ફાર્બસના મૃત્યુ પછીનાં બે વર્ષ સુધીના ગાળામાં વખતેવખતે, પણ દુખાનુભવની એકસરખી માત્રાથી આલેખાતો રહેલો.

ઈ. ૧૮૬૫ના ઑગસ્ટની ૩૧મીએ ફાર્બસનું અવસાન થયું. એ પછી 'બુદ્ધિપ્રકાશ'ના ઑક્ટોબર અંકથી દલપતરામે 'આનરેબલ ફાર્બસ સાહેબનું મરણ' એવા નામે એક લેખશ્રેણી સળંગ ૧૫ અંક સુધી (ડિસેમ્બર ૧૮૬૬ સુધી) ચલાવેલી. એમાં લગભગ દરેક લેખાંક સાથે, એના આરંભે કે અંતે,[૨] મિત્ર-વિયોગ અને મિત્રસ્મરણની કેટલીક કાવ્યપંક્તિઓ પણ એ મૂકતા રહેલા. તે તે લેખાંકના ગદ્યલખાણ સાથે, એકાદ અપવાદ સિવાય, આ પદ્યપંક્તિઓનો કોઈ જ સીધો સંબંધ કે અનુસંધાન નથી. એક વિલક્ષણ બાબત એ છે કે આ ગદ્યલેખાંકોમાં, ફાર્બસની ગંભીર માંદગી વખતે એક વાર દલપતરામ એમની ખબર પૂછવા ગયેલા એનું ટૂંકું ભાવ-આલેખન છે એ બાદ કરતાં, એમનો અંગત ભાવ બહુ આલેખાયો નથી.[૩] જ્યારે આ પદ્યપંક્તિઓમાં મિત્રસ્મરણ અને પ્રશસ્તિ સાથે કવિની તીવ્ર અંગત વેદનાનું આલેખન પણ થયું છે.

લેખશ્રેણીમાંના આ પદ્યખંડો એ 'ફાર્બસ-વિરહ' કાવ્યનું પ્રાથમિક રૂપ. એ ૫૮ જેટલા પદ્યખંડો/ઘટકોની ફેરગોઠવણી કરીને, એમાંના કેટલાક બાદ કરીને અને ઠીકઠીક નવા રચીને તથા એમાં, પછીના ઑક્ટોબર ૧૮૬૭ના 'બુદ્ધિપ્રકાશ'માં પ્રકાશિત કરેલો કાવ્યઅંશ 'વહાલા તારાં વેણ...' પણ ઉમેરીને દલપતરામે ૯૪ ઘટકો/પદ્યખંડોનું (૫૮૦ પંક્તિઓનું) જે સળંગ કાવ્ય સંકલિત કર્યું એ 'ફાર્બસ-વિરહ'નું અંતિમ રૂપ. એ રૂપે આ કાવ્ય પહેલી વાર, એક સ્વતંત્ર કાવ્યપુસ્તિકા તરીકે ૧૮૯૨માં પ્રગટ થયું. અલબત્ત, આ

૨. આ લેખશ્રેણી પુસ્તક રૂપે પ્રકાશિત થઈ નથી. છેક ઈ. ૨૦૦૦માં ગુજરાત સાહિત્ય અકાદમીએ દલપતરામનું સમગ્ર લેખન 'દલપત-ગ્રંથાવલિ' રૂપે પ્રકાશિત કરેલું એના ગ્રંથ-૫માં એ મુદ્રિત થઈ છે. પરંતુ સંપાદકે એમાં મૂળ પ્રકાશનવર્ષોની કે પ્રત્યેક લેખાંક કયા અંકમાં થયો એની કોઈ નોંધ કરી નથી – ચરિત્ર સળંગ છાપ્યું છે એથી લેખાંકોના આરંભ-અંતનો અંદાજ આવતો નથી. ચી.ના. પટેલના 'બુદ્ધિપ્રકાશ : સ્વાધ્યાય અને સૂચિ'માંના વિગતવાર અનુક્રમમાંથી એ વિગતોનો અંદાજ મેળવી શકાયો છે.

૩. આ ફાર્બસ-ચરિત્રમાં ફાર્બસનાં દેશહિતનાં ને સાહિત્યપ્રેરકતાનાં અનેક કાર્યોનો વિગતવાર, ક્યાંક ચિત્રાત્મક એવો ઐતિહાસિક આલેખ જેટલો ઊપસે છે એટલું ફાર્બસનું વ્યક્તિ-ચિત્ર ઊપસતું નથી. એ પછી, ૧૮૭૬-૭૭માં એમણે 'બુદ્ધિપ્રકાશ'ના ૧૨ અંકોમાં 'મહેતા દુર્ગારામનો ઈતિહાસ' એ નામે લેખશ્રેણી કરેલી એમાં દુર્ગારામનું બહુપરિમાણી વ્યક્તિ-ચિત્ર સરસ ઊપસ્યું છે.

અંતિમ રૂપમાં પણ, એમણે 'દલપતકાવ્ય : ૧-૨'માં વિષય આદિનું જેવું વિભાજન કર્યું હતું એવું વ્યવસ્થિત સંકલન તો દલપતરામ કરી શક્યા નથી. 'બુદ્ધિપ્રકાશ'માંની પેલી ગદ્યલેખ-શ્રેણીને સંકલિત-સંવર્ધિત કરીને પ્રકાશિત કરવાનું, એમની એવી ઇચ્છા હતી છતાં,[૪] એમનાથી બની શક્યું નથી.

'ફાર્બસ-વિરહ' કૃતિ : એકસાથે ત્રિવિધ સ્તરે ચાલતું કાવ્ય

'ફાર્બસ-વિરહ'ના કાવ્યસ્વરૂપની ચર્ચાને બાજુએ રાખીને પહેલાં એને એક કાવ્યકૃતિ તરીકે જોઈએ –

અગાઉ કહ્યું એમ, કાવ્યના ઘટકો યોગ્ય રીતે સંકલિત થયા ન હોવાથી, કવિની અંગત સંવેદના, ચરિત્રરેખા, પ્રશસ્તિ, ઇતિહાસ-વિગતો એ બધું કંઈક વિખરાયેલું ને પુનઃઆવર્તિત થતું લાગે છે ને એ કારણે આ દીર્ઘ રચનાનું કોઈ અખંડ સ્થાપત્ય ઊપસતું નથી. એથી, ચંદ્રકાન્ત ટોપીવાળા કહે છે એમ, એ સ્થાપત્યને બદલે આપણે 'રચનામાં ઠેરઠેર ઊપસેલાં શિલ્પોને જોવાનાં રહે છે.'[૫] અલબત્ત એ શિલ્પો મહદંશે સુઘડ અને આસ્વાદન-યોગ્ય છે.

પરંતુ એથીય ધ્યાનપાત્ર બાબત તો એ છે કે આ કાવ્ય એકસાથે ત્રિવિધ સ્તરે પ્રવર્તે છે : દલપતરામે એમાં શોકની, વેદનાની, મિત્રપ્રીતિની અંગત ઊર્મિ તો આલેખી જ છે પણ એની સાથેસાથે ને એ ઉપરાંત એમને ફાર્બસના ચરિત્રને, એમનાં કાર્યોની શક્ય એટલી વધુ ઐતિહાસિક વિગતો સાથે, નિરૂપી આપવું છે ને એટલે જ્યારે જે યાદ આવી તે બાબતની પદ્ય-ગૂંથણી એ કરતા રહ્યા છે. અને ત્રીજું સ્તર એ છે કે વિષય-નિરૂપણને મિષે દલપતરામે પોતાના કાવ્યકસબને બલકે પદ્ય-પ્રયુક્તિ-કૌશલને પણ અનેકવિધતાથી રજૂ કર્યું છે. અહીં એમનું પ્રિય, અને જાણીતું, છંદ-વૈવિધ્ય છે : મુખ્યત્વે મનહર અને ઇન્દ્રવિજય ઉપરાંત દોહરો, હરિગીત, અરવિંદમુખી, સોરઠો, દુમિલા એ છંદો અને છેલ્લી ૨૪ કડીઓમાં પરજિયો રાગ. ઉપમા, ઉત્પ્રેક્ષા, સહોક્તિ, અન્યોક્તિ, રૂપક, શ્લેષ આદિ અલંકારો એ ગૂંથતા રહ્યા છે; દ્વિરુક્તિની, કવિતની ઝડઝમક એમણે નિપજાવી છે ને વર્ણાનુપ્રાસરચના તો અતિસેવનથી એમને એવી સહજ થઈ ગઈ છે કે એ પંક્તિએ-પંક્તિએ દેખા દે છે એમ કહેવામાં વાંધો નથી. અંગત સંવેદનની આત્મલક્ષી અભિવ્યક્તિની અંતર્ગત તેમજ એની આસપાસ કવિએ આવી બધી પદ્યછટાઓ પણ 'દાખવી' છે. એથી કાવ્ય બહુ લાક્ષણિક રીતે રસ-પ્રદ બન્યું છે. અલબત્ત, એમાંના કેટલાક નર્યા આયાસી નુસખા ક્લેશકર પણ બન્યા છે.

---

૪. એ લેખશ્રેણીમાં એક જગાએ એમણે નોંધ્યું છે કે, 'આ હકીકત થોડેથોડે લખવાનું કારણ એ છે કે હાલ જે જે યાદ આવે છે તે તે વાતો લખું છું. અને છેલ્લી વારે તે ઈતિહાસની એક જુદી ચોપડી છપાશે. માટે, ફારબસ સાહેબની હકીકતથી વાકેફ હોય તેવા મહેરબાનોએ રહી ગયેલી વાત અથવા ફેરફાર કરવા લાયક હોય તે મેહેરબાની કરીને મને લખી જણાવવું' ('દલપત ગ્રંથાવલિ : ૫', પૃ.૪૮૮). સંપૂર્ણ આલેખ માટેની ઇતિહાસબુદ્ધિમાંથી પ્રગટેલી દલપતરામની આ ઉદારતા બલકે મોકળાશ પ્રશંસાપાત્ર છે.

૫. 'દલપતરામ', ચંદ્રકાન્ત ટોપીવાળા, પૃ. ૩૯

કૃતિમાંથી સાદ્યંત પસાર થતાં

કાવ્યમાં સંવેદન-નિરૂપણ અને પ્રશસ્તિ-આલેખન કંઈક લહેરાતું, અ-સુબદ્ધ રહ્યું છે, પરંતુ 'મિત્રની દિલગીરી', 'પૂર્વાનુરાગસ્મરણ', 'મિત્ર પ્રતિ પ્રીતિવાક્ય', 'મિત્રગુણ-સ્મરણ' વગેરે જેવાં પેટાશીર્ષકો હેઠળ પદ્યખંડો/ઘટકો મૂકીને કાવ્યને એક ઘાટ આપવાનો પ્રયત્ન એમણે કર્યો છે. એ ઘાટ પણ કાવ્યમાં પાછળ જતાં કંઈક વિશૃંખલ થાય છે. આમ છતાં, વક્તવ્ય અને છંદોવિધાન એવાં પ્રવાહી ને પ્રાસાદિક છે કે કાવ્યનું વાચન ખાસ વિઘ્નોવાળું બનતું નથી. દલપતરામની હતી એ સર્વ કાવ્યશક્તિ, આ એક કાવ્યમાં પૂરી નિખરી આવી છે ને સ્થાનેસ્થાને આહ્‌લાદક પણ નીવડી છે.

કાવ્યના પ્રારંભે જ, ફાર્બસનો એક વ્યક્તિવિશેષ પ્રભાવક રૂપકથી ઊપસ્યો છે :

કવિતા જહાજનો તે ભાંગી પડ્યો કૂવાથંભ;
ખરેખરો ખેદ તે તો કેમ કરી ટાળવો ? ૪ [૬]

પંડિતોના પારેખની પ્રૌઢ પેઢી ભાંગી પડી;
હવે કહો વ્યવહાર શી રીતે સંભાળવો. ૬

ફાર્બસની સાહિત્યપ્રવૃત્તિ-પ્રેરકતા આથી વધારે અસરકારકતાથી શી રીતે બતાવી શકાઈ હોત ?

પ્રશંસાના આ પ્રવાહમાં જ કવિની અંગત વ્યથા પણ ઊપસી રહે છે : 'મુજ મિત્ર ગયો'... એની છબી નજર સામે તરવરે છે.. એ બધું તો ખરું જ, પણ જ્યારે કવિ કહે છે કે, 'જાતું રહ્યું સુખ તો શત જોજન !' ત્યારે કાવ્યગત આ અતિશયોક્તિ મિત્રવિયોગની હતાશાને સહજ રીતે ને ઘણી તીક્ષ્ણતાથી વ્યક્ત કરે છે. શોકનું આ વર્ણન છંદપલટાને લીધે, એકવિધ થતું બચે છે. મનહર-ઇન્દ્રવિજય-દોહરો-મનહર-ઇન્દ્રવિજય-દોહરો એવાં છંદ-આવર્તનો પહેલી ૪૦ પંક્તિઓમાં વર્ણનને આધાર આપે છે. ફાર્બસનું જવું એ દલપતરામની અંગત ખોટ જ નહીં, આખા પ્રજાવર્ગની ખોટ પણ હતી – એટલા એ લોકહૃદયમાં વસેલા હતા – એ અર્ધપંક્તિથી જ વ્યક્ત થયું છે : 'સદન સદન બહુ શોક.'

'પૂર્વાનુરાગસ્મરણ'ના ખંડમાં કવિ ફાર્બસ સાથેના પોતાના પ્રથમ મિલનના ભૂતકાળને આલેખે છે. એમાં 'ઈસવીસો અઢારે અડતાળીસ'થી આરંભાતી જીવનવિગતો પદ્યરૂપ પામી છે પણ એની વચ્ચે ફાર્બસ-સ્નેહ કાવ્યાત્મકતાથી ઊપસે છે ને એ પૂર્વ-અનુરાગને તાદૃશ્યતાથી ને લાગણીની આર્દ્રતાથી વ્યક્ત કરે છે. ફાર્બસને કંપનીના કામે બહાર જવાનું થતું ને એથી કાયમ મળતા રહેવાનું ન બનતું. પણ –

પાસે રહ્યે પાંચ ગણો, દૂર રહ્યે દસ ગણો
થયો ઘણો ઘણો સ્નેહ સરસ સહેલમાં. ૫૪

એવી મુખર ઉક્તિ ઉષ્માવાળી બને છે. ફાર્બસ-વિયોગનો શોક એક અંગત સંબંધ-સ્મરણથી ઘેરો અને અસરકારક બને છે –

---

૬. પુસ્તકમાં આપેલા કાવ્યપાઠ (text) મુજબના પંક્તિનિર્દેશો, આખા લેખમાં.

કહે દલપતરામ, સાહેબ કિન્લોક વિના
કોણ માઈ ડિયર કહી મને બોલાવશે ? ૬૮

સ્પર્શી જાય એવી પંક્તિઓની સમાન્તરે ‘વિચારીવિચારીને’ જેવી દ્વિરુક્તિઓવાળી અને શબ્દશ્લેષનાં આવર્તનોવાળી પદ્યપ્રયુક્તિઓ પણ અહીં પથરાતી રહી છે. અલબત્ત, વાચનના પ્રવાહને એ અવરોધતી નથી.

‘મિત્ર પ્રતિ પ્રીતિવાક્ય’ના ખંડમાં ખરી શોકમય પ્રશસ્તિ – ‘કરુણ’ પ્રશસ્તિ છે. સ્મરણનું એ નિરૂપણ કવિના દુખના આઘાતની પ્રતીતિ કરાવનારું બન્યું છે. કોઈ કાર્યક્રમમાં બહારગામ જવાનું હોય ત્યારે ફાર્બસ અગાઉથી ત્યાં જઈને દલપતરામના નિવાસનો પ્રબંધ કાળજીથી કરતા – એ યાદ કરીને કવિ ઉત્પ્રેક્ષાવાળા એક કવિતર્કથી પોતાના જીવનની, જીવિત હોવાની, અસહ્યતાને આલેખે છે –

આગળ સિધાવી આપ કરીને મુકામ સારે,
મારે કાજે સરસ મુકામ શોધી રાખતો;
પરલોક પંથે પણ પ્રથમથી પોતે ગયો,
એ પણ ગયો હશે શું એવું અભિલાખતો !
કહે દલપતરામ શોધીને સારો મુકામ,
રાખજે સંભારીને રખે વિસારી નાખતો. ૭૯-૮૪

આ ખંડમાં કવિએ પોતાની વિરહ-વ્યથાને જાણે વહેતી મૂકી દીધી છે. મૃત મિત્રને એ કહે છે – તેં ઘણો સ્નેહ કર્યો, લાડ લડાવ્યાં, હેતપૂર્વક ‘નિજ ચારઠ’(બગી)માં બેસાડ્યો, એવું સુખ ને માન સતત આપ્યાં. તો પછી ‘હે પ્રિય, પાછળથી કેમ રડાવ્યો ?’ (૧૦૦) અને -

‘ઘા કરવો ન ઘટે ઘટભીતર, ઓ પ્રિય ફાર્બસ નેહ નિઘાકર’ ૧૦૪

(‘નેહનિઘાકર’ એટલે સ્નેહભરી દૃષ્ટિ કરનાર – એવી, આ કાવ્યમાં ક્યાંકક્યાંક આવતી લાક્ષણિક સમાસરચનાઓ પછી ન્હાનાલાલની કવિતામાં કેવી મહોરી ઊઠેલી – એ યાદ આવશે.)

કવિસંવેદન અને પ્રયુક્તિકૌશલ આ ખંડમાં સમાન્તરે, ક્યાંક તો યુગપત્ રીતે, નિરૂપણ-પ્રવૃત્ત થયાં છે. દ્વિરુક્તિઓ અને અનુપ્રાસોનાં આવર્તનોની મદદથી, ઘૂંટાઈઘૂંટાઈને પ્રસરતા શોકભાવનો એક આખો ખંડક (પંક્તિ ૧૧૩-૧૨૦) ધ્યાનાર્હ છે. એમાંથી માત્ર બે પંક્તિઓ જોઈએ :

પાઈપાઈ પ્રેમપાન પ્રથમ તેં પુષ્ટ કર્યો;
પછી પીડા પમાડી વિજોગપાન પાઈપાઈ.

જરા અટકીને એની રચનાભાત જોઈએ. કડીના બંને છેડે ‘પાઈપાઈ’ની દ્વિરુક્તિથી રચાતું એક પૂર્ણ અર્થ-આવર્તન, આખી કડીમાં સંભળાતું રહેતું ‘પ’વર્ણનું અનુરણન તથા ‘પ્રેમપાન’ અને ‘વિજોગપાન’ના અર્થવિરોધને (એક સ્થિતિ-વિડંબનને) સંતુલિત કરતો શબ્દલય અને મનહરનો મુક્ત-પ્રવાહી છંદલય – એ બધું દલપતરામના રચનાકૌશલને

આજે નવી રીતે જોવાની ફરજ પાડે છે.

વિરહના આ નિરૂપણપ્રવાહમાં ફાર્બસ સાથેના દલપતરામના અંતરંગ કૌટુંબિક સંબંધની એક ઉષ્માભરી રેખા 'કોણ હવે કરશે પ્રતિપાલન'થી શરૂ થતા શ્લોકની અંતિમ પંક્તિમાં ઉપર તરી આવે છે :

'મિત્ર હવે મુજ બાળકડાં, કહેશે જઈ કોણને સાહેબકાકા ? ૧૪૬

અહીં ફાર્બસનું વ્યક્તિ-ચિત્ર પણ આકાર લેતું જાય છે : 'અતડા રહી અમલ કરે અન્ય અંગરેજો' (૧૪૭)-થી શરૂ થતા ખંડકમાં કવિએ આલેખ્યું છે કે ફાર્બસ માત્ર મિત્રપ્રેમથી જ નહીં, ગુજરાતી પ્રજા માટેના પ્રેમથી ને સમજ-સંવેદનાભર્યા માનવ્યપ્રેમથી અલગ તરી આવેલા હતા – સૌનું સ્નેહભાજન બનેલા વિદ્યાપ્રેમી હતા.[૭] એમણે માણસો વચ્ચે ઊંચા-નીચાપણાનો દાંભિક ભેદ કર્યો ન હતો; નહીં તો, દલપતરામ લખે છે કે, 'ક્યાં કિન્લોક ફારબસ, ક્યાંહિ વિપ્ર આંહીનો ?' (૧૭૦). એટલે આ વિપ્ર, 'સ્વર્ગવાસી' ફાર્બસને જાણે આશીર્વચન પાઠવે છે :

આશિષ અમારી છેલ્લે એ છે, દલપત્ત કહે,
સૃષ્ટિપતિ સદા તને સમીપમાં રાખશે. ૧૮૦

ઠાવકી કવિતા કરનાર દલપતરામમાં ક્યારેક ઉદ્રેકભર્યો વેગ પણ જોવા મળે ત્યારે પ્રસન્નતા થાય છે. ફાર્બસનાં કાર્યોનો વિશેષ બતાવવા પૂર્વે એક વિરોધી ચિત્ર આલેખતાં એ કહે છે –

મળ્યાં હશે બીજાંઓને મોટાં મોટાં માનપત્ર,
ચીંથરાં થઈ જશે તે ચુંથાઈ ચુંથાઈને;
બનાવી બનાવીને બેસાર્યાં હશે બાવલાં, તે
પાવલાંની કિંમતે કદી જશે વેચાઈને. ૧૯૨

ચૂંથાઈને ચીંથરાં થઈ જશે – એવી અભિવ્યક્તિ નર્મદના આવેગની યાદ અપાવે એવી બળકટ છે. દલપતરામની સ્વભાવસહજ પ્રાસપરકતા હંમેશાં શબ્દરમત બનતી નથી, ક્યારેક ભાવને ઘૂંટવામાં એ પ્રયોજાય છે.

એ પછી દલપતરામ આલેખે છે કે, ફાર્બસની કીર્તિ તો એમની કાવ્યપ્રીતિથી અને સાહિત્ય-વિદ્યા-પ્રેરકતાથી અમર બનવાની છે : 'કવિતાથી ઠામઠામ, કહે દલપતરામ, ફારબસ તણા જશ રહેશે ફેલાઈને' (૧૯૬)

આ પ્રશસ્તિને આગળ વધારતાં દલપતરામ, મુંબઈમાં ને ગુજરાતનાં શહેરોમાં ફાર્બસે કેવું લોકપ્રીતિ-સંપાદન કર્યું હતું એનો ચિતાર આપે છે : હિન્દીઓ સાથેનો એમનો

૭. બીજા અંગ્રેજ અમલદારો વિશે જાહેરમાં ઘણી આકરી ટીકા કરનાર; હોપ, ટેલર, કર્ટિસ જેવાની મર્યાદાઓ પર સ્પષ્ટતાથી પ્રહાર કરનાર નર્મદને પણ ફાર્બસ માટે તો મોટો આદર હતો. એમને અંજલિ આપતાં એણે લખેલું કે 'ગુજરાતીઓને ઉત્તેજન આપવા પરિશ્રમ લેવામાં [એમણે] બાકી નથી રાખી [...] જે શખ્સે આટલો ગુજરાત ને ગુજરાતીઓ પર ઉપકાર કર્યો છે તેમનું નામ પ્રસિદ્ધ રાખવા માટે કાંઈક થવું જરૂરી છે [...] તેમની ઈયાદદાસ્ત કાયમ રાખવા માટે એક સ્કૉલરશીપ અપાય ઈયા વાર્સિક સારો ઈનામી નિબંધ લખાય એવું થાય.' ('ડાંડિયો', ૧૫ સપ્ટેમ્બર ૧૮૬૫)

સ્નેહ, પ્રજાને લાડ, રાજાઓને આદર, પ્રજાહિતના કાયદા, કવિઓની માનવૃદ્ધિ, વગેરે છે. એ દસ વર્ષ વધુ જીવ્યા હોત તો પ્રજાહિતનાં અનેક કાર્યોથી ‘સો ગણી સહસ્ર ગણી શોભા સારી પામી લેત’ (૨૧૭)

કવિ વળીવળીને ફાર્બસે કવિતાને આપેલા ઉત્તેજનનું વિગતે નિરૂપણ કરે છે ને ખંડને અંતે પાછા અંગત સ્મરણમાં ખોવાઈ જાય છે. કહે છે,

‘રે ફાર્બસ, જો ફરીથી મળ, સારી કરી કવિતા સંભળાવું’ (૩૧૭)

આ ખંડકમાં અલબત્ત, કવિ નિમ્ન સ્તરના શબ્દખેલમાં પણ પડી ગયા છે. નાગપાશ-પ્રબંધ નામે એક શ્લોક અને એ સાથેનું નાગપાશનું ચિત્ર-રેખાંકન અતિ આયાસી વર્ણ-શબ્દ-રમત છે ને દલપતરામની બીજી કેટલીક કાવ્યરચનાઓમાં દેખાતી આ ચાતુરી અહીં આ કાવ્યમાં સાવ આગંતુક લાગે છે. વળી એક ખંડકમાંની ‘ત્રીજોરી-ત્રીજો રિપુ’, ‘બદન—બદ નજર’, ‘પાટ લુણ-પાટલુન’, એવી નિરર્થક, શ્લેષવાળી તુલનાઓ શબ્દરમતથી પણ નીચે ઊતરીને શબ્દ-ચાપલ્ય બની જાય છે. પછીથી આવતા ‘ઘરર ઘરર ઘણો ઘનતણો ઘોષ સુણી’(૩૯૭)-થી શરૂ થતા એક ખંડકમાં પણ ફરર ફરર, થરર થરર, અરર અરર — એવા પંક્તિપ્રારંભો કેવળ વર્ણ-મોહ-વશ સભારંજની લખાવટનું નિદર્શન બની રહ્યા છે.

એ પછીના નાનાનાના ખંડકો : ‘સમુદ્ર, મેઘ, સાભ્રમતી, દુખ, કમળ-પ્રતિ ઉક્તિઓ’માં વાગ્મિત રીતિએ થયેલી ફાર્બસ-પ્રશસ્તિ છે. એમાં સજીવારોપ કરતી, તે સમયના કાવ્યવિવેચનમાં પ્રચલિત થયેલી, પૅથેટિક ફૅલસી પણ પ્રયુક્ત થઈ છે. આ ઉક્તિઓમાં એક ‘દુખ પ્રતિ ઉક્તિ’માંનું રૂપક જરા લાક્ષણિક ને એથી ધ્યાનપાત્ર છે : ‘રે દુખરૂપી ભૂંડા ભમરા’ તું ભરાયો છે મારા ‘દિલપંકજ’માં, એટલે ‘નીસરવાની ન રાખીશ આશા.’ ફારબસ ગયાનું દુખ કેવું મનમાં બિડાઈને રહ્યું છે — કાયમ થઈ ગયું છે એવો સૂચકાર્થ એમાંથી સ્ફુરે છે. ‘ઇત્થં વિચારયતિ કોશગતે દ્વિરેફે’ એ જાણીતી સંસ્કૃત સૂક્તિ એમાં કાવ્યપ્રયુક્તિ લેખે પ્રયોજાઈ છે એ પણ નોંધપાત્ર છે.

એ પછીના, ‘છ માસ વીત્યા વિશે’, ‘વિજોગનું ચોમાસું’, ‘વર્ષ વીત્યા વિશે’ — એ ખંડકોમાં આ વિરહભાવ ઘુમરાતો ને ઘૂંટાતો રહ્યો છે.

આ વિયોગ-સંવેદનની ચરમ સીમા છે ‘મિત્ર પ્રતિ ઉક્તિ’ એ ખંડકમાં. પેલી લેખશ્રેણી પૂરી થયા પછી, ફાર્બસના અવસાનનાં બે વર્ષ બાદ ઑક્ટોબર ૧૮૬૭ના ‘બુદ્ધિપ્રકાશ’માં પ્રગટ થયેલો એક કાવ્યઅંશ આ સળંગ કાવ્યના એક ખંડક તરીકે ગોઠવાઈ ગયો છે પણ કરુણપ્રશસ્તિના એક સ્વતંત્ર ઊર્મિકાવ્ય તરીકે પણ એ ટકી શકે એવો ઉત્તમ છે.

‘વા’લા તારાં વેણ…’થી આરંભાતા આ સોરઠા(પંક્તિ ૪૧૯થી ૪૪૨)માં, બે વર્ષ પછી પણ ઘનીભૂત રહેલી મિત્રવિયોગની કવિવેદના કાવ્યમાં આર્દ્રતાના શિખરે પહોંચે છે. સોરઠાના છંદસ્વરે વિલાપના સંવેદનને કેવી વાચા આપી છે એની પ્રતીતિ માટે બેત્રણ કડીઓ સાંભળીએ—

વા'લા તારાં વેણ સ્વપનામાં પણ સાંભરે;
નેહભરેલાં નેણ ફરી ન દીઠાં ફારબસ.
...
માનવજાતિ માત્ર ભલે વસે સઉ ભૂમિમાં;
પણ પ્રીતિનું પાત્ર, ફૂટી ગયું રે ફારબસ.
...
તારા બોલ તણા જ, ભણકારા વાગે ભલા;
ઉપજે ઘાટ ઘણા જ, ફરી દેખું ક્યાં ફારબસ ?

'મન વાળવા વિશે' ખંડકથી કાવ્ય સમાપ્તિ તરફ, શોકના ઉપશમ તરફ વળે છે : 'તે માટે તું તજ શોક, ભજ તું ત્રિલોકનાથ; ફારબસ મિત્ર ફરી મોક્ષ મધ્યે મળશે' (૪૪૮). પરંતુ પછી કેટલાક બિનજરૂરી, પરિશિષ્ટ જેવા – 'રાસમાળા પુસ્તક વિશે', વગેરે ખંડકો પ્રવેશ્યા છે. ને છેલ્લે, છંદરચના છોડીને કવિએ 'રાગ પરજીઓ'માં ૨૪ કંડિકાઓ મૂકી છે એમાં અગાઉ જે કહેવાઈ ગયું છે એની વિગતદર્શી પુનરાવૃત્તિઓ સાથેનો જાણે કે ઉપસંહાર છે. એમાં રાગઢાળની, ઊર્મિસૂરની કોઈ સ્પર્શક્ષમતા નથી. 'તુજને ગમ્યું તે ખરું પ્રભુ, નથી અમારો ઉપાય' (કંડિકા ૨૩) – એ પ્રકારની રૂઢિવશતા છે. 'વાલા તારાં વેણ'ના ખંડક પછી કાવ્ય જાણે કે એકદમ જ ઢાળ ઊતરી જાય છે, એને સમાપનનો કોઈ ઘાટ (shape) મળતો નથી.

○

આજે ફરી વાંચતાં, 'ફાર્બસ-વિરહ' દલપતરામના એકમાત્ર આત્મલક્ષી દીર્ઘકાવ્ય તરીકે કે ગુજરાતીની પહેલી ગણાયેલી કરુણપ્રશસ્તિ કાવ્યરચના લેખે જ નહીં, ગુજરાતી ભાષાની એક કાવ્યકૃતિ તરીકે નિરપેક્ષ રીતે પણ એક નોખો અનુભવ કરાવે છે. તત્કાલીન કાવ્યવિભાવનાને ધ્યાનમાં લઈને તથા દલપતરામની કાવ્યસમજના સંદર્ભમાં – સમયસાપેક્ષતાથી – એને વાંચીએ કે એવો કોઈ સમયલાભ આપ્યા વિના એને વાંચીએ તોપણ, એના કેટલાક ખંડકોમાં આસ્વાદ્યતાના કાયમી અંશોનો અનુભવ થવાનો. એનો સળંગ છંદપ્રવાહ ને પ્રસાદ-માધુર્યવાળી અભિવ્યક્તિ પણ એક વિશિષ્ટ કાવ્યવાચનાનો આનંદ ને સંતોષ આપે છે.

'ફાર્બસ-વિરહ' : કરુણપ્રશસ્તિ કાવ્ય ?

આનંદશંકર ધ્રુવે નરસિંહરાવ દિવેટિયાના કાવ્ય 'સ્મરણસંહિતા'(૧૯૧૫)નો ઉપોદ્‌ઘાત લખ્યો એમાં 'Elegy(એલેજી)' માટે ગુજરાતી પર્યાય યોજતાં લખ્યું કે, 'એનાં લક્ષણભૂત સઘળાં તત્ત્વોનો વિચાર કરતાં એને માટે 'મરણનિમિત્તક કરુણપ્રશસ્તિ' અથવા ટૂંકામાં 'કરુણપ્રશસ્તિ' એવું નામ યોજવું ઠીક લાગે છે.'[૮] આનંદશંકરે અંગ્રેજી કાવ્યપરંપરામાં વિકસતી આવતી 'એલેજી'ની વિભાવનાઓ નોંધીને, મિલ્ટનનું Lycidus, શેલીનું Adonaise, ટેનિસનનું In Memorium જેવાં ઉત્તમ કાવ્યો પણ 'એક જ વર્ગનાં

૮. જુઓ : 'સાહિત્યવિહાર', પુનર્મુદ્રણ ૧૯૬૬, પૃ. ૪૫૮

હોવા છતાં, એમના સ્વરૂપમાં કેટલોક લક્ષ્યમાં રાખવા જેવો ભેદ છે'[૯] એમ નોંધ્યું હતું, એટલું જ નહીં, એલેજીના એક મહત્ત્વના વ્યાખ્યાકાર 'એડમંડ ગોસે બતાવેલાં તત્ત્વોમાંનાં બધાં સ્વીકારતાં ટેનિસનનું 'ઇન મેમોરિયમ' જેવું કાવ્ય બાતલ થઈ જાય'[૧૦] એમ પણ કહ્યું હતું.

એટલે એલેજી કાવ્યો ગ્રીક-અંગ્રેજી-પરંપરાનાં હોય કે એને આધારે—કે અભાનપણે-ગુજરાતીમાં વિકસેલી 'કરુણપ્રશસ્તિ'ની પરંપરાનાં હોય, એમાં થોડીક મોકળાશનો સ્વીકાર કરવાનો રહે. ધીરુભાઈ ઠાકરે 'કરુણપ્રશસ્તિ કાવ્યો' (૧૯૭૦) એ સંપાદનમાં જે ગુજરાતી કૃતિઓ સમાવી છે એમાં આવી, કદાચ થોડીક વધુ – મોકળાશભરી છૂટ લીધેલી જ છે.

'સ્મરણસંહિતા' નરસિંહરાવે 'ઇન મેમોરિયમ'ના પ્રતિમાન (મૉડેલ) પર ને એલેજી સ્વરૂપની પૂરી સભાનતા સાથે રચેલી કૃતિ છે. પરંતુ સુંદરમે એને નહીં પણ દલપતરામની 'ફાર્બસવિરહ' કૃતિને માટે 'એ આપણી કરુણપ્રશસ્તિઓમાં પહેલી કૃતિ તરીકે [...] ઘણા ઊંચા સ્થાને બેસે એવી છે' – એમ કહ્યું છે.[૧૧]

છતાં 'ફાર્બસવિરહ'ને કરુણપ્રશસ્તિ સ્વરૂપની કૃતિ ગણવી કે કેમ એ વિશે થોડાક સંદેહો થયેલા છે. એમાં એક સંદેહ ઐતિહાસિકતાનો છે – દલપતરામ એલેજીના સ્વરૂપથી – મૂળે તો અંગ્રેજી ભાષાની ને સાહિત્યની પરંપરાથી – અજાણ હતા એટલે એવી કોઈ સ્વરૂપ-સભાનતા એમનામાં હતી નહીં, તો, એમના આ કાવ્યને કરુણપ્રશસ્તિનું લેબલ લગાડી શકાય ? બીજો સંદેહ, અંગ્રેજી કાવ્યપરંપરામાં, એલેજી સ્વરૂપની કૃતિમાં મૃત્યુવિષયક શોક સાથે મૃત્યુવિષયક ચિંતન લગભગ અનિવાર્ય હતું, તો એવું ચિંતન 'ફાર્બસ-વિરહ'માં ક્યાં છે ? – એ અંગેનો છે.

પરંતુ મિત્ર/સ્વજનના મૃત્યુનો શોક ને એમાંથી ઉદ્ભવતા કરુણમાં મૃત્યુચિંતનની રેખાઓ અંતર્હિત હોય છે – સ્વજનનું અવસાન એ કવિ-વ્યક્તિને મૃત્યુની ભેખડની ધાર આગળ લાવી દે છે. 'ફાર્બસવિરહ'માં એવા સંકેતો છે પણ ખરા. અલબત્ત, એમાં તત્ત્વચિંતનનો કોઈ શાંતરસપર્યવસાયી પરલક્ષી વળાંક નથી. પણ 'મન વાળવા વિશે' એ ખંડકમાં મિત્રવિયોગનો શોક ઉપશમ તરફ વળે છે એવું ટૂંકું નિરૂપણ તો છે જ. ('તે માટે તું તજ શોક, ભજ તું ત્રિલોકનાથ...' વગેરે). અલબત્ત, કવિ ત્યાં અટક્યા છે – કરુણની નિષ્પતિ જ એમના કાવ્યમાં કેન્દ્રસ્થાને રહી છે.

આમ, મૃત્યુચિંતનની માત્રા ઓછી હોય, કે એની ગેરહાજરી હોય એ જ એક કારણે કોઈ કૃતિને એ સ્વરૂપમાંથી બાકાત કરી દેવાનું બહુ ઉચિત લાગતું નથી. – સ્વરૂપનાં વ્યાવર્તક લક્ષણો લવચીક પણ હોવાનાં.

એ રીતે જોતાં, 'ફાર્બસવિરહ' કરુણપ્રશિસ્ત કાવ્ય ગણાયું છે એ સ્વીકારવામાં કોઈ મુશ્કેલી હોઈ ન શકે.

---

૯. એ જ, પૃ. ૪૬૦
૧૦. એ જ, પૃ. ૪૬૨
૧૧. અર્વાચીન કવિતા, ૨૦૦૪ની આવૃત્તિ, પૃ. ૨૬

સંદર્ભગ્રંથો :
- ટોપીવાળા, ચન્દ્રકાન્ત, 'દલપતરામ', અમદાવાદ, ૨૦૦૨
- ઠાકર, ધીરુભાઈ, (સંપા.) 'કરુણપ્રશસ્તિ કાવ્યો', અમદાવાદ, ૧૯૭૦
- ત્રિવેદી, ચિમનલાલ (સંપા.), 'દલપત ગ્રંથાવલિ-૨', ગાંધીનગર, ૨૦૦૦
- ધ્રુવ, આનંદશંકર, 'સાહિત્યવિચાર', અમદાવાદ, ૧૯૪૧
- પટેલ, ચી. ના.(સંપાદક), 'બુદ્ધિપ્રકાશ : સ્વાધ્યાય અને સૂચિ', ગાંધીનગર, ૧૯૯૦
- પારેખ, મધુસૂદન (સંપા.), 'દલપત ગ્રંથાવલિ-૫', ગાંધીનગર, ૨૦૦૦
- શુક્લ, રમેશ (સંપા.) 'ડાંડિયો—નર્મદ', સુરત, ૧૯૯૬
- સુંદરમ્, 'અર્વાચીન કવિતા', અમદાવાદ, ૧૯૪૬

---

* પ્રકાશિત થનાર સંકલન-પુસ્તક 'ફાર્બસ-વિરહ' (ગૂર્જર પ્રકાશન)-નો પ્રસ્તાવના લેખ

❑

ચિતારો | જયંત પાઠક

અજબ મિલાવટ કરી
ચિતારે રંગપ્યાલીઓ ભરી !

એક લસરકે ઊગી નીકળ્યાં
જંગલ જંગલ ઝાડ;
ટપકે ટપકે ફૂટી નીકળ્યા
ધરતીપટથી પ્હાડ !
ઘટ્ટ નીલિમા નરી. - ચિતારે૦

જરાક ખંખેરી પીંછી ત્યાં
ફૂલને લાગી છાંટ;
ફૂંક મારતાં ફેલાયા શા
સાગર સાત અફાટ !
જલરંગે જલપરી ! - ચિતારે૦

લૂછતાં વાદળપોતે ઊઘડ્યા
ઈન્દ્રધનુના રંગ;
રંગરંગમાં લીલા નિજની
નીરખે થઈને દંગ !
ચીતરે ફરી ફરી ! - ચિતારે૦

(ક્ષણોમાં જીવું છું. પૃ. ૧૭૭)

વિદાય ડૉ. નટવરસિંહ પરમારની

હિમાંશી શેલત

નક્કી આ શાપિત સમયની જ અસર. બાકી જેને નર્મદ ચંદ્રક મળ્યો હોય, જે સૂરતની બે પ્રતિષ્ઠિત શિક્ષણસંસ્થાઓમાં લાંબાં વર્ષો કામ કરી ચૂક્યા હોય, જેમણે અમારા જેવાં અનેકને જગત સાહિત્ય અને મહાન સર્જકોનો પરિચય કરાવ્યો હોય એવા વિદ્યાપુરુષ આમ ચુપકીદીથી દુનિયા છોડી જાય, અને અમને તો ઠીક, ખુદ સૂરત શહેરનેય એમની વિદાયની જાણ ન હોય, એ તો ગાફેલપણાની અવધિ.

ડૉ. નટવરસિંહ પરમાર પહેલી ઑગસ્ટે અવસાન પામ્યા, અને એની ખબર છેક પહેલી સપ્ટેમ્બરે અમને પડી. વખતોવખત ફોન કરીને એમની ખબર પૂછતાં જયદેવ શુક્લ અને હું આ વેળા મોડાં પડ્યાં. અમે ‘જીવનભારતી’માં એમનાં વિદ્યાર્થી, અને પછી એ એમ.ટી.બી.માં જોડાયાં ત્યારે અમેય ત્યાં ભણનારાં. લગભગ ૧૯૬૦ની આસપાસથી અમારો એમની સાથે સંબંધ, અને શાળાનાં વર્ષોમાં તો અમે એમની રસભરી સાહિત્યકથાઓ પર મુગ્ધ. અન્યોની માહિતી નથી પરંતુ જયદેવ અને હું તો સાહિત્યની અદ્‌ભુત સૃષ્ટિ, અને મહાન સર્જકોની અસાધારણ ઊંચાઈ અને લાક્ષણિકતાઓની અવનવી વાતોથી ખૂબ ખેંચાયાં હતાં. ‘જીવનભારતી’નાં એ વર્ષો યાદગાર. શાળાના ઉત્સવો હોય, કે સ્પર્ધાનાં નાટકોની તૈયારી, પરમારસાહેબ કેન્દ્રમાં રહેતા. પછી વળી હું તો એમ.ટી.બી.માં જ અધ્યાપનકામે વળગી, અને ડૉ. નટવરસિંહ પરમારનો પરિચય વૃદ્ધિ પામ્યો. એમને બે વસ્તુની ભયંકર ચીડ. એક તો ‘મીડિયોક્રીટી’ અને બીજી અપરિપક્વતા. એમનો આ જલદ અણગમો એમને ઠીક ઠીક એકલસૂરા અને અતડા રાખવા માટે પર્યાપ્ત હતો. એ એમ જ જીવ્યા. એમ.ટી.બી.ના સ્ટાફ રૂમમાં અલાયદા અને ખાસ ખૂણામાં (જેને અમે ‘દીવાને ખાસ’ કહેતાં) એમનું નિશ્ચિત સ્થાન. ત્યાં તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન અને સાહિત્યવિષયક વાદવિવાદ થતા રહે. ક્યારેક ખળભળાટ મચાવે એવા, ક્યારેક હળવાશ ફેલાવે એવા, તો ક્વચિત્ ગંભીર અને વજનદાર. ઊંચાં ધોરણો માટે ડૉ. નટવરસિંહનો આગ્રહ એવો, કે મોટે ભાગે તો સાહિત્યના કાર્યક્રમો પણ એ ટાળે, સિવાય કે એની સાથે એમ.ટી.બી. કૉલેજ સંકળાઈ હોય. સંભવ છે, કે એમની ભીતરથી ટીકાના આકરા સૂર વારંવાર નીકળતા હશે, અને એમને સંતોષ મળે એવું આ પ્રકારનાં આયોજનમાં ઓછું મળતું હશે. નબળાં અને સત્ત્વહીન ભાષણો માટે એ ‘લવરી’ જેવો શબ્દ વાપરતા, જે આજેય જયદેવની અને મારી વાતચીતમાં ક્યારેક પ્રવેશી જાય છે.

ઉત્તમ વિદેશી સાહિત્યના એ મોટા ચાહક. સતત અભ્યાસરત. લેખન ધીમું, અક્ષર વિશિષ્ટ વળાંકો ધરાવતા સુંદર, અને આગ્રહ હાથે લખવાનો. માનવામાં આનાકાની

થઈ શકે પણ લેખન માટે એમનાં પ્રિય ઉપકરણો પાટી-પેન, કમ્પ્યૂટરના જમાનામાં પણ.

મારા દાદાજીને એ પહેલી વાર મળવા આવ્યા, અને પછી તો એ બંને પાકા તપખીર-મિત્રો બની ગયા. સામસામે ડબ્બીઓ ધરે, ચપટી ભરાય, અને મહેફિલ જામે બે જણની. શ્રોતાઓમાં મારી મા હોય, હું પણ હોઉં, છતાં પુસ્તકોના આ પ્રવાસમાં અઘરો પ્રદેશ અને ત્યારે અમે ઊભાં થઈ જઈએ. નાનપુરાના ભાયા મહોલ્લામાં એ રહેતા ત્યારે શાળા પૂરી થયે અઠવાડિયે એક વાર અમારે ઘેર અચૂક આવે. એ અને દાદાજી વાતોએ ચડે ત્યારે સમયની ઐસીતૈસી. વાતોનાં વહેણ ક્યાંનાં ક્યાં પહોંચે. દાદાજી પત્રકાર, પણ આર્થિક કારણોસર કૉલેજનો અભ્યાસ છૂટી ગયેલો. વિદ્વાન અધ્યાપકો માટે એમને અસાધારમ સ્નેહાદર અને ડૉ. નટવરસિંહ કૉલેજના અધ્યાપનકાર્યમાં જોડાયા ત્યાર પછી એમની સાથે અન્ય અધ્યાપકો, જે એમના મિત્રો હતા, તેયે ઘેર આવતા થયા. મંડળી વિસ્તરતી ગઈ.

આમ છતાં એમને માટે એક ફરિયાદ રહેતી, કે એ અતડા હોવાથી સંબંધ સાચવી શકતા નથી, ક્યાંયે જતા-આવતા નથી. ઓછું હળવાભળવાની એમની પ્રકૃતિ હતી એ કંઈક અંશે સાચું, પરંતુ એમની મુશ્કેલી સમજાય એવી. જે વ્યક્તિને ‘મીડિયોક્રીટી’ની સૂગ હોય એને માટે અનેક માણસોનું વર્તન કોઈક ને કોઈક તબક્કે અસહ્ય અણગમો પ્રેરી શકે. અને બધે મોરચે ‘મીડિયોક્રીટી’ ટાળવાનું અનેક માટે અશક્ય હોઈ શકે. અપરિપક્વ વર્તનનુંયે એવું. કોઈ કાચી ક્ષણે ભલભલાં એવું વર્તન કરી બેસે. ડૉ. નટવરસિંહ પરમાર એ રીતે ખસતા ગયા, સાહિત્યિક વર્તુળોમાંથી કહેવાતી વિદ્વાન-મંડળીઓમાં, સામાન્ય પ્રવાહમાંથી. એ ક્યાંયે નથી જતા એવા દૃઢ થતા ગયેલા ખ્યાલને પરિણામે એમને નિમંત્રણ આપવાનુંયે રહી જતું હોય એવા દાખલા હશે જ. એમનાં પ્રિય વિદ્યાર્થીઓ લેખે જયદેવને અને મને પણ એમ લાગતું, કે એ મોકળા મને વાત નથી કરતા, અને એમને મળવા જઈએ તો એ ખાસ રાજી નથી થતા. આ ભાવ મેં વાર્તાસર્જક પ્રવીણસિંહ ચાવડાસાહેબમાં પણ વહેંચેલો, કારણ કે એમ.ટી.બી.માં થોડાં વર્ષો હોવાને લીધે એયે નટવરસિંહને જાણે. છતાં જયદેવ અને હું સૂરત ભેળાં થઈ જઈએ તો પરમારસાહેબને ઘેર, ઉમરા–જકાતનાકા પાસેના ગગનચુંબી સૌમ્ય એપાર્ટમેન્ટમાં, ‘ધાડ’ પાડતાં. એને ધાડ જ કહેવાય, ‘અમે આવીએ છીએ’ એમ છેલ્લી ઘડીએ જાહેર કરવાનું, અને પછી ધસમસતાં પહોંચી જવાનું ! પણ એક વાર પહોંચ્યાં બાદ તો નિતાંત પ્રસન્નતા ઘેરી વળતી. ગરમાગરમ નાસ્તો પરવીનબહેન આગ્રહપૂર્વક ખવડાવે, ફળફળતી ચા સંગાથે, ઊંચી બાલ્કનીમાંથી તાપીનો પટ જોતાં જોતાં, અમે કંઈક કેટલીયે વાતો ઠાલવીએ.

હાલ તો જાતને ઠપકો આપીને થાક્યાં છીએ. કેમ આટલો વિલંબ કર્યો ફોન કરવામાં ? કેમ તકેદારી ન રાખી ખબર પૂછવાની ? અને છેવટે, કદાચ જુલાઈની એક બપોરે, એમણે ફોન કર્યો ત્યારે એકલા પડી જવાનો ઉલ્લેખ એમણે કરેલો. તે જ દિવસે જયદેવ અને પ્રવીણસિંહને ફોન કરીને, બેયને આગ્રહ કરેલો, કે એ નટવરસિંહ સાથે તરત વાત કરે. બંનેએ એમ કર્યું પણ ખરું. છતાં માફ નથી કરી શકાતી જાતને, અને સૂરતનેય માફ તો ક્યાંથી કરું ? બહાર નીકળી ન શકતા વયોવૃદ્ધ વિદ્વાનને આમ રેઢા

મૂકી દેવાના ? મળવા ન જવાય તો ઠીક, ને કોરોનાકાળનું બહાનું મળ્યું છે તેયે માથે, પણ ફોન કરીને ખબર ન પૂછી શકાય એવાં તો કેવાં કામગરાં લોક ! નટવરસિંહ ભળે નહીં, કે કદાચ સામેથી ફોન ન કરે તેથી એમની અભ્યાસનિષ્ઠા, સત્વર અને ઉત્કૃષ્ટતા માટેના આગ્રહનું મૂલ્ય કંઈ ઘટી જાય ? આપણી નિસબત જો આ મૂલ્યો માટેની હોય તો જેમની પાસે એ મૂલ્યસમૃદ્ધિ હોય એ આપણા સ્નેહાદરના અધિકારી નહીં ? અને જો એમ હોય તો ખુદની ગરજે જ એમની ખબર પૂછવાની હોય, એમના વ્યક્તિત્વની મર્યાદાઓ કે લક્ષણો અંગે ફરિયાદ કર્યા વગર. પણ આ અફસોસનો હવે અર્થ નથી.

ડૉ. નટવરસિંહ પરમાર પાસેથી એમની સજ્જતાને પ્રગટ કરતાં પાંચેક પુસ્તકો મળ્યાં છે. એક તો એમનો મહાનિબંધ ‘પ્રબોધકાળનું ગદ્ય’ જે પુસ્તક રૂપે ૧૯૯૧માં પ્રગટ થયો. પોતાના પ્રિય સર્જક દોસ્તોવ્યસ્કી પર એક પુસ્તક પ્રગટ થયું ૨૦૧૩માં, ‘કાવ્યપુરુષ’ અને ‘અવેક્ષા’ એમના તરફથી મળેલા વિવેચનસંગ્રહો અને એમની વિશિષ્ટ સર્જકમુદ્રા ધરાવતો નિબંધસંગ્રહ ‘જગરુ’ જેને નર્મદ ચંદ્રક પ્રાપ્ત થયો હતો. આ નિબંધોની પાત્રસૃષ્ટિ અને કલ્પનાને તીવ્ર તથા વેગીલી બનાવતી એમની શૈલી સારી એવી પ્રશંસા પામેલી. સાહિત્યવર્તુળોમાં એ જાણીતા થયા તે કદાચ ‘જગરુ’ના નિબંધોથી. એમણે થોડી વાર્તાઓ પણ લખી હતી.

એમના અભ્યાસના વ્યાપ અને ઊંડાણ માટે ‘અવેક્ષા’માં સ્થાન પામેલા કેટલાક લેખોમાંથી પસાર થવું ઘટે. ગોવર્ધનરામ અને ‘સરસ્વતીચંદ્ર’ પર કલકત્તા ખાતે આપેલાં એમનાં બે વ્યાખ્યાનોમાં ગોવર્ધનરામના સર્જકચિત્તને તથા એમના જીવનવિષયક તત્ત્વજ્ઞાનને સમજવામાં આ વિવેચકે કેટકેટલાં પરિબળોનું અવગાહન કર્યું છે એ ધ્યાનાર્હ છે. કિશોર જાદવની ‘રિક્તરાગ’ હોય કે મધુ રાયની ‘હાર્મોનિકા’ કૃતિના હાર્દને પામવાની એમની મથામણ અને પછી એને પ્રકાશમાં મૂકી આપતી એમની ભાષા બંને એમના વિવેચન-વિચારની સઘનતા વ્યક્ત કરે છે. જોકે ‘સમયદ્વીપ’ની સમીક્ષામાં એમણે જે મોકળાશથી અંગ્રેજી શબ્દો પ્રયોજ્યા છે તે જરા કઠે એવું છે. વળી આ શબ્દો એવા છે જેના પર્યાયો સાવ સરળતાથી મળી શકે, જેમકે Product અથવા તો reaction કે પછી intellectual.

પ્રસ્તુત વિવેચનસંગ્રહમાં એક રસપ્રદ લેખ છે તે ‘ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાવાદી સંચલન અને ‘ગુજરાતી મુદ્રા’. ડૉ. નટવરસિંહ લખે છે :

‘દોસ્તોવ્યસ્કીની નવલકથાનાં પાત્રો અને સામાજિક પરિવેશ મને હંમેશાં હિન્દુસ્તાન-ગુજરાતનાં જ પ્રતીત થતાં રહ્યાં છે, એમાં પ્રગટતાં પ્રચંડ રાગ, દ્વેષ, ચડસાચડસી, આધ્યાત્મિક ખોજની મથામણો, મનોવ્યાપારો, મનોઘટનાઓમાં તો માણસ જ મારા ચિત્તમાં ઊભો થયો છે. એ નથી રહેતો રશિયન કે નથી બની રહેતો હિન્દુસ્તાની - ગુજરાતી. માણસ માત્ર, યુનિવર્સલ મૅન. કામૂ, સાર્ત્ર, બુવ્વા, કાફ્કા, કુન્દેરા મને ગુજરાતી નથી એવું ક્યારેય લાગ્યું નથી.

આ મુદ્દો વિસ્તારતા વિવેચક આગળ વધે છે. ઈજિપ્તના … મેહદૂઝની નવલકથા ‘મિડાક એબિ’ અથવા તો નાઈજેરિયન નવલકથા ‘થિંગ્ઝ ફોલ અપાર્ટ’ એમને કઈ રીતે

સર્વદેશીય અને સર્વકાલીન લાગે છે એ સ્પષ્ટ કરે છે. સર્જનાત્મક સાહિત્યને તથા વિભિન્ન સાંસ્કૃતિક પરિબળોને પામવા માટે આ અભિગમ મહત્ત્વનો ઠરે.

આ અધ્યાપકે વિવિધ પદભાર પણ સંભાળેલા. જેમ કે સૂરત જિલ્લા શિક્ષણ સમિતિનું અધ્યક્ષપદ, કે પછી ગ્રંથનિર્માણ બોર્ડનું અધ્યક્ષપદ. ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા એમના કાર્યકાળ દરમિયાન વિવેચનાત્મક સંજ્ઞાવિમર્શ શ્રેણી અંતર્ગત સાહિત્યિક વિભાવનાઓની વિશદ છણાવટ કરતી પુસ્તિકાઓનું પ્રકાશન મહત્ત્વનું લેખાય. વચ્ચેનાં થોડાં વર્ષોમાં એમનાં રાજકીય વલણ અને જોડાણથી અમારા જેવાં ઘણાંને નવાઈ લાગી હતી. સ્પષ્ટવક્તા અને ખુશામત ન કરી શકતી વ્યક્તિ આ દિશામાં કઈ રીતે આગળ વધશે એવા પ્રશ્નો પણ અમને થતા. પણ આ બધું ટૂંકા ગાળાનું જ રહ્યું. એમના સ્વભાવ વિરુદ્ધ હતું એમાં એ ટકી ન શક્યા.

એક નિઃસંગ વિદ્યાપ્રેમી અને અભ્યાસરત વ્યક્તિ તરીકે નટવરસિંહ પરમાર ઘણાંને યાદ રહેશે. સાહિત્યિક ગતિવિધિ અને સાહિત્યિક સંસ્થાઓ – બંનેથી કંઈક વેગળા રહેલા આ અધ્યાપકના કામની નોંધ જેટલી લેવી જોઈએ એટલી નથી લેવાઈ એ સાચું પણ આત્મપ્રતિષ્ઠાના વર્તમાન સમયમાં એમનું હોવું એ સ્વયં એક ઘટના.

સંનિષ્ઠ સારસ્વત શ્રી મોહનભાઈ પટેલ | ગિરિમા ઘારેખાન

લઘુકથાના સ્વરૂપથી સહેજ પણ પરિચિત કોઈ પણ વ્યક્તિએ ગુજરાતી લઘુકથાના જનક શ્રી મોહનભાઈ પટેલનું નામ ન સાંભળ્યું હોય એવું બને જ નહીં. એ એક એવો ઘેઘૂર વડલો હતો જેની છાયામાં ગુજરાતી લઘુકથા ‘મોટી’ થઈ હતી. તા. ૩૦-૪-૧૯૨૭ના દિવસે પાટણમાં જન્મેલા મોહનભાઈને ઘણી નવી ઉંમરથી વાંચવાનું, આમ તો જાણે ચારે બાજુથી જ્ઞાન મેળવવાનું ઘેલું લાગ્યું હતું. તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી પછી મોહનભાઈએ માત્ર ૨૦ વર્ષની ઉંમરે પોતાની સાહિત્યિક યાત્રા શરૂ કરી દીધી હતી.

અમદાવાદમાં ચાલતી પોતાની ધમધમતી સાહિત્યિક પ્રવૃત્તિ અને કૉલેજના અધ્યાપક તરીકેની પોતાની કારકિર્દી છોડીને શાલીનતા અને નમ્રતાને વરેલા મોહનભાઈએ કડી સર્વ વિદ્યાલયના હિત માટે બહુ કપરા સંજોગોમાં એનું આચાર્યપદ સ્વીકાર્યું અને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાષ્ટ્રીય ઍવૉર્ડ મેળવનાર આ સાલસ અને નિષ્ઠાવાન વ્યક્તિએ જીવનપર્યંત એ કાર્ય શ્રેષ્ઠ રીતે નિભાવ્યું.

જોકે આ સંસ્થાની અઢળક પ્રવૃત્તિઓ મોહનભાઈના સાહિત્યિક સફરના વેગને ઓછો નહોતી કરી શકી. પોતાની દીર્ઘ લેખનકારકિર્દી દરમ્યાન એમણે ગુજરાતી સાહિત્યને ગદ્ય સાહિત્યનાં લગભગ બધાં જ સ્વરૂપોની કૃતિઓ પ્રદાન કરી છે. નવલિકા, નવલકથા, લઘુકથા, પ્રવાસવર્ણન, અનુવાદ, ચરિત્રલેખન, નિબંધ, કિશોરસાહિત્ય, શૈક્ષણિક પુસ્તકો, આત્મકથા અને અંગ્રેજી પુસ્તકો પણ ખરાં. લગભગ ૫૦ જેટલાં પુસ્તકોના લેખક મોહનભાઈને ગુજરાતી ગદ્યસાહિત્યનું મહાવિદ્યાલય કહીએ તો એ ઉચિત જ છે.

મોહનભાઈની સાહિત્યસાધનાએ એમની પાસે અનેક કાલજયી કૃતિઓનું સર્જન કરાવ્યું છે. એમનાં પુસ્તકોની જેમ એમને મળેલા પારિતોષિકોની યાદી પણ ઘણી લાંબી છે. પણ આ નિરહંકારી વ્યક્તિએ ક્યારેય પોતાને મળતી પ્રશંસા અને પારિતોષિકોને પોતાના મૃદુ સ્વભાવ ઉપર હાવી થવા દીધા ન હતા. અજાતશત્રુ અને આભિજાત્ય મોહનભાઈ આજીવન જ્ઞાનપિપાસુ રહ્યા. કાલિદાસથી કાફકા અને શેક્સપિયરથી માંડીને સાંપ્રત લેખકોની બધી જ સારી કૃતિઓનું વાંચન એમણે કર્યું હતું. એ વિશાળ વાંચનનું એકઠું થયેલું અત્તર એમની રોજબરોજની વાતચીતમાંથી જ્ઞાનભરી સુગંધ બનીને ટપકતું હતું. છેલ્લાં કેટલાંક વર્ષોથી ઝામરની તકલીફને લીધે વાંચવા-લખવામાં પડતી મુશ્કેલીને કારણે એમનો તરફડાટ આંખોની રોશની ગુમાવી બેસનાર મિલ્ટન જેવો થઈ ગયો હતો. વધુ ત્રણ ઐતિહાસિક નવલકથાઓ લખી શકવાની પોતાની ઇચ્છા અને ક્ષમતા સાથે જ લઈને ૧૩-૩-૨૦૨૦ના દિવસે શ્રી મોહનભાઈએ આ વિશ્વમાંથી વિદાય લીધી.

સાચા અર્થમાં સાક્ષર, લઘુકથાના આચાર્ય, આભિજાત્ય, મોહનભાઈ એમના પરિચયમાં આવનાર સર્વને સદાયે પોતીકા અને સ્વજન સમા લાગ્યા છે. કારણ કે જીવન જીવવાની અનોખી કળા એમની પાસે હતી. આજે એ સદેહે આપણી વચ્ચે નથી પણ એમના નવા નવા સર્જનાત્મક અભિગમો, ઉન્મેશો અને એક સારા માનવ તરીકેનો વિચારવારસો હમેશા ગુજરાતી સાહિત્યકારો અને ભાવકોના હૃદય ઉપર રાજ્ય કર્યા કરશે.

❑

બાનો ઓરડો | જયંત પાઠક

જન્મતાંવેંત
બાની છાતીએ, બાની પથારીમાં;
ભાંખોડિયાં ભરીભરીને છેવટે
બાના ખોળામાં;
શેરીમાં રમી-રખડીને, છેવટે
બાના ખોળામાં;
સંસારમાં બા જ એક હાથવગી, પ્રેમવગી ત્યારે -

ને આજે :
બહારથી આંગણે આવીને
ઘરમાં જોઉં છું તો
બાનો ઓરડો કેટલો આઘો દેખાય છે !
પહોંચતાં કેટલી વાર થાય છે !

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૪૦૫)

સમીક્ષા/ગ્રંથાવલોકન

હેરિટેજ સિટી અમદાવાદની ખરી ઓળખ કરાવતો સંદર્ભગ્રંથ

પરીક્ષિત જોશી

[**'અમદાવાદનાં પોળો અને પરાં'** : ડૉ. માણેક પટેલ 'સેતુ', પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, અમદાવાદ-૩૮૦૦૦૬, પહેલી આવૃત્તિ ૨૦૧૮, પૃષ્ઠ : ૩૩૬, કિંમત : રૂ. ૬૫૦]

અમદાવાદ ભારતનું પહેલું હેરિટેજ સિટી બન્યું એ પહેલાંથી લેખન માટે લેખકોના આકર્ષણનું એક પ્રમુખ કેન્દ્ર રહ્યું છે. ૧૯૨૯માં રત્નમણિરાવ ભીમરાવ જોટે દ્વારા લિખિત 'ગુજરાતનું પાટનગર અમદાવાદ' ગ્રંથથી શરૂ થતી અમદાવાદવિષયક ગ્રંથોની શ્રેણી ૨૦૧૮માં ડૉ. ભારતીબહેન શેલત અને પ્રા. થોમસ પરમાર દ્વારા સંપાદિત 'ન્યૂ હોરિઝન્સ ઈન ઈન્ડોલૉજી' સુધીનાં ૨૧ પુસ્તકોના વિશાળ ફલક પર વિસ્તરી છે. એટલું જ નહીં, અમદાવાદને કેન્દ્રમાં રાખીને અમદાવાદથી પ્રકાશિત થતાં ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર અને નવગુજરાત સમય જેવાં દૈનિકોમાં ડૉ. મકરંદ મહેતા અને ડૉ. માણેક પટેલની લેખશ્રેણીઓ પણ પ્રગટ થઈ છે.

૨૧ પુસ્તકોની શ્રેણીમાંથી અમદાવાદ વિષયે વૈવિધ્યસભર અત્યાર સુધીમાં ૬ સંદર્ભગ્રંથો આપી ચૂકેલા ડૉ. માણેક પટેલનું આ સાતમું પુસ્તક છે. એ અર્થમાં તેઓ અમદાવાદના 'બ્રાન્ડ ઍમ્બેસેડર' છે એમ કહેવામાં લગીરેય અતિશયોક્તિ નથી. અમદાવાદ વિશેના એમનાં સાતેય પુસ્તકો ૧૯૯૬થી ૨૦૧૮ વચ્ચેના સમયગાળામાં લખાયેલાં છે. 'અમદાવાદ-કથા' (૧૯૯૬), પછી એક દાયકે 'આ છે અમદાવાદ' (૨૦૦૭) આપ્યાં બાદ ડૉ. માણેક પટેલ અમદાવાદ વિશે નિરંતર કંઈક ને કંઈક લખતા રહ્યા છે. જેના પરિપાક રૂપે 'અમદાવાદની અસ્મિતા' (૨૦૧૧), 'વૅલકમ ટુ અમદાવાદ' (૨૦૧૧), 'અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન' (૨૦૧૨), 'ગાંધીજી : અમદાવાદને આંગણે' (૨૦૧૭) જેવા સંદર્ભગ્રંથની ગરજ સારે એવાં પુસ્તકો આપણને મળ્યાં છે. પરિચય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત બે પુસ્તિકાઓને બાદ કરતાં બાકીનાં બધાં જ પુસ્તકો ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત થયાં છે. સાહિત્યસ્વરૂપોના પુસ્તકોના પ્રકાશનમાં પણ સાધવું મુશ્કેલ પડે એવું સાતત્ય અને નિરંતરતા, સંદર્ભગ્રંથ જેવા દળદાર અને દમદાર પુસ્તકોના લેખક અને પ્રકાશક વચ્ચે જળવાઈ રહ્યાં છે એ પણ ગુજરાતી સાહિત્ય માટે એક સુખદ ચિહ્ન છે.

અમદાવાદના ભવ્ય ઈતિહાસને સંઘરીને બેઠેલું આ પુસ્તક ઈતિહાસના વિદ્વાન દંપતી ડૉ. મકરંદ મહેતા અને ડૉ. શિરીન મહેતાને અર્પણ થયું છે, જેનાથી આ પુસ્તકનું મહત્ત્વ સમજી શકાય એમ છે. પુસ્તકને વિનોદ ભટ્ટ, ડૉ. ભારતી શેલત, ડૉ. થોમસ પરમાર અને રોહિત શાહે પોંખ્યું છે. પોતાની અમદાવાદ યાત્રા વિશે વાત કરતાં ડૉ.

માણેક પટેલ લખે છે કે, *‘અમદાવાદ શહેરના કોટ વિસ્તાર (વૉલ્ડ સિટી)માં આવેલાં હિંદુ, જૈન અને મુસ્લિમ સ્થાપત્યોની સાથે બીજી બાજુ ખૂબ જ મહત્ત્વનું પાસું તેની પોળો છે. પોળવાસીઓમાં એમની જીવનશૈલી અને સાંસ્કૃતિક પરંપરા જળવાઈ રહી છે. અહીં દુનિયામાં ક્યાંય જોવા ન મળે એવું લિવિંગ હેરિટેજ છે. તેથી પોળો અમદાવાદની આગવી ઓળખ છે.’*

યુનેસ્કોની ૧૨મી જુલાઈ, ૨૦૧૭ના રોજ મળેલી બેઠકમાં ઐતિહાસિક શહેર અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો આપવાનો નિર્ણય લેવાયો અને ભારતભરમાં આ બહુમાન મેળવનારું અમદાવાદ પહેલું શહેર બન્યું. એની સાથે અમદાવાદની ગણતરી વૈશ્વિક હેરિટેજ સિટિઝ જેવાં કે વિયેના, કેરો, બ્રસેલ્સ, રોમ, પૅરિસ સાથે થવા લાગી. અમદાવાદનો બર્ડ વ્યૂ જોતાં એ કાચબાની પીઠ જેવું દેખાય છે, આ સંશોધન જરા અલગ પ્રકારનું છે. પોતાનામાં અનેક ઐતિહાસિક ક્ષણોને સાચવીને બેઠેલું આશાવલ, કર્ણાવતી, અહમદાબાદ આજે અમદાવાદ તરીકે ઓળખાય છે. આ નગર સતત વિકસતું રહ્યું છે. આસપાસનો ઔડાનો વિસ્તાર કાળક્રમે અ.મ્યુ.કૉર્પોરેશનના વિસ્તારમાં ઉમેરાતો ગયો છે. ૨૦૧૫ના નવા સીમાંકન પ્રમાણે હવે અમદાવાદમાં કુલ ૬૪ વૉર્ડ હતાં એને બદલે હવે ૪૮ સુધી સીમિત કરવામાં આવ્યા છે.

નગરજનોને અમદાવાદ શહેરના ઇતિહાસથી અને અન્ય માહિતીથી વાકેફ કરવા માટે એમણે ગુજરાત સમાચારમાં અમદાવાદ-કથા, દિવ્યભાસ્કરમાં મિરાતે અમદાવાદ અને કર્ણાવતી ક્રોસવર્ડ જેવી કૉલમ્સ લખી. નવગુજરાત સમયમાં અમદાવાદીઓનું અમદાવાદ કૉલમમાં શહેરનાં ઘણાં વિવિધ પરાંની માહિતી રજૂ કરી. ‘એક્સપ્લોરિંગ અમદાવાદ ઍઝ નેવર બિફોર’ જેવું મજાનું મિશન લઈને નીકળેલા અમદાવાદપ્રેમી ડૉ. પટેલે વેલકમ ટુ અમદાવાદ નામે એક કલાકની દસ્તાવેજી ફિલ્મ પણ નિર્માણ કરી છે. આ અને આવા કાર્ય માટે એમણે આખી અમદાવાદ-યાત્રા કરી છે. અમદાવાદ મ્યુનિ. કૉર્પોરેશન દ્વારા સંચાલિત હેરિટેજ વૉકમાં પણ તેઓ વારંવાર ગયા છે. આ યાત્રા દરમિયાન એમણે એકઠી કરેલી વિગતો આપણને પુસ્તકના પાને પાને નોંધાયેલી, સચવાયેલી જોવા મળે છે.

૩૩૬ પાનાંના વિશાળ પટ પર પથરાયેલો આ અમદાવાદની એક ઓળખ સમી પોળો અને પરાંનો ભવ્ય ભૂતકાળ અને તાજ્જો વરતમાન લેખકની નજરે બખૂબી ઝિલાયો છે. પુસ્તકમાં ચાર વિભાગો છે : કોટ વિસ્તાર – વૉલ્ડ સિટી, કોટ બહારનો પૂર્વ અને ઉત્તર-દક્ષિણનો વિસ્તાર, નદીપારનો પશ્ચિમ વિસ્તાર અને વિહંગાવલોકન. પૂરક માહિતી તરીકે પોળોની નામાવલિ પણ આમેજ કરાઈ છે જે ૧૩-૯-૧૯૪૧ના રોજ અંગ્રેજ શાસનમાં જાહેર કરાઈ હતી. આ સૂચિમાં ખાડિયાની ૧૭૮, કાળુપુરની ૧૬૯, દરિયાપુરની ૯૪, શાહપુરની ૧૨૭, જમાલપુરની ૧૪૭, રાયખડની ૫૩ એમ કુલ મળીને ૭૬૮ પોળોના નામનો ઉલ્લેખ છે. સાથોસાથ સંદર્ભસૂચિ પણ મૂકવામાં આવી છે એ આ સંદર્ભગ્રંથનું જમા પાસું છે.

પોળ વિશે અવિનાશ વ્યાસની એક રચના ખાસ ઉલ્લેખનીય છે. તેઓ લખે છે કે,

પોળની અંદર પોળ,
પોળમાં ગલી,
ગલી પતી જાય શેરીમાં ભળી,
શેરી પાછી જઈ પોળમાં વળી,
વળી પાછી ખડકી, ખડકીને અડકીને ચલી.
અરે મુંબઈની એક મહિલા જાવા
જમાલપુર નીકળી ને વાંકીચૂકી
ગલી ગલીમાં વળી વળીને ભળી
ભાઈ માણેકચોકથી નીકળી
પાછી માણેકચોકમાં મળી..

પોળના મુખ્ય ઘટકોમાં કૂવો, મંદિર, દરવાજો, પોળની કચેરી, ચબૂતરો અને ચોકઠું મુખ્ય છે. પોળના ઘરની બાંધણી ઉત્તર ગુજરાતનાં ઘરો જેવી છે. જેમાં મુખ્ય દ્વાર, ઓટલો, ખડકી, ચોક, પાણીનાં ટાંકાં, પરસાળ, વચલો ઓરડો, છેલ્લો ઓરડો, ઉપલો માળ જેવા વિભાગો હોય છે. પોળમાં એકબીજા સાથે લોકો વાતોથી માંડીને સુખદુઃખ સુધીનું શેરિંગ કરતા હોય છે. જાણીતા સ્થપતિ બાલકૃષ્ણ દોશી એને અમદાવાદીઓની શેરિંગ ખાસિયત તરીકે વર્ણવે છે. વાટકીવહેવાર પણ એનું જ એક ઉત્તમ ઉદાહરણ છે. પોળની કંઈકેટલીય વિશિષ્ટ વાતો છે જેનો પણ અહીં ઉલ્લેખ છે. જેમ કે, કેટલીક પોળોમાં એક જ જ્ઞાતિના લોકો રહેતાં એટલે એ પોળ એ જ્ઞાતિના નામથી ઓળખાઈ. સોનીની ખડકી, કંદોઈ પોળ, લુહાર શેરી, ભોઈવાડો ઇત્યાદિ. કેટલીક પોળો એના સ્થાપકના નામે ઓળખાતી. પોળમાં દરેક વાર-તહેવાર એક ઉત્સવ બની જાય છે. રથયાત્રા, નવરાત્રિના ગરબા અને ઉત્તરાયણનો પતંગોત્સવ તો પોળનાં જ એ વાત હવે ઓપન સિક્રેટ બની ચૂકી છે.

અમદાવાદની વિશિષ્ટ ઓળખ સમી પોળો ઉપરના આ પુસ્તક પછી લેખક હાલ પોતાની નિવૃત્તિની મુખ્ય પ્રવૃત્તિ તરીકે હજુય અમદાવાદ વિશેની અવનવી વિગતો સંદર્ભે સંશોધનરત છે. આશા છે, આગામી ટૂંકાગાળામાં એમના તરફથી આપણને અમદાવાદને કેન્દ્રમાં રાખીને નવો ગ્રંથ મળશે. પુસ્તકના લેખક અને પ્રકાશક બેયને ખૂબ ખૂબ અભિનંદન.

❑

સાહિત્યવૃત્ત

સંકલન : પરીક્ષિત જોશી

લઘુનવલ સ્પર્ધામાં 'કોરું આકાશ' પ્રથમ ક્રમે

સુરતની સંસ્થા અખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા આયોજિત લઘુનવલ સ્પર્ધામાં અંજારના યુવા સાહિત્યકાર અજય સોનીની 'કોરું આકાશ' લઘુનવલને રૂ. ૨૫,૦૦૦નું પ્રથણ ઈનામ મળ્યું હતું. જ્યરે કામીની મહેતાની 'ધૂપછાંવ'ને દ્વિતીય ઈનામ અને ગિરીશ દાણીની 'ગંદવાડ'ને તૃતીય ઈનામ મળ્યું હતું.

'રેતીનો માણસ' પોંખાયો

તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૦ સાંજે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ખાંડવાળા ક્રિએટિવિટી ફાઉન્ડેશનના ઉપક્રમે શ્રી કુમારપાળ દેસાઈની અધ્યક્ષતામાં આયોજિત અંજલિ ખાંડવાળા શ્રેષ્ઠ પ્રથમ વાર્તાસંગ્રહ તરીકે ઈનામ માટે પસંદગી પામેલા 'રેતીનો માણસ' માટે શ્રી અજય સોનીને રૂ. એક લાખનું ઈનામ મળ્યું હતું. કાર્યક્રમમાં આર. જે. દેવકીએ અંજલિ ખાંડવાળાની વાર્તાનું પઠન કર્યું હતું, તેમજ સ્મૃતિ શોધને અંજલિ ખાંડવાળાનાં સ્વરાંકનોની રજૂઆત કરી હતી.

❑

સાહિત્યવૃત્ત મોકલવા માટે ઈમેઈલ આઈડી

આપની આસપાસ થતી સાહિત્યિક પ્રવૃત્તિઓ, જેમાં આપ ઉપસ્થિત રહ્યા હો, આપે ભાગ લીધો હોય કે પછી આપે આયોજન કર્યું હોય તો એ કાર્યક્રમ વિશેની ટૂંકી નોંધ ઈમેઈલ દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદને મોકલી શકો છો. નોંધ જે ફોન્ટમાં કંપોઝ કરી હોય એ ફોન્ટ સાથે અચૂક મોકલવા. એ માટેનું ઈમેઈલ આઈડી છે : vruttparabgsp2018@gmail.com

આવરણચિત્ર : સંદર્ભનોંધ

સંકલન અને પ્રસ્તુતિ : પીયૂષ ઠક્કર

ચિત્રકાર : અમિત કલ્લા (જન્મ ૭ ફેબ્રુઆરી ૧૯૮૦, જયપુર, રાજસ્થાન)
ચિત્રનું શીર્ષક : રૂપાકારોનું અતિક્રમણ (Transcending Forms)
માધ્યમ : કાગળ પર એક્રેલિક
માપ : ૨૮ × ૨૮ ઇંચ ● વર્ષ : ૨૦૨૦

અમિત કલ્લા, યુવા પેઢીના જાણીતા હિન્દી કવિ અને ચિત્રકાર છે. સ્કૂલ ઑફ આર્ટ ઍન્ડ એસ્થેટિક્સ, જે.એન.યુ. દિલ્લીના અનુસ્નાતક વિદ્યાર્થી છે અને નૅશનલ મ્યૂઝિયમમાં પ્રાચીન ભારતીય કળા વિશે એમણે વિશેષ અધ્યયન કર્યું છે. કન્નડ કવિ-નાટ્યકાર એચ. એસ. શિવપ્રકાશના સાથી-વિદ્યાર્થી. અમિતના બે કાવ્યસંગ્રહો છે. પહેલો સંગ્રહ होने न होने से परे (૨૦૦૮) ભારતીય જ્ઞાનપીઠ દ્વારા નવલેખન પુરસ્કારથી પોંખાયો છે. ચિત્રકાર તરીકે એમની ખ્યાતિ દેશના સીમાડાઓ ઓળંગતી એમને દેશાવરના પ્રવાસો કરાવે છે. એમનાં પંદરેક એકલ ચિત્રપ્રદર્શનો છે. કેટલાંય સમૂહ-ચિત્રપ્રદર્શનોમાં અને કળાશિબિરોમાં તેમની સહભાગિતા રહી છે. કળા તેમજ સાહિત્ય માટે તેમને અનેક સન્માનો મળ્યાં છે. બાળકો તેમ જ મોટેરા માટેના આર્ટ-વર્કશોપ્સ અને નેચરલ કલર્સના શિબિરો તેઓ યોજતા રહે છે. છાપામાં કળાવિષયક લેખો પણ લખે છે. જયપુરના નિવાસી છે.

પોતાની કવિતા અને કળાના આપસી સંબંધ વિશે તેઓ કહે છે, 'આમ તો મારા માટે પેઇન્ટિંગ એ પૂરી કહેવાયેલી કવિતા છે અને કવિતા કે જે પેઇન્ટિંગનો પર્યાય છે.' અમિતની કવિતા અને ચિત્રકળામાં અનોખું સામંજસ્ય જોવા મળે છે. જોકે એમની કવિતા જેટલું ગોપે છે તેથી અધિક એમનાં ચિત્રો બોલે છે. લેખિત ભાષાનું લાઘવ ચિત્રકળામાં નિરંકુશપણે પ્રસ્ફુટિત થાય છે. કવિતા જેટલી અધ્યાત્મની નિકટ છે એટલાં જ ચિત્રો આધિભૌતિક છે. રંગનું અને ચિત્રકર્મનું આકર્ષણ એમને ઉશ્કેરે છે અને આપણને મળે છે રંગ અને રેખાઓનું પ્રાચુર્ય. પોતાની રંગ-સંવેદના એમણે આ શબ્દોમાં વ્યક્ત કરી છે, 'પેઇન્ટિંગ્સમાં રેખાઓની મદદથી ઘેરા અને થરોવાળા હળવા રંગોના ઉતારવઢાવની એક અલગ વાર્તા ઉજાગર થાય છે. જેનો આખાય સ્પેસ સાથે થતો સંવાદ ઉપસ્થિત રૂપતત્ત્વની ક્રમબદ્ધતાના અહર્નિશ ગતિશીલ ભાવના સંસ્મરણ રચતા જોવા મળે છે. રંગોનું છંટાવું, ચમકવું, સંકોચાવું, લચકાવું, અટકવું, ફૂદકવું અને ત્યાં સુધી કે સમૂળું ભભકવું, ચહકવું પણ પોતાના પૂરેપૂરા હોશોહવાસમાં મુકમ્મલ ઉપસ્થિતિનું બોધગમ્ય પ્રમાણ ધરે છે. ઊંડી કાળી સપાટી પર છંટકાયેલી સફેદ રંગની બુંદ તારાકિત આકાશનું

પ્રતિમાન બતલાવે છે…’

આવરણ ચિત્ર : રંગ-રેખાની નિરાયાસ – સાહજિક લીલા છે. ઑટોમૅટિક લેખનની સમજણને આધારે કહીએ તો ચિત્રકારે રંગ અને રેખાઓનું ગતિશીલ બિંબ રચ્યું છે. ચિત્રમાં રૂપાકારો અન્યોન્યની પરે જવા જાણે હોડમાં હોય એમ લાગે છે. રંગ-રેખાની લીલા આપણને ચમત્કૃત કરે છે. ચિત્રમાં કોઈ એક કેન્દ્ર નથી બલ્કે સમગ્ર ચિત્ર સ્પંદિત છે. જે દૈહિક સંડોવણી ચિત્રકારની છે તે પ્રમાણે દર્શકની નજર પણ એટલી જ ત્વરાથી ચિત્રમાં ચોમેર ઘૂમી વળે છે.

ચિત્રકારનું સરનામું : અમિત કલ્લા, ૪૩, જોશી કૉલોની, ટોંક ફાટક, જયપુર ૩૦૨૦૧૫. મો. ૯૫૧૧૫૪૦૦૮૪

❑

વતનથી વિદાય થતાં | જયંત પાઠક

એ મૂક્યું વન, એ મૂક્યાં જન, ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ,
મૂક્યાં ડુંગર ને નદી, વતનનાં એ કોતરો, ખેતર;
આંખો બે રહી ભાળતી વળી વળી પાછી, ભીડ્યું એ ઘર
વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર, છોડ્યું ધણ.

કેડી આગળ જાય, પાય અવળા, કેમે કરી ઊપડે,
આંખો જાય ભરાઈ વાટ તરુની કાંટાળી ડાળી નડે;
હૈયું ઉઝરડાય રક્તટશિયા ફૂટે ધીમેથી ઝમે
આઘે વેકુરથી નદીની હજીયે આ આંગળીઓ રમે.

ચાલો જીવ, જવાનું આગળ, નહીં આ કાળના વ્હેણમાં
પાછા ઉપરવાસ શક્ય વહવું, પાણી લૂછો નેણમાં;
ભારો લૈ ભૂતનો શિરે વણપૂછ્યે શા વેઠિયા ચાલવું
સાથે શ્વાન, પૂરી થતાં હદ હવે એનેય પાછા જવું.

આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચા મને વારતી -
એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી ?!

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૮)

પત્રસેતુ

આદરણીયશ્રી સિતાંશુ સાહેબ,

પ્રણામ...

‘પરબ’ના છેલ્લા બંને અંકમાં, શંખ ઘોષની કવિતાઓ વિશે આપે કરાવેલ રસાસ્વાદથી ખૂબ આનંદની અનુભૂતિ થઈ. કવિશ્રીની કવિતાઓનો ગુજરાતી અનુવાદ પણ એટલો જ હૃદયસ્પર્શી થયો છે કે, શંખ ઘોષે પોતે જાણે ગુજરાતીમાં મૂળ કૃતિઓ રચી હોય ! આત્મસંવાદ દ્વારા સર્વસંવાદ સિદ્ધ કરી શકે તે કવિ. વાહ...! કેટલી સરસ વાત કરી ! શીખતા કે શિખડાવતા સૌ સર્જકને આપની આ વાણી ઘણું કહી જાય છે. આવનાર સર્વકાલીન તમામ ભાષી કવિતાને, ‘ડૂમો ભરાયેલો પણ ડણક દઈ શકતો કવિ-કંઠ’નું કર્મશીલન સાંપડ્યું રહે, તેનાં મૂળિયાંને મજબૂત કરવાં ઝૂઝતું... ઝળહળતું રહે એવી મારી પણ મહેચ્છાઓ.

આ અંકમાં ‘દ્વિદલ પર્ણ’ મથાળે, પદ-પ્રતિષ્ઠાથી ઉપરનાં ભીતરી ઉચ્ચ શિખરો આંબવાં, ગુ.સા.પ.ના પ્રમુખપદેથી આગામી ત્રણેક માસ પછી વિદાય થવાના છો તે ટાણે, સર્જકતા સ્વાયત્તતા અને સંસ્થાઓનાં સાહિત્યવિમર્શમાં નમ્રતાથી અને છતાં વેધક માર્મિક રીતે આપે કરેલી અનુભવજન્ય વાત માત્ર, વિદાયવેળાની પ્રાસંગિક નહીં રહેતા, ચિંતા-ચિંતનનાં ઉત્તરદાયિત્વે દીર્ઘકાલીન છે. પ્રમુખના પ્રભાવી પદે આપના પુરોગામી વ્યક્તિવિશેષો જેમ, અનુગામીઓ પણ મળતાં રહે. આપે વ્યક્ત કરેલી આ દિલી શુભેચ્છાઓમાં હું પણ મારો સૂર પુરાવું છું.

સંગીન તંદુરસ્તીની શુભેચ્છા સાથે.

- **થોભણ પરમારનાં** વંદન

સલામ, સુ.જો.ના સ્પિરિટને !

ગ્રંથ ત્રૈમાસિક ‘પ્રત્યક્ષ’ના પ્રથિતયશ સંપાદક અને જાણીતા અભ્યાસી રમણ સોનીએ સુરેશ જોષીની જન્મશતાબ્દી નિમિત્તે એમના શિક્ષણવિષયક પુસ્તકની સમીક્ષા કરીને તેમને અંજલિ આપી છે. ‘પરબ’ના તંત્રી ભાઈ યોગેશ જોષીએ મનીષા પ્રગટ કરી છે કે આ જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે આ તો શરૂઆત છે.

‘વિદ્યા વિનાશને માર્ગે’ પુસ્તિકા વિશે વાત કરતાં રમણભાઈએ તેની પ્રથમ આવૃત્તિ વિશે વિગતો પ્રાપ્ત થતી નથી એનો ઉલ્લેખ કર્યો છે. મને યાદ છે ત્યાં સુધી એ દિવસોમાં હું સુરેશભાઈને વડોદરા ખાતે અનુકૂળતાએ મળવા જતો. એમાં એક વાર એમણે મને આ પુસ્તિકાની હસ્તપ્રત અમદાવાદના સુરમ્ય પ્રેસના રસિક ઠાકરને પહોંચાડવાનું સોંપેલું. મેં પરિષદની સામેની ગલીમાં એ દાઢીધારી વ્યક્તિને પહોંચાડેલ એવી સ્મૃતિ છે. પણ ચોક્કસ સમય તો યાદદાસ્તમાં નથી.

મહત્ત્વની વાત એ પણ છે કે સુ.જો. કોઈ પણ પ્રકારની પ્રસિદ્ધિ અને કોઈ પણ

સંસ્થા સાથે જોડાવાથી સદાય દૂર રહ્યા હતા અને છતાં એવી આબોહવા સર્જી હતી જેમાં શુદ્ધ સાહિત્યની સ્થાપના અને પુરસ્કાર હતાં. આપણે આટલી સંસ્થાઓ પછી જે નથી કરી શકતાં તે તેમણે તે વિના કરી બતાવ્યું તેથી સો વર્ષે એમના વિશે આપણે લખવા ઉદ્યુક્ત છીએ. આ મુદ્દો મારા મતે મહત્ત્વની વિચારણા માગે છે અને સુ.જો.ના માર્ગે વળવાની આવશ્યકતા ઊભી કરે છે.

- **ડંકેશ ઓઝા,** અડાલજ-૩૮૨ ૪૨૧

❑

ચાનક રાખું ને...| જયંત પાઠક

ચાનક રાખું ને તોય ચૂકું :

ગુરુજી, કેમ પગલું હું નિશ્ચેમાં મૂકું !
ચાખી ચાખીને મેં તો ભોજનિયાં કીધાં
ગળણે ગાળીને સાત પાણીડાં પીધાં
દૂધનો દાઝેલ, છાશ ફૂંકું ! ગુરુજી૦

અંધારું મૂકી હું ચાલું ઉજાસમાં
પીછો છોડે ન તોય પડછાયો, પાસમાં
લીલાને સળગાવે સૂકું ! ગુરુજી૦

છોડું છેડો તો એક, દૂજો વીંટાતો
આ પા ઉકેલું દોર એ પા ગૂંચાતો
પડઘા લાંબા ને વેણ ટૂંકું ! ગુરુજી૦

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૪૨૧)

આ અંકના લેખકો

ઉદયન ઠક્કર	:	લક્ષ્મીનિવાસ, બીજે માળ, ૨૨, કાશીબાઈ નવરંગે માર્ગ, ગામદેવી, મુંબઈ-૪૦૦૦૦૭
કમલ વોરા	:	A-403, Parasnath Sudha park, Shanti path, Ghatkopar(E), Mumbai-400077
કિરણ વી. મહેતા	:	‘સરસ્વતી કૃપા’, ભાગ્યોદય સોસાયટી, માનસરોવર રોડ, પાલનપુર-૩૮૫૦૦૧
ગિરિમા ઘારેખાન	:	૧૦, ઈશાન બંગલો, સુરધારા-સતાધાર રોડ, થલતેજ, અમદાવાદ-૫૪
ગુણવંત ઉપાધ્યાય	:	બી-૫/૬, ઋષભ એપાર્ટમેન્ટ, ન્યૂ એરપૉર્ટ રોડ, મુનિ ડેરી, ભાવનગર-૧
ચન્દ્રકાન્ત ટોપીવાળા	:	ડી/૬, પૂર્ણેશ્વર ફ્લૅટ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫
ડંકેશ ઓઝા	:	૬, સ્વાગતસિટી, પેટ્રોલપમ્પ સામે, અડાલજ-૩૮૨૪૨૧
થોભણ પરમાર	:	૨૨, સરિતા રો હાઉસ, L. P. સવાણી સ્કૂલ નજીક, CNG પંપ પાસે, અડાજણ-પાલ, સુરત-૩૯૪૫૧૦
પરીક્ષિત જોશી	:	૬, તપસ્વી જલારામ સોસાયટી, જ્ઞાનદા બસસ્ટૅન્ડ પાસે, જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧
પંચમ શુક્લ	:	69A Woodgrange Avenue HA880W HA3 OXG
પીયૂષ ઠક્કર	:	૯૦૩, યોગીસૃષ્ટિ એપાર્ટ; વહાણવટી માતા મંદિર પાસે, ઓઢવપુરા, ઈલોરા પાર્ક, વડોદરા-૩૯૦૦૨૩
પૂજન જાની	:	‘જલારામ કૃપા’, ૧૭, હરિકૃષ્ણ ડુપ્લેક્સ. ગીતા રેફ્રિજરેટર પાછળ, ભુજ-૩૭૦૦૦૧ (કચ્છ)
પૂર્વી અપૂર્વ બ્રહ્મભટ્ટ	:	૩૨, ચંદન ટેનામેન્ટસ વિ-૨, જશોદાનગર બસ સ્ટૉપ પાસે, વટવા જીઆઈડીસી રોડ, અમદાવાદ-૩૮૨૪૪૫
રમણ સોની	:	૧૮, હેમદીપ સોસાયટી, દિવાળીપુરા, જૂના પાદરા માર્ગ, વડોદરા.
રાજેન્દ્ર પટેલ	:	૭૮, નિહારીકા બંગલોઝ, હિમ્મતલાલપાર્ક પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫
રાધેશ્યામ શર્મા	:	૨૫, ભુલાભાઈ પાર્ક, ગીતા મંદિર રોડ, અમદાવાદ-૨૨
લિપિ ઓઝા	:	બી/૫૦૪, અર્જુન રેસીડેન્સી, સીપીનગર પાછળ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧
વર્ષા અડાલજા	:	એ/૨, ગુલબહાર, મેટ્રો પાછળ, બેરેક રોડ, મુંબઈ-૪૦૦૦૨૦
વિજય પંડ્યા	:	૧૧/એ, ન્યૂ રંગસાગર સોસાયટી, સરકારી ટ્યૂબવેલનો ખાંચો, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮
વિજય શાસ્ત્રી	:	જે/૩, ૩૦૨, મુક્તાનંદનગર, સરદારપુલ સર્કલ, અડાજણ, સુરત-૯
સત્યજિત શર્મા	:	આર/૨, અરનાથ સોસાયટી, ભાવના એપાર્ટમેન્ટ, નારાયણનગર, પલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
સિતાંશુ યશશ્ચન્દ્ર	:	૩૦૨, ટાવર બી, શ્રવણ રેસિડેન્સી, ‘કૉસ્મિક’ ઍન્ક્લેવ, સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪
Sudir Patel	:	2624, Jmeson, Dr. NW.CONCORD, NC. 28027 USA
સ્વાતિ મહેતા	:	૧/૮૫૨, કુંજવિહારી મહેતા માર્ગ, ટીમલિયાવાડ, નાનપુરા, સુરત-૧
હસમુખ અબોટી	:	હરિનગર-૧, કચ્છ ઓઈલ મિલ સામે, બાયની રોડ, માંડવી-૩૭૦૪૬૦
હિતાંશુ ભટ્ટ	:	ફિટોલૉજી ક્લિનીક, અક્ષર કોમ્પલેક્સ, રંગ ઉપવન પાછળ, મક્કાઈ બ્રિજ નજીક ચોક, સુરત-૩૯૫૦૦૩
હિમાંશી શેલત	:	‘સખ્ય’, ૧૮, મણિબાગ, અબ્રામા, વલસાડ-૩૯૬૦૦૭

સાહિત્યકારો, ભાવકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી વિવેચન સાહિત્ય

ઉમાશંકર જોશી

સમયરંગ	275
શેષ સમયરંગ	325
પ્રતિશબ્દ	90
કવિની સાધના	68

નિરંજન ભગત

સ્વાધ્યાયલોક (પુ. 8)	
1. કવિ અને કવિતા	280
2. અંગ્રેજી સાહિત્ય	225
3. યુરોપીય સાહિત્ય	350
4. અમેરિકન અને અન્ય સાહિત્ય	200
5. ગુજરાતી સાહિત્ય : પૂર્વાર્ધ	225
6. ગુજરાતી સાહિત્ય : ઉત્તરાર્ધ	225
7. બલવન્તરાય-ન્હાનાલાલ-સુન્દરમ્-ઉમાશંકર	350
8. અંગત	140
નરસિંહથી ન્હાનાલાલ	250
સાહિત્યચર્યા	280

અનંતરાય રાવળ

ગુજરાતી સાહિત્ય : મધ્યકાલીન	270
સાહિત્યનિકષ	17

સ્વામી સચ્ચિદાનંદ

ભર્તૃહરિનાં બે શતકો	170
મુનશી પ્રેમચંદજીનો પુનરાવતાર	150

ચિમનલાલ ત્રિવેદી

ભાવચર્યા (પુરસ્કૃત)	170
ભાવરેખા (પુરસ્કૃત)	100
પિંગલદર્શન (છંદ વિશે)	75

જયંત કોઠારી

એકાંકી અને ગુજરાતી એકાંકી	270
નિબંધ અને ગુજરાતી નિબંધ	350
ટૂંકી વાર્તા અને ગુજરાતી ટૂંકી વાર્તા	400
નરસિંહ મહેતાનાં પદો : નવા પરિપ્રેક્ષ્યમાં	65
મેઘાણી વિવેચનાસંદોહ ભા. 1-2	900
વ્યાપન	85
નવલલોકમાં	100
ભારતીય કાવ્યસિદ્ધાંત (ન.રા. સાથે)	150
જયવંતસૂરિની છ કાવ્યકૃતિઓ	80

દર્શના ધોળકિયા

આઠે પહોર આનંદ રે...	125
નરસિંહ ચરિત્રવિમર્શ	300

ડૉ. ધીરુભાઈ ઠાકર

અર્વાચીન ગુજ. સાહિત્યની વિકાસરેખા	
ભાગ 1 મધ્યકાળ	110
ભાગ 2 સુધારકયુગ	130
ભાગ 3 સાક્ષરયુગ	250
ભાગ 4 ગાંધીયુગ અને અનુગાંધીયુગ	400
ભાગ 5 આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો	360
શબ્દ અને સંસ્કૃતિ	100
નાટ્યકળા	50

ધીરેન્દ્ર મહેતા

નંદશંકરથી ઉમાશંકર	250
દર્શક અને બીજા વિશે	180
કથા, તું બહુરૂપિણી !	240

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001
■ ફોન : 22144663, 22149660 ફેક્સ : *22144663*
■ ઇ-મેઇલ : *goorjar@yahoo.com*

ગૂર્જર સાહિત્ય પ્રકાશન : 102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15.
ફોન : 26934340, મો. 9825268759 ઇમેલ : gurjarprakashan@gmail.com

રંગદ્વાર પ્રકાશન

G-15, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં, નવરંગપુરા,અમદાવાદ-380009

ફોન નંબર : 079-27913344, વેબ સાઇટ : http://www.rangdwar.com

નવલકથા

લાગણી	રઘુવીર ચૌધરી	100
ઉપરવાસ કથાત્રયીનો સેટ	રઘુવીર ચૌધરી	700
ઇચ્છાવર	રઘુવીર ચૌધરી	150
થોમાકાકાની ખોલી (Uncle Tom's Cabinનો અનુવાદ)	અનુ. રેમંડ પરમાર	350
વચલું ફળિયું	રઘુવીર ચૌધરી	180
વેણુ વત્સલા	રઘુવીર ચૌધરી	150
વિહંગા	રાધિકા પટેલ	140
ગોકુળ, મથુરા, દ્વારકાનો સેટ	રઘુવીર ચૌધરી	520
અમૃતા	રઘુવીર ચૌધરી	250
બદલાતી મોસમ	રક્ષા દેસાઈ	180
વિજય બાહુબલી	રઘુવીર ચૌધરી	120
લોકલીલા	રઘુવીર ચૌધરી	160
એક મુઠ્ઠી આસમાન (The Great Expectationનો અનુવાદ)	અનુ. રેમંડ પરમાર	200
સોમતીર્થ	રઘુવીર ચૌધરી	200
આવરણ	રઘુવીર ચૌધરી	150
આજની ઘડી તે...	કંદર્પ ર. દેસાઈ	160
અંતર	રઘુવીર ચૌધરી	120
કોતરની ધાર પર, ડહેલું	કાનજી પટેલ	90
મનનું માણસ લે. સુનીલ ગંગોપાધ્યાય	અનુ. પ્રીતિ સેનગુપ્તા	100

રન્નાદે પ્રકાશન
૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

નવલિકા-વાર્તાસંગ્રહો

<u>અન્ય લેખકોનાં વાર્તાસંગ્રહો</u>

પુસ્તકનું નામ	લેખકનું નામ	કિંમત રૂ.
ઉષ્ટ્રાખ્યાન (ટૂંકી વાર્તાઓ)	રમેશ ત્રિવેદી	૧૨૫.૦૦
અનંત એકાંત (વાર્તાસંગ્રહ)	અશોક જાની	૧૬૦.૦૦
પૃથ્વી પહેલાનું અંધારું (વાર્તાસંગ્રહ)	સતીષ વૈષ્ણવ	૨૧૫.૦૦
લોહીનાં આંસું (વાર્તાસંગ્રહ)	ફાધર વર્ગીસ પોલ	૮૫.૦૦
ઊઘડતું આકાશ (વાર્તાસંગ્રહ)	ઇન્દુ રાવ	૧૫૦.૦૦
રણખજૂરીની છાયામાં (વાર્તાસંગ્રહ)	મોહનલાલ પટેલ	૧૯૫.૦૦
બંધ બારણા (વાર્તાસંગ્રહ)	ઘનશ્યામ દેસાઈ	૧૩૦.૦૦
ક્ષણોનું આલ્બમ (વાર્તાસંગ્રહ)	વીણાબહેન ઉપાધ્યાય	૯૦.૦૦
આરસીમાં પ્રતિબિંબ (વાર્તાસંગ્રહ)	જયંતિ એમ. દલાલ	૧૩૦.૦૦
બારી (વાર્તાસંગ્રહ)	ફિલિપ ક્લાર્ક	૮૦.૦૦
નકશીદાર નવલિકાઓ (વાર્તાસંગ્રહ)	યોસેફ મેકવાન	૧૧૦.૦૦
મારે કંઈક કહેવું છે (વાર્તાસંગ્રહ)	ઈન્દુબહેન મહેતા	૧૪૦.૦૦
પછીતના પથ્થરો (વાર્તાસંગ્રહ)	હસુ યાજ્ઞિક	૧૩૫.૦૦
આગાહી (વાર્તાસંગ્રહ)	કેશુભાઈ દેસાઈ	૧૨૦.૦૦
પ્રેમતીર્થ (વાર્તાસંગ્રહ)	વિક્રમસિંહ પરમાર	૬૦.૦૦
શ્વેતરંગ સમીપે ન જાવું (હાસ્ય વાર્તાસંગ્રહ)	ખોડભાઈ પટેલ	૧૦૫.૦૦
પાનખરમાં વસંત (સંવેદનકથા)	ડૉ. પ્રદીપ પંડ્યા	૭૦.૦૦

પુસ્તકનું નામ	લેખકનું નામ	કિંમત રૂ.
પોતાનું નામ (વાર્તાસંગ્રહ)	સુવર્ણા	૧૪૫.૦૦
ક્ષણનો ઝરૂખો (વાર્તાસંગ્રહ)	ભગીરથ બ્રહ્મભટ્ટ	૧૪૫.૦૦
લુકિંગ ગ્લાસ (વાર્તાસંગ્રહ)	મુકુન્દ પરીખ	૫૦.૦૦
આમ અમસ્તા બેસવું (વાર્તાસંગ્રહ)	રોહિત પંડ્યા	૬૫.૦૦
હેપ્પી ક્રિસમસ એલી (વાર્તાસંગ્રહ)	મનીષ મેકવાન	૯૦.૦૦
ચુમ્માકા બદલા (વાર્તાસંગ્રહ)	ખોડભાઈ પટેલ	૯૫.૦૦
ટાંકણીનો છોડ (વાર્તાસંગ્રહ)	મનીષી જાની	૬૦.૦૦
એક પળ (વાર્તાસંગ્રહ)	તરુલતા દવે	૪૦.૦૦
દશ નારીચરિત (વાર્તાસંગ્રહ)	રઘુવીર ચૌધરી	૯૫.૦૦
વહેતું આકાશ (વાર્તાસંગ્રહ)	મહેશ દવે	૬૫.૦૦
કોમનમૅન (વાર્તાસંગ્રહ)	હસમુખ પટેલ	૯૦.૦૦
પરાયા મુલકમાં (વાર્તાસંગ્રહ)	અનુ. વિજય શાસ્ત્રી/ સૌ. દીપ્તિ શાસ્ત્રી	૮૫.૦૦
આંખ આડે પાંપણ (વાર્તાસંગ્રહ) (એજન્સી)	પ્રવીણ પટેલ	૮૦.૦૦
રેત પર લખાયેલા અક્ષરો (ટૂંકી વાર્તાઓ) (એજન્સી)	રેખા સરવૈયા	૭૦.૦૦
કથાનગરી (વાર્તાસંગ્રહ) (એજન્સી)	ફૂલચંદ માનવ, અનુ. આકાશ પટેલ	૮૦.૦૦
સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ટૂંકીવાર્તા (ટૂંકી વાર્તાસંગ્રહ) (એજન્સી)	સોમાભાઈ પટેલ	૩૧.૦૦
ચુકાદો (લઘુકથાસંગ્રહ) (એજન્સી)	મહેશ 'સ્પર્શ'	૫૦.૦૦

મિલ્ટનને ‘પેરેડાઈઝ લૉસ્ટ’ માટે બધું થઈને ફક્ત દસ પાઉન્ડ મળેલા અને માર્ક પેટિસને કહેલું : ‘આ તો વધારે સારું થયું. આ કૃતિની લીટી દીઠ એક પાઉન્ડ મળેલો એમ માનવા કરતાં અંગ્રેજી કવિતાની આ મહાન કૃતિની પૈસામાં કોઈ કિંમત નહોતી એમ માનવું વધુ સારું છે.’

— એન. એ. પાલખીવાળા

દ્રવ્યલાભ, કીર્તિલાભ ઉપરાંત સાહિત્યક્ષેત્રનું મહત્ત્વપૂર્ણ પ્રેરક બળ છે આત્મસંતૃપ્તિ. નિજાનંદનો રસભર કુંભ અન્યજનોને પાવાની લાગણી હશે તો અનુભવમાંથી વાણીની અમૃતધારા છૂટશે. એકાદ ગ્રંથ-વિવેચન પણ આત્મપ્રસન્નતા આપશે.

— ઝવેરચંદ મેઘાણી

સન્માનમાં પણ વ્યક્તિના સર્જનકાર્યની સામાજિક સ્વરૂપે પ્રતિષ્ઠા થતી હોય છે. સર્જનપ્રવૃત્તિની પ્રશંસારૂપ સામાજિક સ્વીકૃતિ થાય તેથી સફળતા કરતાંય વધારે તો કંઈક સાર્થકતાનો સંતોષ જરૂર થાય છે.

— શિવકુમાર જોષી

કેટલાક કવિઓ શ્રીમંતોના અને રાજા-મહારાજાઓનાં વખાણ કરનારી કવિતાઓ રચીને આજીવિકા ચલાવતા હોય છે. જે લોકો સરસ્વતીને વેચવાનો ધંધો કરતા હોય છે, તેઓ કવિ હોય કે લેખક હોય તેમની રચના અમર થતી નથી હોતી. રાજા મરતાની સાથે જ તેમની કવિતા પણ મરી જતી હોય છે; પણ જે લોકો સરસ્વતીને વેચવાનો ધંધો નથી કરતા પણ પોતાના પગનો અંગૂઠો ચૂસીને અર્થાત્ ઘોર ગરીબીમાં જીવન વ્યતીત કરીને પણ સરસ્વતીની આરાધના કરતા હોય છે. તેમના ઉપર સરસ્વતી હજાર હાથે ખીલી ઊઠે છે. તેમનું રચાયેલું ગદ્ય અથવા પદ્ય અમર થઈ જતું હોય છે. પણ આવા વિરલા બહુ થોડા પેદા થતા હોય છે. મોટું ટોળું તો દરબારીઓની સાથે વાહવાહ કરનારું હોય છે.

— સ્વામી સચ્ચિદાનંદ

: સ્થાનસમર્પિત :

ડૉ. અરુણ જે. કક્કડ

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણી કૉલેજ, વિસાવદર

આજના કળિયુગને ગઝલમાં રજૂ કરતો
ૐ ગુરુનો ગઝલસંગ્રહ
'ૐ ગુરુનો શબ્દનાદ'



ૐ ગુરુ દ્વારા લખાયેલ અન્ય પુસ્તકો

- ૐગુરુએ પ્રિય મિત્ર ગુલમહોર, ૐગુરુનો શંખનાદ જેવા અછાંદસ કાવ્યસંગ્રહનાં પુસ્તકો તેમજ કણ કણમાં ૐકાર જેવો ગઝલસંગ્રહ લખ્યો છે.
- (અંતરદ્વીપ બન્યાં મોતી, અમૂલ્ય હાઇકુમાલા) જેમાં ૐગુરુએ હાઇકુઓનો સંગ્રહ આપ્યો છે.
- નવજીવન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત સરદાર, મૅનેજમેન્ટ ગુરુ મહાત્મા ગાંધી, રાષ્ટ્રપતિ જેવા વ્યક્તિત્વના જીવનને સમજાવતાં પુસ્તકો લખ્યાં છે.
- આત્મખોજના પથ પર, સ્વતંત્ર આકાશને ભેદતું આઝાદ પંખી, સ્વભાવસંહિતા, હું અને સૉક્રેટિસ જેવાં આધ્યાત્મિક પુસ્તકો પણ ૐગુરુનાં પ્રકાશિત થઈ ચૂક્યાં છે.

સંપર્કસૂત્ર

ૐગુરુ

૦૦૧, આંગી ફ્લૅટ, નવા વિકાસગૃહ રોડ, અન્નપૂર્ણા હૉલ સામે,
નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ. (મો.) ૯૮૯૮૯૮૩૪૬૫

ગ્રંથવિહાર

ગુજરાતી સાહિત્ય પરિષદ

‘ટાઈમ્સ’ પાછળ, નદીકિનારે, આશ્રમરોડ, અમદાવાદ-380009
ફોન : (079) 26587949; (મો.) 9898762263

ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રકાશનો

અમે બોલીઓ છીએ (2009)	શાંતિલાલ આચાર્ય	રૂ.	300
અનાર્યનાં અડપલાં અને બીજા લેખો (2007)	જ. એ. સંજાણા	રૂ.	130
આત્માની માતૃભાષા (2011)	સં. યોગેશ જોષી	રૂ.	250
ભાષાશાસ્ત્રની કેડીએ (2001)	ઊર્મિ દેસાઈ	રૂ.	175
ભાષાવિમર્શ લેખસંચય (2011)	સં. હર્ષવદન ત્રિવેદી	રૂ.	140
ભોગીભાઈ ગાંધી જન્મશતાબ્દી ગ્રંથ (2016)	સં. પ્રકાશ ન. શાહ	રૂ.	525
ધ્વન્યાલોક : આનંદવર્ધનનો ધ્વનિવિચાર (2004)	નગીનદાસ પારેખ	રૂ.	220
ગદ્યસંચય 1-2 (1982)	સં. ઉપેન્દ્ર પંડ્યા	રૂ.	30+32
ગુજરાતી સાહિત્યનો દસમો દાયકો (2003)	સં. ભોળાભાઈ પટેલ	રૂ.	90
જ્ઞાનસત્ર વ્યાખ્યાનો : માંડવી 2006 (2009)	સં. પ્રફુલ્લ રાવલ	રૂ.	150
જયંતી દલાલ અધ્યયનગ્રંથ (1986)	સં. રઘુવીર ચૌધરી	રૂ.	50
જગભેરુ જયંતી દલાલ (1986)	સં. રઘુવીર ચૌધરી	રૂ.	40
મધ્યકાલીન કાવ્યશાસ્ત્ર (2012)	ધીરુ પરીખ	રૂ.	100
મધ્યકાલીન ગુજરાતી કવિતામાં વેદાન્ત	નર્મદા રાવલ	રૂ.	320
નિરંજન ભગત (૨૦૧૯)	સં. પ્રફુલ્લ રાવલ	રૂ.	220
પન્નાલાલની વાર્તાસૃષ્ટિમાં (2012)	સં. પારુલ દેસાઈ	રૂ.	150
પ્રેમાનંદનું ભાષાકર્મ (2016)	ચંદ્રકાન્ત શેઠ	રૂ.	275
રણજિતરામ ગદ્યસંચય : 1-2 (1982)	રણજિતરામ વાવાભાઈ મહેતા	રૂ.	40+45
રવીન્દ્ર સંચયિતા (2012)	સં. અનિલા દલાલ	રૂ.	460
રવીન્દ્ર વિવેચન (2012)	સં. નિરંજન ભગત	રૂ.	200
સંસ્કૃતિ સંદર્ભ (2006)	સં. રઘુવીર ચૌધરી	રૂ.	250
સાહિત્યમાં દરિયો (2013)	સં. પ્રફુલ્લ રાવલ	રૂ.	275
સદીનું સરવૈયું (1983)	સં. રઘુવીર ચૌધરી	રૂ.	13
શેક્સપિયર (1997)	સંતપ્રસાદ ભટ્ટ	રૂ.	150

શ્રેષ્ઠ સુન્દરમ્ (2015)	સં. સુધા પંડ્યા	રૂ.	400
સ્વકીય : દલિત સાહિત્ય સંકલન (2012)	સં. દલપત ચૌહાણ	રૂ.	250
થિયેટર નામે ઘટના (2006)	હસમુખ બારાડી	રૂ.	120
વિદ્યાબહેન નીલકંઠ : ગુજરાતના નારીચેતનાનાં અગ્રેસર (2015) સં. સુકુમાર પરીખ			600
વિષ્ણુદાસ-રચિત ચંદ્રહાસ-આખ્યાન	સં. રમણ સોની	રૂ.	250
સાયુજ્ય (હસમુખ પાઠકની સમગ્ર રચનાઓ)	હસમુખ પાઠક (2018)	રૂ.	500
વિવેચક ઉમાશંકર (2003)	ચન્દ્રકાન્ત ટોપીવાળા	રૂ.	30
ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ 1 થી 8			
ગ્રંથ 1 (ઈ. 1150-1450) પ્રાચીનકાળ		રૂ.	210
ગ્રંથ 2 / ખંડ-1 (ઈ. 1450-1650) મધ્યકાળ		રૂ.	280
ગ્રંથ 2 / ખંડ-2 (ઈ. 1650-1850) મધ્યકાળ		રૂ.	250
ગ્રંથ 3 (દલપતરામથી કલાપી)		રૂ.	500
ગ્રંથ 4 (ન્હાનાલાલથી મેઘાણી)		રૂ.	550
ગ્રંથ 5 (1895-1935) ગાંધીયુગીન-અનુગાંધીયુગીન કાવ્યો		રૂ.	425
ગ્રંથ 6 (1895-1935) ગાંધીયુગીન-અનુગાંધીયુગીન ગદ્યસર્જકો		રૂ.	425
ગ્રંથ 7 (ઈ. 1910-1935) સ્વાતંત્ર્યોત્તર યુગ-1		રૂ.	415
ગ્રંથ 8/ખંડ-1 (1936-1950) સ્વાતંત્ર્યોત્તર યુગ-2		રૂ.	560
ગ્રંથ 8/ખંડ-2 (1936-1950) સ્વાતંત્ર્યોત્તર યુગ-2		રૂ.	620
ગુજરાતી સાહિત્યકોશ : ખંડ-1 : મધ્યકાળ (1989)	સં. જયંત કોઠારી	રૂ.	400
ગુજરાતી લેખક સૂચિ : 1900 થી 2008 (2009)	સં. દીપ્તિ શાહ	રૂ.	90
મધ્યકાલીન કૃતિસૂચિ (2004)	સં. કીર્તિદા શાહ	રૂ.	240
પરબ સૂચિ (2007)	સં. ઇતુબાઈ કુરકુટિયા	રૂ.	260
સાહિત્યિક લેખસૂચિ : 2006-2010 (2011)	સં. કિશોર વ્યાસ	રૂ.	200
વિશિષ્ટ સાહિત્યિક સંજ્ઞાકોશ 2003	ચન્દ્રકાન્ત ટોપીવાળા	રૂ.	35
ભીલી-ગુજરાતી શબ્દકોશ (2006)	શાંતિભાઈ આચાર્ય	રૂ.	55

0 બ. ક. ઠાકોર
0 અજ્ઞેય
0 બસવેશ્વર
0 ધૂમકેતુ
0 હજારીપ્રસાદ દ્વિવેદી
0 નામ્મલવર
0 મણિલાલ દ્વિવેદી
0 ફણીશ્વરનાથ રેણુ
0 તુકારામ
0 રમણભાઈ નીલકંઠ

દસ પુસ્તિકા : દરેકની કિંમત રૂ. 35

વચનપાલન અને શીલપાલન :
આ બન્નેમાં દઢતા લાવો

વચનપાલન અને શીલપાલન : આ બન્ને તત્ત્વોમાં આજે ચોતરફ નિર્બળતાનાં દર્શન થઈ રહ્યાં છે ! આવું અચાનક તો ન બને; તો વિવેકનો આવો અભાવ કેમ ? આનો જવાબ છે :

નિત્ય પ્રભાતે ઊઠીને માતાને પ્રણામ કરવાથી શીલપાલનનું બળ મળે છે અને પિતાને પ્રણામ કરવાથી શક્તિ પ્રગટે છે.

પ્રણામ કરવાથી તેઓના ઉપકારના સ્વીકાર સાથે 'કૃતજ્ઞતા' નામનો ઉત્તમ ગુણ પ્રગટે છે – પોષાય છે. નમ્રતા, નિરભિમાનતા વગેરે ગુણો પણ એ રીતે ક્રમશઃ પ્રાપ્ત થાય છે. ચક્રવર્તી ભરત રાજા જેવા માનવમાં દેવ સમા ગણાય; તેવા મહારાજા પણ મરુદેવા માતાને નિત્ય પ્રણામ કરતા હતા.

આપણે પણ આપણા જીવનમાં ભક્તિ અને શુદ્ધિ ખીલવવા માટે આ કર્તવ્ય રોજ કરવું જ જોઈએ. (અંક : ૭૯)

સેવો ઉત્તમને સદા યદિ ચાહો ઉત્કર્ષ પોતા તણો

આગ્રહશક્તિ એ જીવનને દિશા દેનારી શક્તિ છે.

તમે આ વાત તો સાંભળી જ હશે કે વનના રાજા સિંહ માટે કહેવાય છે :

'મરે ભૂખે ભાવે મૃગપતિ કદા તૃણ ન ચરે.'

સિંહ ગમે તેવો ભૂખ્યો હોય તોય ઘાસમાં મોં ન ધરે. આ એની કુલવટ છે. વિશ્વ ઉત્તમ તત્ત્વોથી વાંઝિયું નથી હોતું. હા, તેની સંખ્યામાં વધ-ઘટ થતી રહે છે. નહીંતર ઉત્તમની સાથે જ જન્મારો જાય છતાં તેને ઓળખી ન શકે. બહુલતા એ લોકોનેય પરપ્રત્યયનેયબુદ્ધિ હોય છે. બીજાના અભિપ્રાય ઉપર વજન દેનારા હોય છે. આપણે એવી ટેવ પાડી દઈએ કે ઉત્તમ સિવાયનું કશું ન ભાવે. જે શ્રેષ્ઠ હોય, ગુણવત્તામાં આગળ હોય તેના ઉપર જ પસંદગી ઊતરે. અવેજી ન ચાલે; વિકલ્પ ન ચાલે. જો ઉત્તમની જ શોધ હોય તો વહેલું-મોડું તે મળે જ મળે. (અંક : ૬૯)

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યુટર • અમદાવાદ

સ્પૃહા ભાર છે, તે ઉતારો હળવાશ છે

મનને કોઈ પણ, ચાહે લોખંડના, ચાંદીના કે સોનાના પિંજરે પૂરનાર સ્પૃહા છે. પછી તે સત્ વિષયક હોય કે અસત્ વિષયક.

સ્પૃહા કરી કે પુણ્ય ઓછું પડ્યું. તે મેળવવા, આંબવા પનો ટૂંકો પડ્યો.

મનની વિચિત્ર ખાસિયત છે : જે ન મળે તેને જ મેળવવા મથ્યું રહે. તે નિષ્ફળતાના કારણરૂપ પુણ્યની ખામી જુએ તો જ પુણ્ય-સંપત્તિ વધારવા તરફ તે વિચારે. પણ… वो दिन कब ? તે તો તેને હાંસલ કરવા જ લાગ્યો રહે.

તો, એવી સ્પૃહાનો ભાર લઈને જીવવાને બદલે હળવું જીવન જીવવા માટે કવિ ઉમાશંકરનું એક સૂત્ર ગાંઠે બાંધવા જેવું છે :

‘જે જે થતો પ્રાપ્ત ઉપાધિ યોગ,
બની રહો તે જ સમાધિ યોગ.’

સહજતાથી જીવવું – સારા સંકેતો મળે તો તે તરફ જીવન વાળવું. પ્રત્યેક સંકેતમાં ઈશ્વરની લિપિ જોવી. તેને ઉકેલવાની કોશિશ કરવી. આપણું જીવનકાર્ય શું હોય તેની આપણને ખબર ન હોય તેમ બને, પરંતુ ‘એને’ ખબર છે. તે જે રીતે જીવન દોરે તેની વચ્ચે દખલગીરી ન કરીએ અને ‘તેના’ દોરવાયા દોરવાઈએ. તેના ઈશારાને સમજવા ભરપૂર મહેનત કરીએ. એ સમજાય તો તે તરફ વળીએ. કાંઈક નક્કર મેળવ્યાના અહેસાસ સાથે જિંદગીની ચોપડીના બીજા પૂંઠાને પણ બંધ કરીએ. કો’ક તેને માથે મૂકશે એ શ્રદ્ધા રાખવી ગમે છે એ માટે.

મનને સમજાવવું પડે છે કે સ્પૃહા ન રાખો. પુણ્ય પ્રમાણે સામેથી જ આવશે. જાણો છો ? એના ઉપર આપણું નામ કોતરાયું છે ! બીજું કોઈ એની માલિકી નહીં કરે. મળશે, આપણને જ મળશે. – પણ તેના સમયે અને આપણા કિસ્મત પ્રમાણે.

ભરોસો રાખજો અને તૈયાર રહેજો.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

❄

સ્થાનસમર્પિત

નિમેષભાઈ ડગલી

એમ. બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

૧.	પલ્લવિતા	૧૯૯૫	૮+૩૫૬	રૂ. ૧૬૦
૨.	મહાનદ	૧૯૯૫	૭+૧૯૩	રૂ. ૮૦
૩.	પ્રભુ-પદ	૧૯૯૭	૧૩+૪૪૧	રૂ. ૨૨૫
૪.	અગમ નિગમા	૧૯૯૭	૧૧+૨૯૨	રૂ. ૧૫૦
૫.	પ્રિયાંકા	૧૯૯૭	૧૧+૩૬૭	રૂ. ૧૫૦
૬.	નિત્યશ્લોક	૧૯૯૭	૧૨+૧૮૮	રૂ. ૧૦૦
૭.	નયા પૈસા	૧૯૯૮	૧૩+૩૩૩	રૂ. ૧૭૫
૮.	વરદા	૧૯૯૮	૧૯+૫૨૯	રૂ. ૨૫૦
૯.	ચક્રદૂત	૧૯૯૯	૯+૨૫૯	રૂ. ૧૨૫
૧૦.	લોકલીલા	૨૦૦૦	૧૩+૨૫૨	રૂ. ૧૦૦
૧૧.	દક્ષિણા-૧	૨૦૦૨	૧૭+૩૨૩	રૂ. ૫૦
૧૨.	મનની મર્મર	૨૦૦૩	૧૦+૩૮૭	રૂ. ૫૦
૧૩.	ધ્રુવયાત્રા	૨૦૦૩	૧૨+૩૪૫	રૂ. ૫૦
૧૪.	ધ્રુવચિત્ત	૨૦૦૪	૧૭+૨૭૪	રૂ. ૫૦
૧૫.	ધ્રુવપદે	૨૦૦૪	૧૧+૨૫૩	રૂ. ૫૦
૧૬.	શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧	૨૦૦૫	૧૬+૩૨૦	રૂ. ૨૦૦
૧૭.	શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨	૨૦૦૫	૧૬+૩૭૦	રૂ. ૨૦૦
૧૮.	શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩	૨૦૦૬	૩૨+૩૧૭	રૂ. ૨૫૦
૧૯.	મંગળા-માંગલિકા	૨૦૦૭	૨૮+૨૩૮	રૂ. ૧૫૦
૨૦.	તું ક્યાં... હું ક્યાં !?	૨૦૦૮	૨૮+૩૦૫	રૂ. ૨૫૦
૨૧.	સ્વાગતમ્ ગીતવાહીને	૨૦૦૯	૧૬+૨૦૭	રૂ. ૧૫૦
૨૨.	‘સાવિત્રી’ના કાવ્યખંડો	૧૯૯૫	૨૪+૪૭૩	રૂ. ૩૦૦
	(અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી. મૂળ અંગ્રેજી સાથે)			
૨૩.	દક્ષિણા-૨	૨૦૦૨	૧૮+૬૭૬	રૂ. ૫૦
	(અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poemsમાંથી. મૂળ અંગ્રેજી સાથે)			

આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :

૧. ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૫
(૧૮૯૫-૧૯૩૫) ગાંધીયુગીન-અનુગાંધીયુગીન કવિઓ
સંપાદક : રમેશ ર. દવે
સંપાદન સહાય : પારુલ દેસાઈ
પાકું પૂઠું, પૃ. ૧૪+૪૯૪, કિંમત રૂ. ૪૨૫/-

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૬
(ઈ. ૧૮૯૫-૧૯૩૫)
ગાંધીયુગીન-અનુગાંધીયુગીન ગદ્યસર્જકો
સંપાદક : રમેશ ર. દવે
પાકું પૂઠું, પૃ. ૧૮+૭૩૪, કિંમત ૪૨૫/-





ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૭
(ઈ. ૧૯૧૦-૧૯૩૫) સ્વાતંત્ર્યોત્તર યુગ-૧
સંપાદક : રમેશ ર. દવે, પારુલ કંદર્પ દેસાઈ
પાકું પૂઠું, પૃ. ૬૩૨, કિંમત રૂ. ૪૧૫/-

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૮ / ખંડ-૧
(ઈ. ૧૯૩૬થી ૧૯૫૦) સ્વાતંત્ર્યોત્તર યુગ-૨
સં. પારુલ કંદર્પ દેસાઈ પાકું પૂંઠું, પૃ. ૪૫૬, કિં. રૂ. ૫૬૦/-
'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના આ આઠમા ભાગમાં ૧૯૩૬થી ૧૯૫૦ સુધીના સમયગાળાનાં કવિઓ, નાટ્યકારો, નિબંધકારો અને બાળસાહિત્યકારોનો સમાવેશ થયો છે. અનેક વિદ્વાનોના સહયોગથી તૈયાર થયેલો આ માતબર ઇતિહાસગ્રંથ વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.





ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૮ / ખંડ-૨
(ઈ. ૧૯૩૬થી ૧૯૫૦) સ્વાતંત્ર્યોત્તર યુગ-૨
સં. પારુલ કંદર્પ દેસાઈ પાકું પૂઠું, ૪૮૬, કિં. રૂ. ૬૨૦/-
'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના આ આઠમા ભાગમાં ૧૯૩૬થી ૧૯૫૦ સુધીના સમયગાળાનાં નવલકથાકારો, વાર્તાકારો, ચરિત્રકારો, અનુવાદકો, વિવેચકો, સંશોધકો અને સંપાદકોનો સમાવેશ થયો છે. અનેક વિદ્વાનોના સહયોગથી તૈયાર થયેલો આ માતબર ઇતિહાસગ્રંથ વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.

PARAB 2020 October
RNI No. GUJGUJ/2006/17273
Regd. under Postal Registration No.
GAMC-306/2018-2020 valid upto 31-12-2020
Posted at Ahd. PSO on 10th of every month SSP Ah'd
ISSN : 0250-9747